




# સરલ સંસ્કૃત (આદિ) રચનાઓ

: રચયિતા :


શાસન સમ્રાટ, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય

આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.


પ્રકાશક : શ્રી. ક.વી.ઓ. જૈન સંઘ – અંબરનાથ (વર્ષ ૨૦૧૭ ચાતુર્માસ)



શ્રી વાસુપૂજ્ય સ્વામી



શ્રી શાંતિનાથ સ્વામી



શ્રી મુનિસુવ્રત સ્વામી

# શ્રી ક.વી.ઓ. જૈન સંઘ - અંબરનાથમાં ચાતુર્માસ ચમકારા

## પ્રકાશકીય

૧. મહામહિમ શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી વાસુપૂજ્યસ્વામી તથા શ્રી શાંતિનાથ પ્રભુજીના ત્રિશિખરી નવ્ય જિનાલયની ભવ્ય અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ બાદ પ્રથમવાર શાસન સમ્રાટ, અમારા સંઘના પ્રેરક - સ્થાપક, અનંત ઉપકારી અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વવજી મ.સા.ના શિષ્ય, ૪૫ આગમ અભ્યાસી, પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા તેમના તપસ્વી શિષ્ય-પ્રશિષ્યો મુનિવર શ્રી ધર્મરત્નસાગરજી (૫૩મી ઓળી), મુનિરાજ શ્રી અભ્યુદયસાગરજી (૫૪મી ઓળી), મુનિરાજ શ્રી તત્ત્વરક્ષિતસાગરજી (૬૫+૬૬+૬૭+૬૮ મી ઓળી), મુનિરાજ શ્રી મેઘરક્ષિતસાગરજી (૨૭મી ઓળી) તથા મુનિરાજ શ્રી ચૈત્યરક્ષિતસાગરજી (૨૯મી ઓળી) ઠા. ૬ ના ચાતુર્માસનો દુર્લભ લાભ અમારા શ્રી સંઘને મળતાં આબાલવૃધ્ધ સહુના હૈયા હર્ષના હિલોળે ચઢ્યા.

૨. પૂજ્યશ્રીની સૂરિપદવી ચાલુ વર્ષે પાલિતાણા - ગુણોદયપુરમાં તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના વરદ હસ્તે મહા સુદિ૩ના થયા બાદ પ્રથમ ચાતુર્માસ અને તેમાં પણ વળી સૂરિમંત્રની પાંચેય પીઠિકાની આરાધના-સાધનાનો દુર્લભતમ લાભ અમારા શ્રી સંઘને મળ્યો.

૩. અંજન પ્રતિષ્ઠા મહોત્સવ તથા સૂરિમંત્ર પંચ પ્રસ્થાનની આરાધના નિમિત્તે લગભગ સળંગ ૬ મહિના સુધી પૂજ્યશ્રી સપરિવારની સેવા-ભક્તિ તથા સત્સંગનો અણમોલ લાભ અમારા શ્રી સંઘને મળ્યો.

૪. ચાતુર્માસના મુખ્ય દાતા માતુશ્રી લક્ષ્મીબેન જીવરાજ ગોવર નાગડા (નરેડી) તથા શ્રીમતી અમૃતબેન દામજી તેજપાર દેઢિઆ (ગઢશીશા) સહિત કુલ ૨૪ જેટલા સંઘપતિઓએ પ્રતિષ્ઠા મહોત્સવ

દરમ્યાન માત્ર અર્ધા કલાકમાં જ પોતાના નામ સહર્ષ નોંધાવી ઉલ્લાસભેર મહાન લાભ લીધો.

૫. સંઘપ્રમુખ જયંતિલાલભાઈ નાગડા, ટ્રસ્ટીઓ ખીમજીભાઈ રાંભિયા, દિનેશભાઈ નાગડા, ભાવેશભાઈ દેઢિઆ, વિધિકાર ચિરાગભાઈ સંગોઈ, નેપાળી યુવક તુલારામ, ગજરાજભાઈ મોચી તથા ટીનએજર બાળકો હર્ષકુમાર અરવિંદભાઈ, કુણાલકુમાર નાગડા સહિત ૫૦ જેટલા શ્રાવકોએ પૂજ્યોના વરદ હસ્તે સ્વેચ્છાએ સહર્ષ કેશલોચ કરાવી વિપુલ કર્મનિર્જરા સાધી.

૬. ૫૪ જેટલા ભાગ્યશાળીઓએ પૂજ્યશ્રીના શ્રીમુખે નાણ સમક્ષ વિધિપૂર્વક બ્રહ્મચર્ય વ્રત તથા અનેક શ્રાવક–શ્રાવિકાઓએ શ્રાવકના ૧૨ વ્રત આદિનો વિધિપૂર્વક સ્વીકાર કર્યો. તેનાથી પૂર્વે ૧૫ દિવસ સુધી પૂજ્યશ્રીએ ૧૨ વ્રત અંગે વ્યાખ્યાનમાં વિશદ છણાવટ કરી હતી.

૭. અમારા શ્રી સંઘમાં વર્ષોથી નિયમિત રીતે બારે માસ ભક્તામર સ્તોત્ર તથા ૯ સ્મરણનો સ્વાધ્યાય ચાલુ હોવાથી પૂજ્યશ્રીએ પર્યુષણ સુધી વ્યાખ્યાનમાં ભક્તામર સ્તોત્રની પ્રત્યેક પંક્તિ તથા શબ્દોની ઉપર તથા ચરિત્રાધિકારે ભરહેસર બાહુબલિ સજ્ઝાયના કેટલાક મહાપુરૂષો તથા મહાસતીઓના જીવન પ્રસંગો ઉપર પ્રેરક પ્રકાશ પાડ્યો હતો.

૮. પૂજ્યશ્રીના સૂરિમંત્ર પ્રસ્થાનની આરાધનામાં બળ મળે એ હેતુથી સંઘમાં પણ ગૌતમલબ્ધિ તપમાં ૮૦ જેટલા તપસ્વીઓ જોડાયા હતા.

૯. આ ઉપરાંત પર્યુષણમાં ૮ થી ૩૫ ઉપવાસ, ૬૪ પ્રહરી પૌષધ, વર્ધમાન તપના સમૂહ પાયા, નવપદની આયંબિલ ઓળી, વર્ધમાન તપની ઓળી, સમૂહ અઠ્ઠમ તપ, વિગેરે વિવિધ તપોમાં પણ વિક્રમી સંખ્યામાં તપસ્વીઓ જોડાયા હતા.

૧૦. પર્યુષણ બાદ ૧૦૦ જેટલા સંઘોના ચૈત્યપરિપાટી રૂપે અમારા શ્રી સંઘમાં પગલા થયા અને સંઘભક્તિનો અમને સુંદર લાભ મળ્યો.

૧૧. અનેક આત્માઓએ નિખાલસતાથી 'ભવ આલોચના' કરવા દ્વારા પોતાના આત્માને હળુકર્મી બનાવ્યો.

૧૨. અમારા ૪ માળાના 'ગુણશતાબ્દી ભવન'ના ૪થા માળનો સૂરિમંત્ર પંચ પ્રસ્થાનની સાધના માટે સારામાં સારો સદુપયોગ થયો.

૧૩. અન્ય સંઘોના આરાધકોએ પણ પ.પૂ.આચાર્ય ભગવંતની નિશ્રામાં ૫૧ દિવસ સુધી સળંગ આયંબિલ અથવા ગૌતમ લબ્ધિ તપમાં જોડાઇને પૂજ્યશ્રીની વાણી શ્રવણ આદિનો સુંદર લાભ લીધો.

૧૪. દીવાળી વેકેશનમાં તથા રવિવારીય શિબિરોમાં બાળકોએ તથા દર મંગળવાર-ગુરૂવારના આદર્શ શ્રાવિકા શિબિરમાં શ્રાવિકાઓએ સારી સંખ્યામાં લાભ લીધો.

૧૫. સૂરિમંત્ર પંચ પ્રસ્થાન આરાધનાની અનુમોદનાર્થે, ગૌતમસ્વામી મહાપૂજન, સૂરિમંત્ર મહાપૂજન, ભક્તામર મહાપૂજન, વર્ધમાન શક્રસ્તવ મહાઅભિષેક તથા ગુરૂ વધામણા સહિત પંચાહ્નિકા મહોત્સવમાં વિધિકાર શ્રી કેશવજીભાઇ એન્ડ પાર્ટી, નરેન્દ્રભાઇ નંદુ એન્ડ પાર્ટી તથા ચિરાગભાઇ સંગોઇ એન્ડ પાર્ટીએ સુંદર અનુષ્ઠાનો કરાવ્યા.

૧૬. વિશિષ્ટ પ્રભુભક્ત શ્રી અમરીશભાઇ શાહ એ શાંતિધારા સ્તોત્ર પાઠ સહ ઉત્તમોત્તમ વિશિષ્ટ ઔષધિઓ દ્વારા મૂળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનના અભિષેક સહ પ્રભુભક્તિમાં સહુને રસ તરબોળ બનાવી દીધેલ.

૧૭. સાવંત પાર્ક - પૂનીત નગરમાં ૩ વાર પૂજ્યશ્રીના પગલા થયા અને કચ્છી જૈન ફાઉન્ડેશનના ઉપક્રમે ત્યાં રહેતા ૫૦ જેટલા પરિવારો રોજ પ્રભુભક્તિ કરી શકે તે માટે ૧૩'' ના શ્રી આદિનાથ પ્રભુજીની સ્થાપના પણ પૂજ્યશ્રીના વરદ હસ્તે કરવામાં આવી.

૧૮. શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પુણ્યતિથિ પ્રસંગે સમૂહ અઠ્ઠમ સાથે ત્રણે દિવસ ખબર પત્રિકામાં "ગુરૂ ગુણ છત્રીસા" વિગેરે વિવિધ સંસ્કૃત રચનાઓ અર્થ સાથે પ્રકાશિત કરવામાં આવેલ. તદુપરાંત બીજી પણ થોડી સંસ્કૃત, અંગ્રેજી તથા ગુજરાતી ગદ્ય-પદ્ય રચનાઓ

પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.એ પોતાની મુનિ તથા ગણિ અવસ્થા દરમ્યાન કરેલ, તેનું સંકલન કરીને પ્રકાશિત કરતાં અમે ગૌરવ સાથે હર્ષની લાગણી અનુભવીએ છીએ તથા અમે આશા રાખીએ છીએ કે સાધુ–સાધ્વીજી ભગવંતો માટે ''ઉપમિતિ ભવ પ્રપંચા મહાકથા'' આદિની વાચનાનું વિશિષ્ટ આયોજન થનાર છે તેનો મહાન લાભ પણ અમારા શ્રી સંઘને મળે.

૧૯. આ પુસ્તિકાના સંકલનમાં અમારા સંઘના ઉત્સાહી યુવાન મયૂરભાઇ વિસરીયા (કચ્છ–દેવપુર) કે જેમણે આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીના હસ્તે કેશલોચ કરાવ્યો તથા ભવ આલોચના સ્વીકારી, તેમણે ખૂબ જ જહેમત ઉઠાવી છે તે બદલ તેમને ખૂબ ખૂબ ધન્યવાદ.

**લિ. શ્રી ક.વિ.ઓ. જૈન સંઘ – અંબરનાથ**
**પ્રમુખ – જયંતિલાલ જીવરાજ નાગડા (નરેડી)**

# દ્રવ્ય સહાયકની અનુમોદના

રાષ્ટ્રસંત, શાસન સમ્રાટ, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. દ્વારા સંસ્થાપિત શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘને આ વર્ષે ૫૦ વર્ષ પૂરા થતાં સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી રૂપે અનેક આયોજનો પૈકીના એક મહત્ત્વના આયોજન રૂપે, તપચક્રવર્તી, તપસ્વી સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા આર્શીવાદ તથા સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., સરલ સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. તથા જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભાશીર્વાદપૂર્વક આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., અધ્યાત્મપ્રેમી પ.પૂ. મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૧૦ ની નિશ્રામાં તા. ૨૮ ડીસેમ્બર ૨૦૧૭ થી તા. ૩૧ જાન્યુ આરી ૨૦૧૮ સુધી ૩૫ દિવસીય વાચના શ્રેણિનું ભવ્ય આયોજન શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – મુંબઈ તથા શ્રી અનંતનાથજી જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો તેમ જ શ્રી ક.દ.ઓ. જૈન સંઘ–ભાંડુપ અને શ્રી ક.વી.ઓ. જૈન સંઘ – ભાંડુપના સુંદર સાથ–સહકારથી યોજાયું હતું

તેમાં પ્રવર્તિની મહત્તરા સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા ઠા. ૭, સા. શ્રી અભયગુણાશ્રીજી મ.સા. ઠા. ૯, સા. શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. ઠા. ૨૬, સા. શ્રી નયપૂર્ણાશ્રીજી મ.સા. ઠા. ૧, સા. શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા. ઠા.૨, શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. ઠા. ૩, સા.શ્રી મોક્ષદર્શનાશ્રીજી મ.સા. ઠા.૬, સા.શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. ઠા. ૪, સા.શ્રી ચારૂદર્શનાશ્રીજી મ.સા. ઠા.૨, સા.શ્રી નયગુણાશ્રીજી મ.સા. ઠા.૨, સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. ઠા.૨, સા.શ્રી ભાવગુણાશ્રીજી મ.સા. ઠા.૨, સા.શ્રી વિશ્વકિર્તિશ્રીજી મ.સા. ઠા.૫, સા.શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા. ઠા.૨, સા.શ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. ઠા.૩, મળી કુલ ૬૬ ઠાણા સાધ્વીજી ભગવંતો આ જ્ઞાનયજ્ઞમાં જોડાયા હતા.

સવારે ૬ થી ૭ કલાકે સમૂહ ચૈત્યવંદન, સવારે ૭ થી ૭.૪૫ કલાકે મુનિરાજ શ્રી ઉદયસાગરજી મ.સા. નું " જૈન હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર ?" ઈત્યાદિ વિષય પર વ્યાખ્યાન સવારે ૯.૦૦ થી ૧૧.૩૦ કલાકસુધી " ઉપમિતિ ભવ પ્રપંચા મહાકથા" ઉપર પ. પૂ. આ. ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની વાચના, તથા બપોરે ૩ થી ૪ કલાક સુધી મુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. ની "આગમ કે પન્નોં મેં જૈન મુનિજીવન" વિષય પર વાચના, આ રીતે સુંદર નિત્યક્રમ ગોઠવાયો હતો. સવારના વ્યાખ્યાન તથા વાચનામાં ભાંડુપ ઉપરાંત આજુબાજુના પરાઓમાંથી પણ આવીને શ્રાવક–શ્રાવિકાઓ પણ સારી સંખ્યામાં લાભ લેતા હતા. આ પ્રસંગે શ્રી 'ઉપમિતિ' આદિ ગ્રંથ પૂજ્યશ્રીને વહોરાવવાનો લાભ બોલી બોલવા દ્વારા ઉપરોક્ત સંસ્થાઓના અધિકારીઓએ સંયુક્ત રીતે લીધો હતો અને એ રકમમાંથી જરૂરિયાત મુજબ પ્રસ્તુત પુસ્તિકાના પ્રકાશનમાં લાભ આપવા માટે અધિકારીઓએ તરત વિનંતિ કરતાં પ્રકાશક શ્રી અંબરનાથ ક.વી.ઓ. જૈન સંઘની સહર્ષ સંમતિ મળતાં પુસ્તિકા પ્રકાશનમાં ૫૦ ટકા જેટલો લાભ ઉપરોક્ત સંસ્થાઓએ લીધેલ છે. તેની ભૂરિશઃ હાર્દિક અનુમોદના કરીએ છીએ.

અગાઉ પૂજ્યશ્રીએ આપેલ ૯ વાચનાઓની અનુમોદના

આનાથી અગાઉ પણ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. એ પોતાની મુનિ તથા ગણિ અવસ્થામાં અનંત ઉપકારી પ.પૂ.ગુરુદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા અને આર્શીવાદથી નીચે મુજબ ૭ વાચનાઓ સાધુ–સાધ્વીજીઓના વિશાળ વૃંદને આપેલ છે. તેની પણ અમે ભૂરી ભૂરી હાર્દિક અનુમોદના કરીએ છીએ.

૧ શ્રી દશ વૈકાલિક સૂત્ર, વીતરાગ સ્તોત્ર આદિ
સ્થળ : મુંબઈના પરાઓમાં — સંવત : ૨૦૩૭–૩૮

૨ શ્રી જીવ વિચાર, નવ તત્ત્વ, દંડક, સંગ્રહણી આદિ
સ્થળ : મુંબઈ થી શિખરજી ના છ'રી સંઘમાં — સંવત : ૨૦૪૦

૩ ૩ ભાષ્ય તથા ૬ કર્મગ્રંથ આદિ
સ્થળ : સમેતશિખરજી ચાતુર્માસમાં — સંવત : ૨૦૪૦

૪ બૃહત્સંગ્રહણી તથા લઘુ ક્ષેત્ર સમાજ

સ્થળ : શિખરજી થી સિધ્ધાચલજીના સંઘમા સંવત : ૨૦૪૧

૫ 'ઉપમિતિ' જ્ઞાનસાર આદિ

સ્થળ : બહુંતેર જિનાલય – કચ્છ સંવત : ૨૦૬૧

૬ ઓઘ નિર્યુક્તિ, શોભન સ્તુતિ, યોગ શતક

સ્થળ : પાલિતાણા સંવત : ૨૦૬૩

૭ લલિત વિસ્તરા આદિ

સ્થળ : બહુંતેર જિનાલય સંવત : ૨૦૭૨

કચ્છમાં પણ પૂ. મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. નિશ્રામાં ૧૦ દિવસીય વાચના શ્રેણિનું આયોજન ૭૨ જિનાલયે શ્રી અ.ભ. અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે યોજાયું હતું તેની પણ અમે ભૂરિશઃ અનુમોદના કરીએ છીએ.

## ભાવિ વાચના શ્રેણિનું આયોજન

આ વર્ષે પુનઃ પ્રથમ જેઠ મહિનામાં પણ આવી જ ભવ્ય વાચના શ્રેણિનું આયોજન પૂજયશ્રી નિશ્રામાં કરવા માટે શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘની ભાવના છે. પૂજયશ્રીની નિશ્રામાં દર વર્ષે આવા જ્ઞાનસત્રોનું આયોજન થતું રહે અને વિશાળ સંખ્યામાં ચાતુર્વિધ શ્રી સંઘ તેનાથી લાભાન્વિત થતો રહે એ જ મંગલ ભાવના

પ્રકાશક

# અનુક્રમણિકા


| અનુક્રમ | વિષય | પાનું |
|---|---|---|
| ૧. | ગુરૂ ગુણ છત્રીશી (गुणाब्धिसूरिं तमहं नमामि) | ૧ |
| ૨. | ગુરુરાજકું સદા મોરી વંદના (वंदे तं ગુણસિંધુસૂરિસુગુરું) | ૯ |
| ૩. | श्री गुणसागरसूरीश्वरश्चिरं जीयात् | ૧૨ |
| ૪. | અચલ...શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ અમર રહો | ૧૯ |
| ૫. | મહાસંયમી, તપસ્વી ગુરુદેવશ્રીને પણ આવો વ્યાધિ શા માટે? | ૨૬ |
| ૬. | Biography of Gunsagarsurishwarji M.S. | ૩૨ |
| ૭. | પૂ. દાદા શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ની સ્તુતિ (कल्याणसागरं सूरिं, तं स्तुवेहं मुदा सदा) | ૩૫ |
| ૮. | પૂ.દાદા શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ની સ્તુતિ (गौतमाब्धिं नतोऽस्मि तम्) | ૩૬ |
| ૯. | પૂ. આ. શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની સ્તુતિ (गुणोदयाब्धिसूरीशान्तान्स्तुवेऽहं मुदा सदा) | ૩૯ |
| ૧૦. | પુ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની સ્તુતિ (कलाप्रभाब्धिसूरीशं, तं स्तवीमि सुभावतः) | ૪૦ |
| ૧૧. | શ્રી સીમંધર સ્વામી ભગવાનની સ્તુતિ – પચીશી (सीमंधरजिनं भक्त्या, तं स्तुवेऽहं मुदा सदा) | ૪૧ |
| ૧૨. | શ્રી સિધ્ધાચલજી મહાતીર્થ સ્તુતિ છત્રીશી (सिद्धाचलं तं प्रणमामि भक्त्या) | ૪૪ |
| ૧૩. | સમેતશિખરજી મહાતીર્થ છ' રી પાલક મહાયાત્રા સંઘ અનુમોદના શતક | ૫૦ |
| ૧૪. | પર્વાધિરાજની પવિત્ર પ્રસાદી.... ભાવના ભવનાશિની | ૬૪ |
| ૧૫. | પર્વાધિરાજની પવિત્ર પ્રસાદી... મિત્તી મે સવ્વ ભૂએસુ | ૬૭ |
| ૧૬. | પર્વાધિરાજની પવિત્ર પ્રસાદી... વૈર વિસર્જક, મૈત્રી સર્જક, શ્રી નવકાર | ૭૦ |
| ૧૭. | પંચ પરમેષ્ઠિની પ્રાર્થનાનો પુનીત પ્રભાવ | ૭૫ |
| ૧૮. | શુભાશુભ ભાવાનો અજબ ગજબનો પ્રભાવ | ૮૦ |
| ૧૯. | ગુણથી ભરેલા ગુણી જન દેખી, હૈયું મારું નૃત્ય કરે | ૮૩ |
| ૨૦. | ક્ષમાનો દિવ્ય સદ્‌ગુણ કેળવવાનો અમોઘ ઉપાય | ૮૭ |
| ૨૧. | શું પ્રતિજ્ઞા એ બંધન છે ? | ૯૧ |

**રાષ્ટ્રસંત, ભારત દિવાકર, શાસન સમ્રાટ, તીર્થપ્રભાવક, કચ્છ કેસરી,**
**૭૨ જિનાલય પ્રેરક, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીમદ્**
**ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ના ચરણારવિંદમાં**

# "ગુરૂ ગુણ છત્રીશી" (૧)

पवित्रितो येन हि देढियाख्यो, ग्रामः सुरम्यः शुभकच्छदेशे !
स्वजन्मनाब्दे निधिषण्निधीन्दौ, गुणाब्धिसूरिं तमहं नमामि ।।१।।

**અર્થ : જેમણે વિ.સં. ૧૯૬૯માં સુંદર એવા કચ્છ દેશમાં અત્યંત રમણીય એવા દેઢિયા ગામને પોતાના જન્મ વડે પવિત્ર બનાવ્યું છે એવા પ.પૂ.ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમસ્કાર કરું છું.**

धन्यासि मातर्धनबाइ नु त्वं, यया प्रसूतं सुतरत्नमीदृक् ।
वदन्ति लोका जननीं यदीयां, गुणाब्धिसूरिं तमहं नमामि ।।२।।

**અર્થ : હે ધનબાઈ માતા! ખરેખર તું ધન્ય છો કે જેણે આવા પુત્રરત્નને જન્મ આપ્યો છે, આ પ્રમાણે લોકો જેમની માતાને ઉદ્દેશીને કહે છે એવા પ.પૂ.ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમસ્કાર કરું છું.**

पितास्ति धन्योति हि लालजित्सो, यदीयगोत्रे कुलदीपकोऽसौ ।
जल्पन्ति के नो खलु यं हि द्रष्ट्वा, गुणाब्धिसूरिं तमहं नमामि ।।३।।

**અર્થ : 'ખરેખર તે પિતા લાલજીભાઈને ધન્ય છે કે જેમના છેડા ગોત્રમાં આવા કુલદીપક પાક્યા છે.'જેમને જોઈને આ પ્રમાણે કોણ નથી બોલતા? અર્થાત્ જેમને જોઈને સહુ કોઈ આ પ્રમાણે બોલે છે એવા પ.પૂ.ગુરૂદેવશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમસ્કાર કરું છું.**

त्र्यंकांकचन्द्रे शुभविक्रमाब्दे, नीत्यब्धिशिष्यत्वमवापि येन ।
भोगान्परित्यज्य सुयौवनेपि, गुणाब्धिसूरिं तमहं नमामि।। ४।।

**અર્થ : વિ. સં. ૧૯૯૩ ના શુભ વર્ષે જેમણે ભર યુવાવસ્થામાં પણ ભોગોનો પરિત્યાગ કરીને, પ.પૂ. ગણિવર્યશ્રી નીતિસાગરજી મ.સા.ના શિષ્યત્વનો સ્વીકાર કર્યો એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમસ્કાર કરું છું.**

अवाप्युपाध्यायपदं हि येन, नृदेवपूज्यं प्रगुरुप्रसादात् ।
दीक्षाब्दतः पंचमवर्षमध्ये, गुणाब्धिसूरिं तमहं नमामि ।।५।।

**અર્થ : જેમણે દાદા ગુરૂદેવની કૃપાથી, દીક્ષાથી ફક્ત પાંચમા વર્ષે જ મનુષ્યો તથા દેવોને પણ પૂજનીય એવું ઉપાધ્યાય પદ પ્રાપ્ત કર્યું એવા પ.પૂ.ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમસ્કાર કરું છું.**

अक्षीन्दुशून्याक्षिमिते हि वर्षे, पदं तृतीयं परमेष्ठिमध्ये ।
नृदेवनाथार्च्यमवापि येन, गुणाब्धिसूरिं तमहं नमामि।।६।।

**અર્થ : જેમણે વિ.સં. ૨૦૧૨માં પંચ પરમેષ્ઠીઓમાંથી નરેન્દ્ર તથા દેવેન્દ્રોને પણ પૂજનીય એવા તૃતીય પદ (આચાર્ય પદ) ને પ્રાપ્ત કર્યુંએવા પ.પૂ. ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમસ્કાર કરું છું.**

वेदाक्षिशून्याक्षिमिते हि वर्षे, भद्रेश्वराख्ये शुभतीर्थमध्ये।
गच्छाधिपत्यं समवापि येन, गुणाब्धिसूरिं तमहं नमामि ।।७।।

**અર્થ : જેમણે વિ.સં. ૨૦૨૪માં ભદ્રેશ્વર નામના સુંદર તીર્થમાં અચલગચ્છાધિપતિ પદને પ્રાપ્ત કર્યું એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમસ્કાર કરું છું.**

प्रदीपितो वै प्रगुरोः सुपट्टः, श्री गौतमाम्भोनिधिसूरिराजः।
अहोनिशं येन प्रयत्य भूरि, गुणाब्धिसूरिं तमहं नमामि ।।८।।

**અર્થ : જેમણે રાત દિવસ અંત્યત પુરુષાર્થ કરીનેદાદા ગુરૂદેવ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ની સુંદર પાટને અત્યંત દીપાવી છે એવા પ.પૂ. ગુરૂદેવશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમસ્કાર કરું છું.**

कृत्वाष्टकृत्वः खलु वार्षिकं वै, तपः सदा यः सकृदेवभोजी ।
तपोनिधित्वेन प्रसिध्धिमाप्नोद्–गुणाब्धिसूरिं तमहं नमामि ।।९।।

**અર્થ : હંમેશા એકાસણા કરનાર એવા જેમણે છેલ્લે સળંગ આઠ વર્ષીતપ કરીને તપોનિધિ તરીકે પ્રસિદ્ધિને પ્રાપ્ત કરી એવા પ.પૂ.ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમસ્કાર કરું છું.**

नता हि पंचांगप्रणामपूर्वं, प्रतिप्रभातं परमेष्ठिनो वै ।
अष्टोत्तरं येन शतं सुभक्त्या, गुणाब्धिसूरिं तमहं नमामि ।।१०।।

**અર્થ : જેઓ દરેક સવારે અત્યંત ભક્તિથી પંચપરમેષ્ઠી ભગવંતોને ૧૦૮ વાર પંચાંગ પ્રણિપાતપૂર્વક નમસ્કાર કરતા હતાએવા પ.પૂ. ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમસ્કાર કરું છું.**

ऊर्ध्वस्थितो यः प्रकरोति नित्यवश्यकानि प्रणिधानपूर्वम्।
वृद्धत्वमाप्तोपि सदाऽप्रमत्तो, गुणाब्धिसूरिं तमहं नमामि ।।११।।

**અર્થ : વૃદ્ધાવસ્થાને પામવા છતાં પણ હંમેશા અપ્રમત્ત એવા જેઓ દરરોજ ઊભા રહીને એકાગ્રતાપૂર્વક છ આવશ્યક કરતા હતા એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમસ્કાર કરું છું.**

विनिर्मिता येन हि नैकग्रन्था, बोधप्रदा गुर्जरदेववाण्योः ।
प्रसिध्धिभाक्छ्रीघ्रकवित्वतो यो, गुणाब्धिसूरिं तमहं नमामि ।।१२।।

**અર્થ :** જેમણે ગુજરાતી તથા સંસ્કૃતભાષામાં બોધદાયક અનેક ગ્રંથોની રચના કરી છે અને જેઓ શીઘ્રકવિ તરીકે પ્રસિદ્ધિને પામ્યા છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

ज्ञानप्रचाराय हि येन विद्यापीठद्वयं श्रावकश्राविकार्थम् ।
संस्थापितं सुंदरकच्छदेशे, गुणाब्धिसूरिं तमहं नमामि ।। १३।।

**અર્થ :** જેમણે સમ્યક્જ્ઞાનના પ્રચારને માટે, સુંદર એવા કચ્છ દેશમાં શ્રાવકો તથા શ્રાવિકાઓને માટે બે વિદ્યાપીઠોની સ્થાપના કરી છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

निर्मापिता येन प्रतिष्ठिताश्च, जिनालया विंशतिसंख्यका वै ।
समेततीर्थे वरदेववन्द्ये, गुणाब्धिसूरिं तमहं नमामि ।।१४।।

**અર્થ :** જેમણે શ્રેષ્ઠ દેવતાઓ દ્વારા વંદન કરવા યોગ્ય એવા સમેતશિખરજી તીર્થ ઉપર ૨૦ જેટલા જિનાલયોનું નિર્માણ કરાવ્યું અને પ્રતિષ્ઠા પણ કરી એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

यत्प्रेरणातः शुभकच्छदेशे, विनिर्मिता द्व्युत्तरसप्ततिर्हि ।
जिनालया विश्वप्रसिद्धिभाजो, गुणाब्धिसूरिं तमहं नमामि ।।१५।।

**અર્થ :** જેમની પ્રેરણાથી સુંદર કચ્છ દેશમાં વિશ્વ પ્રસિદ્ધ એવા ૭૨ જિનાલયોનું નિર્માણ થયું છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

समेतसिद्धाचलमुख्यतीर्था, प्रभाविता येन हि नैकयात्रा – ।
संघेषु दत्त्वा सफलां स्वनिश्रां, गुणाब्धिसूरिं तमहं नमामि ।। १६।।

**અર્થ :** જેમણે અનેક યાત્રા સંઘોમાં પોતાની સફળ નિશ્રા આપીને શ્રી સમેતશિખરજી, સિદ્ધાચલજી વગેરે તીર્થોની પ્રભાવના કરી છેએવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

प्रदीक्षिताः सार्धशताधिका हि, व्रतार्थिनः स्वेन करेण येन।
भवार्णवोत्तारणसत्तरण्डं, गुणाब्धिसूरिं तमहं नमामि ।।१७।।

**અર્થ :** જેમણે દોઢસોથી પણ અધિક દીક્ષાર્થીઓને સ્વહસ્તે દીક્ષા આપી છે તથા જેઓ સંસાર સાગરથી તારવા માટે શ્રેષ્ઠ વહાણ તુલ્ય છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

श्री झैलसिंहेन हि राष्ट्रनेत्रा, यो राष्ट्रसन्तेति प्रघोषितोहो ।
प्रशंसितो वै प्रणतश्च भक्त्या, गुणाब्धिसूरिं तमहं नमामि ।।१८।।

**અર્થ :** રાષ્ટ્રપતિ શ્રી ઝૈલસિંહ દ્વારા જેઓ, 'રાષ્ટ્રસંત' તરીકે ઉદ્‌ઘોષિત થયા, પ્રશંસિત થયા તથા ભક્તિપૂર્વક પ્રણામ કરાયા એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

श्री भारतेऽसौ हि दिवाकरोस्ति, स्तौतीति यं श्रीकिडवाइनामा।
बिहारराज्यस्य च पालकोपि, गुणाब्धिसूरिं तमहं नमामि ।।१९।।

**અર્થ :** શ્રી કિડવાઈ નામે બિહારના રાજ્યપાલ પણ જેમની 'ભારત-દિવાકર' તરીકે સ્તુતિ કરે છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

अत्याजयद्यो व्यसनानि सप्त, राज्येष्वनेकेषु विहृत्य दीर्घम्।
सहस्रशो जैनजनानपीह, गुणाब्धिसूरिं तमहं नमामि ।।२०।।

**અર્થ :** જેમણે અનેક રાજ્યોમાં લાંબા વિહારો કરીને હજારો અજૈન લોકોને પણ સાત મહાવ્યસનોનો ત્યાગ કરાવ્યો છેએવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

प्रभावना येन कृताद्भुता हो, भूमण्डले श्री जिनशासनस्य ।
कलावपि स्मारितपूर्वसूरिं, गुणाब्धिसूरिं तमहं नमामि ।।२१।।

**અર્થ :** જેમણે ભૂમંડલ ઉપર શ્રી જિનશાસનની અદ્‌ભુત પ્રભાવના કરી છેતથા જેમણે કલિયુગમાં પણ પૂર્વાચાર્યોનું સ્મરણ કરાવ્યું છેએવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

गच्छोचलो येन परां प्रसिद्धिं, नीतोप्रमत्तेन हि सत्प्रयत्नैः ।
प्रशंसितोन्यैरपि सूरिभिर्यो, गुणाब्धिसूरिं तमहं नमामि ।।२२।।

**અર્થ :** અપ્રમત્ત એવા જેમણે સુંદર પ્રયત્નો દ્વારા શ્રી અચલગચ્છને શ્રેષ્ઠ પ્રસિદ્ધિ પમાડી છે તથા જેઓ અન્ય આચાર્યો દ્વારા પણ પ્રશંસિત થયેલા છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

वपुर्व्यनक्तीह दृढं यदीयं, तेजोयुतं चैव तपः पवित्रम्।
आबाल्यतो नैष्ठिकब्रह्मयुक्त्वं, गुणाब्धिसूरिं तमहं नमामि ।।२३।।

**અર્થ :** જેમનું તેજથી યુક્ત તથા તપથી પવિત્ર એવું દઢ શરીર નૈષ્ઠિક બાળબ્રહ્મચારીપણાને પ્રગટ કરે છેએવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

यस्योर्ध्वरेखांकितपादपद्मे, दृष्ट्वा शिरः के न हि धूनयन्ति ।
साश्चर्यसामुद्रिकशास्त्रविज्ञा, गुणाब्धिसूरिं तमहं नमामि ।।२४।।

**અર્થ :** જેમના ઉર્ધ્વરેખાથી અંકિત ચરણ કમળને જોઈને સામુદ્રિક શાસ્ત્રને જાણનારા કયા પુરુષો આશ્ચર્ય સહિત મસ્તક ધુણાવતા નથી? અર્થાત્ બધા જ મસ્તક ધુણાવે છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

दृष्ट्वा मुखेन्दुं खलु यस्य लोका, भवन्ति देवा इव निर्नमेषाः ।
सद्ब्रह्मतेजोविलसत्प्रभावं, गुणाब्धिसूरिं तमहं नमामि ।।२५।।

**અર્થ :** સુંદર બ્રહ્મચર્યના તેજથી વિલસતા પ્રભાવવાળા જેમના મુખ રૂપી ચંદ્રને જોઇને લોકો દેવોની જેમ પલકારા રહિત બની જાય છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

यदीयवात्सल्यसुधामवाप्य, स्मरन्ति पित्रोर्न हि शिष्यका वै ।
वात्सल्यवार्धिः करुणानिधिर्यो, गुणाब्धिसूरिं तमहं नमामि ।।२६।।

**અર્થ :** જેમના વાત્સલ્ય રૂપી અમૃતને પામીને નાના શિષ્યો પણ પોતાના માતા પિતાને યાદ કરતા નથી તથા જેઓ વાત્સલ્યના સાગર અને કરૂણાના ભંડાર છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

सुदुर्लभाहो समता यदीया, क्ष्मावच्च सर्वंसहतापि यस्य ।
मन्येऽद्वितीया भुवि जन्मभाजां, गुणाब्धिसूरिं तमहं नमामि ।।२७।।

**અર્થ :** હું માનું છું કે જેમની સમતા પૃથ્વીને વિષે અત્યંત દુર્લભ છે તથા પૃથ્વીની માફક જેમની સહનશીલતા પણ જગતની અંદર જીવોમાં અદ્વિતીય છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

गंभीरता स्मारयतीह यस्य जनान्स्वयंभूरमणं समुद्रम्।
आश्चर्यकृत्सद्गुणरत्नवार्धिं, गुणाब्धिसूरिं तमहं नमामि ।।२८।।

**અર્થ :** જેમની ગંભીરતા લોકોને સ્વયંભૂરમણ સમુદ્રની યાદ અપાવે છે તથા જેઓ આશ્ચર્યપ્રદ સદ્ગુણો રૂપી રત્નોના સમુદ્ર છેએવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

वचःसुधां यस्य निपीय सम्यक्, तृषातुरा नैव जलं स्मरन्ति।
स्मरन्ति नान्नं च बुभुक्षवोपि, गुणाब्धिसूरिं तमहं नमामि ।।२९।।

**અર્થ :** જેમની વાણી રૂપી અમૃતનું પાન કરીને તરસથી પીડાતા લોકો પાણીને યાદ કરતા નથી તથા ભૂખ્યા માણસો અન્નનું પણ સ્મરણ કરતા નથી એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

भृंगायमाणो जिनपादपद्मे, स्तंभायमानोचलगच्छसौधे।
परोपकारैकपरायणो यो, गुणाब्धिसूरिं तमहं नमामि ।।३०।।

**અર્થ :** જેઓ જિનેશ્વર ભગવંતના ચરણ કમળમાં ભમરાની જેમ આચરણ કરતા હતા, જેઓ અચલગચ્છ રૂપી મહેલમાં થાંભલાની જેમ આચરણ કરતા હતા તથા જેઓ પરોપકારમાં જ તત્પર રહેતા હતા એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમસ્કાર કરું છું.

सुदृष्टिदेवैरपि दर्शनीयं, नृदेवपूज्यैरपि पूजनीयम्।
संसेव्यमानैरपि सेवनीयं, गुणाब्धिसूरिं तमहं नमामि ।।३१।।

**અર્થ :** સમ્યગદષ્ટિ દેવો દ્વારા પણ દર્શનીય, મનુષ્યો તથા દેવતાઓ દ્વારા પૂજ્ય એવા નરેન્દ્રો તથા દેવેન્દ્રો દ્વારા પણ પૂજનીય તથા ભક્તો તેમજ શિષ્યો દ્વારા સેવાતા એવા મોટા મુનિવરાદિ દ્વારા પણ સેવવા યોગ્ય એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

स्तोतुं हि सम्यक्सुगुणान्यदीयान्सरस्वती सापि न सक्षमा स्यात्।
धीमद्भिरर्च्यं हि प्रणम्यनम्यं, गुणाब्धिसूरिं तमहं नमामि ।। ३२।।

**અર્થ :** જેમના સદ્ગુણોની સમ્યક્ રીતે સ્તુતિ કરવા માટે સાક્ષાત્ સરસ્વતી પણ સમર્થ થઈ શકતી નથી,જેઓ બુધ્ધિમાન પુરૂષો દ્વારા પણ પૂજવા યોગ્ય અને જેઓ પ્રણામ કરવા યોગ્ય એવા મુનિવરાદિ દ્વારા પણ નમસ્કાર કરવા યોગ્ય છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

भोः सूरिराड् ! हे गुरूदेव ! देहि, शुभाशिषं पाहि भवाब्धितश्च ।
यः प्रार्थ्यते शिष्यप्रशिष्यवृन्दैर्गुणाब्धिसूरिं तमहं नमामि ।। ३३।।

**અર્થ :** 'હે સૂરીશ્વર! હે ગુરૂદેવ! અમને શુભાશિષો આપો અને સંસાર સાગરથી અમારું રક્ષણ કરો' આ પ્રમાણે શિષ્યો-પ્રશિષ્યોના સમૂહો દ્વારા જે પ્રાર્થના કરાય છેએવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

संस्थापितौ सूरिपदे हि येन, गुणोदयाम्भोनिधिसूरिराड्वै ।
कलाप्रभाम्भोनिधिसूरिराट्च, गुणाब्धिसूरिं तमहं नमामि ।। ३४।।

**અર્થ :** જેમણે પ.પૂ.આ.શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.ને તથા પ.પૂ.આ.શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.ને આચાર્ય પદ ઉપર આરૂઢ કર્યા છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી**ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

वेदाब्धिशून्याक्षिमिते हि वर्षे, कुहौ शुभे भाद्रपदे च मासे।
स्वर्गं श्रितो यः खलु, मध्यरात्रौ, गुणाब्धिसूरिं तमहं नमामि ।। ३५।।

**અર્થ :** જેઓ વિ.સં. ૨૦૪૪ માં ભાદરવા માસની અમાસની મધ્ય રાત્રિએ સ્વર્ગવાસ પામ્યા છેએવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

स्तुतिर्यदीया रचिता मुदेयं पापठ्यमाना हि प्रगे सुभक्त्या ।
'महोदय'स्थानसुखप्रदा स्यात्, गुणाब्धिसूरिं तमहं नमामि ।।३६।।

**અર્થ :** હર્ષપૂર્વક રચાયેલી જેમની આ સ્તુતિનો દરરોજ સવારે સુંદર ભક્તિપૂર્વક પાઠ કરવામાં આવે તો મોક્ષસુખને આપનાર થાય છે એવા પ.પૂ. ગુરૂદેવ શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું નમસ્કાર કરું છું.

## ।। प्रशस्तिः ।। (अनुष्टुब्वृत्तम्)

मुम्बापुर्यां महालक्ष्म्यां, चातुर्मासस्थितेन वै ।
गुणाब्धिसूरिशिष्येण, मुनिमहोदयाब्धिना ।।१।।

व्याख्याप्रज्ञप्तिसूत्रस्य, योगानुद्वहता मुदा।
भगवतीत्युपाह्वस्य,गुर्वाज्ञया यथाविधि ।।२।।

देवरत्नधर्मरत्नकंचनाख्यैः सुशिष्यकैः ।
विज्ञप्तेन रचयितुं, देववाण्यां स्तुतिं गुरोः ।।३।।

वेदाब्धिशून्यनेत्राब्दे, दीपावल्यां शुभे दिने।
गुणबालेत्युपाह्वेन, रचितेयं स्तुतिर्मया ।।४।।

(चतुर्भिः कलापकम्)

गुणसागरसूरेर्हि यथार्थाख्यस्य सद्गुरोः ।
गुणान्वर्णयितुं सर्वान्कः क्षमो गीः समोप्यहो ।।५।।

दर्श्यति बालकेनापि, प्रसार्य स्वौ करौ मुदा।
मानं जलनिधेर्यद्वत्तद्वद्यत्नो ममाप्ययम् ।।६।।

गुरुप्रसादेनैवेयं, स्तुतिर्दृब्धा मया खलु ।
स्वल्पबुद्धौ जड़प्राये, मयि शक्तिर्न काचन ।।७।।

पित्रोर्भाति सुधातुल्या, बालस्य स्खलितापि गीः ।
तथेयं क्षतियुक्तापि सज्जनानां स्तुतिर्मुदे ।।८।।

यन्मयोपार्जितं पुण्यं, स्तुत्यानया हि सद्गुरोः ।
सद्गुरूपादसेवैवामोक्षं तेनास्तु मे सदा ।।९।।

## : પ્રશસ્તિ :

મુંબઈ – મહાલક્ષ્મીમાં ચાતુર્માસ રહેલા, ગુર્વાજ્ઞાથી ભગવતી સૂત્ર (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર) ના વિધિપૂર્વક યોગોદ્‌વહન કરતા, એવા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્ય મુનિ **મહોદયસાગરજી (ગુણબાલ)** દ્વારા પોતાના સુશિષ્યો મુનિશ્રી **દેવરત્ન-ધર્મરત્ન-કંચનસાગરજી**ની વિનંતિથી વિ.સં.૨૦૪૪ના દીવાળીના શુભ દિવસે આ સ્તુતિની રચના કરવામાં આવી છે. (૧ થી ૪)

ખરેખર યથાર્થનામી સદ્‌ગુરૂ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના સર્વ ગુણોનું વર્ણન કરવા માટે સરસ્વતી સમાન પણ કોઈ વ્યક્તિ ક્યાંથી સમર્થ થઈ શકે! (૫)

જેવી રીતે નાનું બાળક પોતાના બે હાથ પહોળા કરીને સમુદ્રનું માન દર્શાવે તેના જેવો મારો આ પ્રયત્ન છે. (૬)

ખરેખર ગુરૂકૃપાથી જ આ સ્તુતિની રચના થઈ છે. બાકી તો અત્યંત અલ્પ બુદ્ધિવાળા અને લગભગ જડ જેવા મારામાં તેવી કોઈ શક્તિ નથી. (૭)

જેવી રીતે બાળકની સ્ખલનાયુક્ત વાણી પણ તેના માતા-પિતાને અમૃત તુલ્ય લાગે છે તેવી રીતે ક્ષતિયુક્ત પણ આ સ્તુતિ સજ્જનોને આનંદ પમાડશે જ. (૮)

સદ્‌ગુરૂની આ સ્તુતિ દ્વારા મારા વડે જે પુણ્ય ઉપાર્જન કરાયું હોય તેના દ્વારા જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી સદા સદ્‌ગુરૂના ચરણોની સેવા જ મને મળજો. (૯)

## અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની સ્તુતિ

(स्रग्धरा छन्दः)

ग्रामे श्री देढियाख्ये बुधजनकलिते लब्धजन्मा सुरम्ये,
प्रातःस्मर्तव्यनामा वरविबुधनतो संयमे लीनचेताः ।
विख्यातोन्वर्थनाम्ना विरचितविविधग्रन्थरत्नोप्रमत्तो,
मोक्षश्रीदायकोसौ जयतु भुवि चिरं, श्रीगुणाम्भोधिसूरिः ।।१।।

**ભાવાર્થ :** "ડાહ્યા માણસોથી યુક્ત એવા સુંદર દેઢિયા ગામમાં જેમનો જન્મ થયો છે, જેમનું નામ પ્રાતઃકાળે ઉઠીને સ્મરણ કરવા યોગ્ય છે... શ્રેષ્ઠ પંડિતો (અથવા દેવો) પણ જેમને નમસ્કાર કરે છે... જેમનું ચિત્ત સંયમમાં લીન છે... જેઓ નામ પ્રમાણે ગુણવાન તરીકે પ્રખ્યાત છે... જેમણે વિવિધ ગ્રંથરત્નોની રચના કરી છે... જેઓ અપ્રમત્ત છે અને જેઓ મોક્ષલક્ષ્મીને આપનારા છે... એવા (અચલગચ્છાધિપતિ પરમપૂજ્ય ગુરૂદેવ) શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ પૃથ્વી ઉપર ચિરકાળ સુધી જયવંતા વર્તો.... જયવંતા વર્તો...!" (૧)

(शार्दूलविक्रीडित-छन्दः)

ग्रामो येन पवित्रितः स्वजनुषा श्रीदेढियाख्यो वरः
माता येन कृता निजा धनवतीनाम्नी यथार्थाभिधा ।
पूतं येन च लालजित्पितृकुलं गोत्रं च छेडाभिधं,
वंदे तं गुणसिंधुसूरिसुगुरुं भक्त्या प्रगे प्रत्यहम् ।।२।।

**અર્થ :** જેમણે પોતાના જન્મ વડે દેઢિયા નામના શ્રેષ્ઠ ગામને પવિત્ર બનાવ્યું છે, જેમણે ધનબાઈ નામે પોતાની માતાને યથાર્થનામવાળી (નામ પ્રમાણે ગુણવાળી) બનાવેલ છે. જેમણે શ્રીલાલજી ભાઈ નામના પિતાના કુળને તથા 'છેડા' નામના ગોત્રને પણ પાવન બનાવેલ છે એવા સદ્‌ગુરૂદેવ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું દરરોજ સવારે ભક્તિપૂર્વક વંદન કરું છું. (૨)

ख्यातो यो गुणरत्नराशिरमलः सान्वर्थनाम्ना खलु,
नेशा यद्गुणमौक्तिकान्गणयितुं साक्षात्सरस्वत्यपि ।
यत्कीर्तिः प्रसृता दिगन्तमतुला पूर्णेन्दुज्योत्स्नानिभा,
वंदे तं गुणसिंधुसूरिसुगुरुं भक्त्या प्रगे प्रत्यहम् ।।३।।

**અર્થ :** ગુણો રૂપી રત્નોના નિર્મલ રાશિ (સમૂહ) એવા જેઓ પોતાના સાર્થક નામ વડે ખરેખર પ્રખ્યાત છે, જેમના ગુણો રૂપી મોતીઓને ગણવા માટે સાક્ષાત સરસ્વતી પણ સમર્થ નથી. તથા જેમની પૂનમના ચંદ્રની જ્યોત્ના જેવી નિર્મળ અને અતુલ (અજોડ) કીર્તિ દિશાઓના અંત સુધી ફેલાયેલી છે એવા સદ્‌ગુરૂદેવ પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું દરરોજ સવારે ભક્તિપૂર્વક વંદન કરું છું. (૩)

सेवा येन कृतादभुता स्वप्रगुरोश्चारित्रचूडामणेः
त्यागीन्द्रस्य हि गौतमाब्धिगणिनः सूरीशितुः संमदात् ।
प्राप्तं तत्कृपया च पाठकपदं पंचाब्दमात्रेण वै
वंदे तं गुणसिंधुसूरिसुगुरुं भक्त्या प्रगे प्रत्यहम् ।।४।।

**અર્થ :** જેમણે ચારિત્રચૂડામણિ, ત્યાગીઓમાં ઈન્દ્ર સમાન એવા પોતાના દાદાગુરૂદેવ અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ની હર્ષપૂર્વક અદ્ભુત સેવા કરી અને તેમની કૃપાથી માત્ર પાંચ જ વર્ષના દીક્ષા પર્યાયમાં જેમણે ઉપાધ્યાય પદને પ્રાપ્ત કર્યું એવા સદ્ગુરૂદેવ પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું દરરોજ સવારે ભક્તિપૂર્વક વંદન કરું છું. (૪)

शिष्यत्वं समलंकृतं च गणिनो नीत्यब्धिनाम्नो मुदा
बाढं येन च गौतमाब्धिसुगुरोः पट्टः समुद्योतितः।
येनेहाचलगच्छनायकपदं देदीप्यमानं कृतं ।
वंदे तं गुणसिंधुसूरिसुगुरुं भक्त्या प्रगे प्रत्यहम् ।।५।।

**અર્થ :** જેમણે પ.પૂ. નીતિસાગરજી ગણિવર મ.સા.ના શિષ્યપણાને આનંદથી શોભાવ્યું અને જેમણે પ.પૂ. દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાટને ખૂબ જ સમ્યક્ પ્રકારે દીપાવી તથા જેમણે શ્રી અચલગચ્છનાયક પદવીને પણ અત્યંત દેદીપ્યમાન બનાવી એવા સદ્ગુરૂદેવ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું દરરોજ સવારે ભક્તિપૂર્વક વંદન કરું છું (૫)

सम्यक्ज्ञानप्रसारणाय जगति श्रीकच्छदेशे वरे
विद्यापीठयुगं च येन महता यत्नेन संस्थापितम्।
नैके संस्कृतगुर्जराभिधगिरोर्ग्रंथा वरा निर्मिताः
वंदे तं गुणसिंधुसूरिसुगुरुं भक्त्या प्रगे प्रत्यहम् ।।६।।

**અર્થ :** જગતમાં સમ્યક્જ્ઞાનનાં પ્રચારને માટે જેમણે શ્રેષ્ઠ એવા કચ્છ પ્રદેશમાં મહાન પ્રયત્નપૂર્વક બે વિદ્યાપીઠોની સ્થાપના કરી અને સંસ્કૃત તથા ગુજરાતી ભાષામાં અનેક શ્રેષ્ઠ ગ્રંથોની રચના કરી એવા સદ્ગુરૂદેવ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું દરરોજ સવારે ભક્તિપૂર્વક વંદન કરું છું. (૬)

पंचश्रीपरमेष्ठिनो नमति यो ह्यष्टोत्तरं वै शतं
पंचांगप्रणिपातपूर्वमनिशं वार्धक्यमाप्तोप्यहो ।
नित्यं श्रीजिनशासनोन्नतिकृते बध्धैकलक्ष्यश्च यः
वंदे तं गुणसिंधुसूरिसुगुरुं भक्त्या प्रगे प्रत्यहम् ।।७।।

**અર્થ :** અહો! વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થવા છતાં પણ જેઓ દરરોજ શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોને પંચાંગપ્રણિપાત (ખમાસમણ) પૂર્વક ૧૦૮ વાર નમસ્કાર કરે છે અને હંમેશા શ્રી જિનશાસનની ઉન્નતિ માટે જ જેમણે પોતાનું એકમાત્ર લક્ષ્ય બાંધ્યું છે એવા સદ્ગુરૂદેવ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.ને હું દરરોજ સવારે ભક્તિપૂર્વક વંદન કરું છું. (૭)

गच्छः श्रीविधिपक्षसंज्ञकवरो नीतः परामुन्नातिं
येन श्री जिनशासनं च जगति ख्यातिं परां प्रापितम्।
मज्जन्तो भववारिधावगणिता जीवाः समुत्तारिताः
वंदे तं गुणसिंधुसूरिसुगुरुं भक्त्या प्रगे प्रत्यहम् ।।८।।

**અર્થ :** જેમણે શ્રીવિધિપક્ષ (અચલ) નામના શ્રેષ્ઠ ગચ્છને અત્યંત ઉન્નતિને પમાડેલ છે, તથા જેમણે જગતમાં શ્રી જિનશાસનને શ્રેષ્ઠ ખ્યાતિને પમાડેલ છે તથા ભવસમુદ્રમાં ડુબતા અગણિત જીવોને સમ્યક્ પ્રકારે તાર્યા છે એવા સદ્ગુરૂદેવ પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.ને હું દરરોજ સવારે ભક્તિપૂર્વક વંદના કરું છું. (૮)

'षड्–री' पालकसंघप्रेरकतया मुम्बापुरीतो हि यः
यावत्तीर्थसमेतशैलकवरं तस्माच्च शत्रुंजयम् ।
यावत्तीर्थवरं सुनिर्मलयशा निश्राप्रदानेन च
वंदे तं गुणसिंधुसूरिसुगुरुं भक्त्या प्रगे प्रत्यहम् ।।९।।

**અર્થ :** જેમણે મુંબઈથી શ્રી સમેતશિખર મહાતીર્થ સુધી અને ત્યાંથી (સમેતશિખરથી) શ્રી શત્રુંજય મહાતીર્થ સુધીનાં 'છ'રી પાલક સંઘોનાં પ્રેરક તરીકે તથા નિશ્રા આપવા વડે અત્યંત નિર્મળ યશને પ્રાપ્ત કર્યું છે એવા સદ્ગુરૂદેવ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.ને હું દરરોજ સવારે ભક્તિપૂર્વક વંદન કરું છું. (૯)

द्रष्ट्वा यद्वदनाम्बुजं हि मनुजाः शांति लभंतेऽद्भुतां
पीत्वा यद्वचनामृतं निरुपमं तृप्तिं परां यान्ति च ।
श्रित्वा पत्कज आप्नुवंत्यभयतां श्रीपद्मरेखांकिते
वंदे तं गुणसिंधुसूरिसुगुरुं भक्त्या प्रगे प्रत्यहम् ।।१०।।

**અર્થ :** જેમનાં મુખારવિંદના દર્શન કરીને મનુષ્યો અદ્ભુત શાંતિને પ્રાપ્ત કરે છે, જેમના અનુપમ વચનામૃતનું પાન કરીને મનુષ્યો પરમ તૃપ્તિને પામે છે તથા જેમના પદ્મરેખાથી અંકિત થયેલા ચરણકમલનું શરણ સ્વીકારીને મનુષ્યો નિર્ભયતાને પ્રાપ્ત કરે છે એવા સદ્ગુરૂદેવ પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.ને હું દરરોજ સવારે ભક્તિપૂર્વક વંદન કરું છું. (૧૦)

यद्वात्सल्यमुदारता च समता मन्येऽद्वितीया भुवि,
यत्कारुण्यपरोपकाररतते मन्ये जगद्दुर्लभे ।
मन्ये यत्कृपया *'महोदय'* पदप्राप्तिर्न दूरेप्यहो,
वंदे तं गुणसिंधुसूरिसुगुरुं भक्त्या प्रगे प्रत्यहम् ।।११।।

**અર્થ :** હું એમ માનું છુ કે જેમનું વાત્સલ્ય ઉદારતા અને સમતા આ પૃથ્વીમાં અદ્વિતીય છે, જેમની કરૂણા અને પરોપકાર પરાયણતા પણ જગત્માં દુર્લભ છે તથા જેમની કૃપાથી મહોદયપદ (મોક્ષપદ) ની પ્રાપ્તિ પણ દૂર નથી (નજીક છે) એવા સદ્ગુરૂદેવ પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ને હું દરરોજ સવારે ભક્તિપૂર્વક વંદન કરું છું.

# अचलगच्छाधिपति परम पूज्य गुरुदेव-श्री गुणसागरसूरीश्वरश्चिरं जीयात् (३)

मुंबई – लालवाडीथी समेतशिखरजी महातीर्थना छ'री पालक महायात्रा संघना प्रेरक – निश्रा दाता
प.पू.आ.भ.श्री गुणसागरसूरीश्वरजी म.सा. नी संस्कृत गद्यमां स्तुति

**अ**नंतोपकारिविश्ववत्सलपरमाराध्यपादजगद्गुरूणां श्रीमतामर्हतामेकान्तात्म हितकराज्ञामनन्यचित्ततयाऽप्रमत्ततया च समाराध्याऽनेकभव्यात्मनामाराध्यपादत्वेन लब्धप्रतिष्ठ! भो अचलगच्छादिवाकर! शासनसम्राट्! अचलगच्छाधिपते! पूज्यगुरुदेव !...... तत्रभवज्जन्महीरकमहोत्सवस्य पवित्राऽवसरं पुण्योदयेन प्राप्य वयमत्रभवतामर्चनीयांऽध्रियुगले भवदपरिमेयगुणगणस्तुतिरूपमर्घ्यं समर्प्य तत्रभवतां शुभाऽऽशीर्वादसन्ततिं समवाप्य जीवनं कृतार्थयितुमिच्छामः।

**च**कचकायमानचारुचारित्रेण चतुरजनचित्तचमत्कृतिकारक ! अहो सच्चारित्रचूड़ामणे! पूज्यगुरुदेव!... सदैव चञ्चरीकायतां भवच्चरणाऽरविन्देऽस्माकमिदं चंचलं चित्तम्।

**ल**सद्ब्रह्मतेजोमयललाटत्वेन सलीलमाकृष्टलक्षाधिकलोकलक्ष्य! भगो लक्षणलक्षितगात्रयष्टे! आबाल्यब्रह्मचारिन्! पूज्यगुरुदेव! निमज्जतु सदैवाऽत्रभवतां निर्मलमनोहरमुखारविन्दस्य ध्याने पंचेन्द्रियाऽप्रशस्यविषयाऽऽसक्तमिदमस्माकं मनः।

**ग**च्छस्य शासनस्य चोत्कर्षार्थं गजगामिन्या गत्या प्रतिवर्षं गव्यूतसहस्राणि यावद्ग्रामानुग्रामं पादाभ्यां विहृत्याऽऽकच्छात्कलकत्तां यावदाकोचीनात्काशीं यावच्च भारतभूमण्डले धर्मप्रभावनां कृत्वा श्रीसमेतशिखरतीर्थे बिहारराज्यपालश्रीकिंडवाईप्रदत्त 'भारतदिवाकर' उपाधिविभूषित! अघो उग्रविहारिन्! धर्मप्रभावक! पूज्यगुरुदेव!... गव्यूतमात्रमपि गन्तुं विविधवाहनानि प्रतीक्षमाणानां गृहस्थानां हृदयमाजीवनवाहनत्यागभीष्मव्रतानां तत्रभवतामुपरि यद्यहोभावभावितं स्यात्तत्र किमाश्चर्यम्?

**च्**यवनादिप्रसंगेषु देवानपि दुःखभराऽऽक्रान्तान्विज्ञायैकान्तिकाऽऽत्यन्तिकाऽक्षयाऽनन्ताऽऽत्मिकाऽऽनन्दाऽऽवाप्तिहेतुनिबद्धकक्ष! अहो! आत्मानंदिपूज्यगुरुदेव!... प्रतिपलं पौद्गलिकपदार्थेभ्यः सुखप्राप्त्यर्थं निष्फलाऽऽयासकर्तॄणामस्माकं मनसो भवत्कृपाऽचिंत्यप्रभावेन भवाभिनन्दिता दूरीभवतु मोक्षाभिलाषिता च शीघ्रातिशीघ्रं प्रकटीभवतु।

**छा**याऽऽतपसुखदुःखस्तुतिनिन्दासन्मानाऽवमानाऽनुकूलताप्रतिकूलताऽऽदिद्वन्द्ववृन्देषु सदा सर्वत्र समचित्तवृत्ते भोः प्रशमाऽमृतमहोदधे! स्थितप्रज्ञ ! पूज्यगुरुदेव! ... क्षणं रुष्टं क्षणं तुष्टं क्षणं हर्षान्वितं क्षणं शोकातुरं रत्यरत्याऽऽर्तरौद्रध्यानाऽटव्यामटाट्यमानमस्माकं चित्तं भवत्कृपावारिवृष्ट्या धर्मध्याने स्थिरतां भजतात्।

'धिक्काराऽर्हाणि केवलं पापानि सन्ति न तु तत्कारकः कर्माधीनः कोऽपि जीवः' इत्यार्षवाणीमात्मसात्कृत्य संजातपश्चात्तापपापाऽऽत्मभ्योऽपि परमपवित्रपापप्रणाशकपारमेश्वरीप्रवज्याप्रदायक! हे पतितपावन! प्रातःस्मरणीय! पूज्यगुरुदेव!... धन्यातिधन्याऽस्ति सा धनबाईमातुः कुक्षिर्यया भवादृशं पवित्रं पुत्ररत्नं प्रसूतम्।

परमपवित्रपञ्चपरमेष्ठिभ्यः प्रतिप्रभातं सप्रणिधानमष्टोतरशतपंचांगप्रणिपातैः प्रणामं कृत्वा पूज्यान्प्रति प्रकृष्टप्रीतिप्रदर्शक! अहो परमेष्ठिपर्युपासक! पूज्यगुरुदेव!... रामाचरणरेणुषु सहर्षं लोलुठ्यमानान्विषयवासनाकर्दमनिमग्नान्वराकान्संसारि-जीवान् भवत्पुनितपादपद्मरेणुः पुनातु।

तितिक्षात्यागतपस्तेजोमण्डलतिरस्कृततरणे! हे तपोमूर्ते! परमत्यागिन्! तीर्थप्रभावक! पूज्यगुरुदेव! केवलभोगसुखमेव सर्वस्वं मन्यमाना वराका भोगरसिकाः संसारीजीवास्तत्रभवतां त्यागमयजीवनस्य स्वान्तःसुखस्वरूपां तेजोलेश्यां प्रमातुं कथमलंभवेयुः?

परमतारकपरमात्मानं प्रति प्रकृष्टप्रीत्याः परमप्रभावेन परमात्मभक्तिमय स्तुतिस्तवनचैत्यवन्दनचतुर्विंशतिकाविविधचरित्रपूजादि संस्कृत - गुर्जरगद्यपद्यमयाऽनेकग्रंथनिर्मातः अघो शीघ्रकविरत्न! शास्त्रविशारद! प्रभुभक्त ! पूज्यगुरुदेव !... दिवानिशं धनमेव परमेश्वरमिव ध्यायन्तस्तदर्थं चेतस्ततोऽटाटयमाना वराकाः संसारिजीवा भवद्धृदय उच्छलत्प्रभुभक्तिपरमाऽऽह्लादं कथमवबुध्येरन् ?

(स्रग्धरा छन्दः)

रम्ये श्रीदेढियाऽऽख्ये बुधजनकलिते लब्धजन्मा पुरे यः
प्रातःस्मर्तव्यनामा वरविबुधनतः संयमे लीनचेताः।
विख्यातोऽन्वर्थनाम्ना विरचितविविधग्रन्थरत्नोऽप्रमत्तो
मोक्षश्रीदायकोऽसौ जयतु भुवि चिरं श्रीगुणाम्भोधिसूरिः।।

मनो मित्रीकृत्य - मेरुतोऽपि महीयांसं पंचमहाव्रतभारं सलीलं वहन् ! अहो सुविशुध्धमहाव्रतपालक! मनोचिकित्सक ! पूज्यगुरुदेव!... अणुसदृशमपि नियमलेशं ग्रहीतुं प्रेरयन्तं परमकारुणिकमपि मुनिवृन्दं निषेधयतां जीवानां कृतेऽत्रभवतां जीवनमादर्शरूपं भवतात्।

पूर्णिमाशशांकवच्छीतलसौम्यमनोहरमुखाकृत्याऽऽबाल वृद्धनेत्राऽऽनन्ददायक भगो 'लालजीभाइ'कुलदीपक! मनमोहनमुखाऽऽकृते! पूज्यगुरुदेव!...
लक्षशो धन्यवादाऽर्होऽस्ति पिता 'लालजीभाइः' यस्य कुले भवादशाः कुलदीपकाः सन्ति।

ज्वालामालासदृशक्रोधाद्यप्रशस्यकषायचतुष्टयाऽस्पृष्टांऽतःकरण! अहो कषायविजेतः! क्षमामूर्ते ! पूज्यगुरुदेव !... कषायकालिमाक्रान्तं कठोरताक्रूरताद्यनेकदोषदुष्टमस्माकमन्तःकरणं भवत्कृपा - दृष्टिजलवृष्ट्या निर्मलीभूय सदैव मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यादि - भावनाऽमृतपरिप्लावितं भूयात्।

'यथा नमा तथा गुणाः' इत्युक्तिं क्षमामादर्वाऽऽर्जवसंतोषधैर्यगाम्भीर्यौ दार्यपरार्थरसिकताशास्त्रसापेक्षशुध्धप्ररूपकताद्यगणितगुणगण मात्मसात्कृत्य सत्यापयन्! हे यथार्थनाम! गुणरत्नाकर! युगप्रभावक ! पूज्यगुरुदेव!... सदैव परनिन्दाऽऽत्मश्लाधाभ्या मपवित्रीभूताऽस्माकं जिह्वाऽत्रभवतामद्भुतगुणगणगानेन पवित्रीभूय गुणग्राहिणी भवतात् ।

गुरुवर्ययोः (प्रगुरुदेवश्रीगौतमसागरसूरीश्वरस्य गुरुदेवश्रीनीतिसागरगणिवर्यस्य च)अप्रमत्ततया निरंतरवैयावृत्यकरणेन प्राप्ताऽचिन्त्यमहिमशालिगुरुकृपाप्रभावेन केवलपंचवार्षिकदीक्षापर्याय एव प्राप्तपाठकप्रवरपद! ओ गुरुकृपापात्र ! ज्ञाननिधे ! अनेकग्रंथप्रणेतः! पूज्यगुरुदेव !... योगिनामप्यगम्यपरमगहनसेवाधर्मरहस्यं तत्रभवतामचिन्त्यकृपयाऽस्माकं हृदये स्फुरायमानं भवतात्।

रुष्टतातुष्टतादिदोषयुक्तानन्यदेवान्समुपेक्ष्याऽष्टादशदोष रहितं देवाधिदेवं श्रीजिनेश्वरं पर्युपासितुं प्रतिबध्धलक्ष्य ! अहो द्वासप्ततिविंशत्याद्य- नेकजिनालयोपाश्रयप्रेरक ! तीर्थोद्धारक ! पूज्यगुरुदेव !... चिन्तामणिकल्पपादपकामधेनुकामकुम्भादिभ्योऽप्यतिशयमहिमाशालिनं श्रीजिनेश्वरं परित्यज्य नानाविधमिथ्यादृग्देवतापर्युपासमाना वराका ऐहिकसुखाऽभिलाषिणो जीवा भवत्कृपया देवाधिदेवस्याऽ- परिमेयमहिमानमवबोधन्तु।

देढियाग्रामस्य देदीप्यमानदिव्यदीपकतुल्य! देवाधिदेवस्य परमोपासक! देवानामपि दर्शनीय! दयासागर! भगो दर्शनीयमूर्ते! पूज्यगुरुदेव!... अदर्शनीयदृश्यदर्शनदृप्ताऽस्माकं दृष्टिस्तत्रभवद्दिव्यदेहयष्टिदर्शने देववन्निर्निमेषतां भजतु।

वमनादपि विशेषेण जुगुप्सनीयविषयविषमूर्छितेभ्यो जीवेभ्यो जिनवचनव्याख्यानाऽमृतवृष्ट्या पुनर्जीवनप्रदायक! हे व्याख्यानवाचस्पते! विद्यापीठत्रयसंस्थापक ! विधिपक्षगच्छाऽलङ्कार ! वात्सल्यमूर्ते ! पूज्यगुरुदेव !... सदाऽप्रशस्तविषयान्प्रति धावनशीला- न्यस्माकं चक्षुरादीन्द्रियाणि तत्रभवतां पुनितदर्शनवन्दनाऽर्चनवाणीश्रवणवैयावृत्त्यादिषु सदा लीनानि भवन्तु।

**श्री**मन्निर्धनयोः श्वपचविप्रयोर्वा निष्पक्षपाततयाऽऽत्मौपम्यदृष्ट्या वीक्षक ! आत्मवत्सर्वभूतेष्वित्यार्षवचनानुसारेण सर्वजीवराशिहितचिंतक ! हे शरणागतवत्सल !
पूज्यगुरुदेव! केवलपुद्गलप्रतिबद्धे स्वार्थप्रचुरेऽस्माकं हृदये परहितचिन्ता स्वरूपा मैत्रीभावना प्रोल्लसिता भवतु।

**गु**र्जरगीर्वाणगिरोर्गद्यपद्यमयगौरव प्रदाऽनेकग्रन्थगुम्फक ! अहोऽज्ञान- तिमिरभास्कर ! शीघ्रकवे ! बहुश्रुत ! पूज्यगुरुदेव !... अज्ञान- तमसीतस्ततो बंभ्रम्यमाणानामस्माकं हृदये भवत्कृपयाऽऽत्मज्ञानज्योतिः प्रकटीभवतात् ।

**'ण'**कारवन्मूर्धन्यस्थान स्थितत्वेऽप्यपूर्वनम्रताभृतहृदय! भो नम्रातिनम्र ! मानमर्दक ! मदमुक्त ! पूज्यगुरुदेव!... निर्गुणित्वेऽप्यहंकारस्तब्धमूर्धानो वयं तत्रभवद्धृदयस्थिताऽतिशुभ्राऽध्यवसायानां कल्पनामपि कर्तुं कथं सक्षमा भवेम?...

**सा**ररहितसंसारसमुद्रतारकशाश्वतसुखालयशिवपुरप्रापकसंयमप्रवहणकुशलसांयात्रिक ! अघो संसारतारक ! संयमप्रदायक ! शिवपुरसार्थवाह ! पूज्यगुरुदेव!... तत्रभवद्वरदहस्तदीक्षितो भवदाज्ञावर्ती च सपादद्विशताऽधिकश्रमणश्रमणीसमुदायोऽत्रभवज्जन्म - हीरकमहोत्सवरूपाऽनन्दप्रदेऽस्मिन्नवसरे भवच्चरणसरोरुहेऽनंतशो नमस्कारकरणेन कृतज्ञतां प्रदर्श्य कृतकृत्यतामनुभवति भवद्दीर्घायुर्निमित्तं च शासनदेवं प्रार्थयति।

**ग**च्छः संपूर्णं जिनशासनं नाऽस्ति तथाऽपि श्रीजिनशासनशरीराऽवयवभूत- स्त्वस्त्येव, तस्माद्गच्छस्य रक्षोन्नत्यादिना शासनस्य रक्षोन्नत्यादि भवतीत्यादिप्ररूपणया पूर्वाचार्यप्रणीतप्राचीनगच्छप्रणालिकां तिरस्कुर्वद्भ्यो गच्छव्यवहाररहस्यप्रबोधक!
हे शुध्धप्ररूपक ! निर्भीकवक्तः ! सुविहितसामाचारीसंरक्षक!
पूज्यगुरुदेव! प्रतिपदं निःशूकतयोत्सूत्रप्ररूपणाकरणे गौरवं मन्यमानास्तथाकथितक्रांतिवादिनस्तत्रभवतां शास्त्रसापेक्षतारहस्यं यद्यवबुध्येरन्तदा कियद्वरं स्यात्?

रसगारवरक्ता विजिताऽन्येन्द्रिया अपि ऋषयः सहसैव संयमसौधाद्भ्रश्यन्तीति विज्ञाय, दीक्षातो वर्षत्रयपूर्वादेव समारभ्य पञ्चाशद्- वर्षान्यावदेकाशनतपसा सह विगतवर्षाऽष्टके सांवत्सरिकतपः कृत्वा स्वकीयशिष्यवृन्दमपि तपःप्रधानं निर्मलं संयमजीवनं पालयितुं सफलसक्रियोपदेशदायक ! अहो तपोनिधे ! पूज्यगुरुदेव! प्रतिदिनं नवनवाऽनेकविधरसांचितभोज्यैरप्यपरितुष्यन्तो वराका रसनेन्द्रियलुब्धा अस्मादृशा जीवास्तत्रभवतो तपःपूतसंयमजीवनस्य यथार्थमूल्यांकनं कर्तुं कथमलंभवेयुः...

सूरिमन्त्रस्य सातत्येन सक्रियजापात्प्राप्तशक्तीनां सदुपयोगं कृत्वा शासनप्रभावनार्थं सदैव जागरूक ! हे परमशासनप्रभावक ! सूरिमतल्लिके पूज्यगुरूदेव !... सकलमन्त्रशिरोमणिसंसारतारक- श्रीनमस्कारमहामन्त्रऽऽराधनयाऽपि संसारवर्धकाऽर्थकामप्राप्तिमपेक्षमाणा भवाभिनन्दिनो जीवास्तत्रभवतां स्पृहणीयनिःस्पृहतां कथमवबुध्येरन् ?...

रीरीसुवर्णयोर्विषाऽमृतयोस्तिमिरतेजसोर्लोष्ठचिन्तामण्योर्वा यथा समानताख्यापनं स्वकीयमूर्खताप्रदर्शकं भवति तथेतरदर्शनजैनेन्द्रदर्शनयोस्तुल्यत्वकथनं विदुषां हास्यास्पदमेव भवतीत्यादिसदृष्टांतप्ररूपणया सर्वदर्शनसमानमानिनां मुग्धबुद्धीनां जीवानां
जैनेन्द्रदर्शनस्य सर्वोपरितापरिचायक ! भो व्याख्यानवाचस्पते! विद्वद्वर्य! सर्वज्ञशासनसौधस्तम्भायमानपूज्यगुरुदेव !... भवत्कृपयाऽस्माकं हृदये विश्वकल्याणकरश्रीजिनशासनं प्रति प्रकृष्टभक्तिः प्रादुर्भूयात् ।

श्वसनतन्त्रस्नायुवच्छासनसंघसेवार्थमहोनिशं निरन्तरमप्रमत्ततया प्रचण्डपुरुषार्थकारिन्! दीक्षाप्रतिष्ठाऽञ्जनशलाकाऽधिवेशनो- द्यापनतीर्थयात्रासंघाद्यनेकधर्मकार्येषु सफलनेतृत्वप्रदायक! भगो धर्मप्रभावक ! धर्मधुरंधर ! पूज्यगुरुदेव!... सकलगच्छसंमेलनद्वारा श्रीजिनशासनस्यैकछत्रीयसाम्राज्यमेकवाक्यता च यदि भवेत्तर्हि स्वकीयऽऽचार्यपदत्यागार्थमपि सज्जोऽस्मी- त्याद्युदात्तोद्घोषणाकर्तृणां तत्रभवतां हृदय उच्छलन्तीं जिनशासनभक्तिं दृष्ट्वाऽस्माकं मस्तकं भवच्चरणाऽरविन्देऽहोभावेन नानम्यते ।

रमारामादिरागाद्विमुक्त्यर्थं रत्नत्रयीं तत्त्वयीं प्रति च महारागकरणमेव सरलोपाचोऽस्तीति स्वजीवनद्वारेण जगज्जीवानामुपदेशदायक! हेऽप्रशस्तरागविजेतः! पूज्यगुरुदेव ! रत्नत्रयीसमाराधकानां तत्त्वत्रयीपर्युपासकानां कृते तत्रभवज्जीवनमादर्शरूपमस्ति।

श्वेताम्बरदिगम्बरयोरतिचिरकालीनं विवादमुपशमय्य वाराणस्यां भेलुपूरतीर्थेऽपूर्वशासनप्रभावनाकारक! अहोऽनेकसंघविवादोपशामक सौजन्यमूर्ते ! पूज्यगुरुदेव! क्षते क्षारनिक्षेपतुल्यतुच्छवृत्तीनामस्मादृशानां हृदये प्रज्वलन्नीर्ष्याक्रोधवैरादिदावानलो भवत्कृपावारिपुष्करावर्तमेघवृष्ट्योपशाम्यतु।

चित्रं किमत्र भो अहिंसासंयमतपोनिधे! पूज्य गुरुदेव! यदि नाम राष्ट्रपतिश्रीझैलसिंहहस्तेन भवतोऽष्टमसांवत्सरिकतपसः पारणकं सजातं यदि च बिहारराज्यपालश्रीकिडवाईनामाऽपि मुम्बापुरीतः श्रीसमेतशिखरमहातीर्थं प्रति गच्छति विशालयात्रासंघे भवद्दर्शनार्थं स्वयमेव समागतः? यतो यस्य मनः सदा धर्मे वर्तते तस्मै देवा अपि नमस्कुर्वन्तीति श्रीदशवैकालिकसूत्रे प्रतिपादितमस्ति।

रंकतुल्यमपि शरणार्थिनं स्वकीयवात्सल्यसुधासिंचनेन राजपूज्यकारक! अहो दीनोध्धारणधुरीण ! कलिकालकल्पतरो! अशरणजनशरण! वात्सल्यसुधासिन्धो! पूज्यगुरुदेव!.... भवादृशसद्गुरुचरणशरणं समवाप्य कलिकालमपि कृतयुगाधिकं मन्यामहे।

जीमूतवज्जगज्जन्तुजीवातो ! शून्यादपि शताधिकसर्जक! सार्ध-शताधिकश्रमणश्रमणीदीक्षाप्रदायक ! भगो विधिपक्षगच्छ- गगनांगणभास्कर ! प्रातःस्मरणीय ! पूज्यगुरुदेव !... को विस्मयोऽत्र यदि नाम विधिपक्ष(अचल)गच्छस्येतिहासे तत्रभवत्पुण्यनामधेयं सुवर्णाक्षरेणालिख्येत?

यामिनीतृतीयप्रहरप्रारम्भ एव निद्रां परित्यज्य परमेष्ठिपर्युपासनापरायण! हेऽप्रमत्तात्मसाधक! पूज्यगुरुदेव! प्रतिदिनं सूर्योदयानन्तरमर्ध-प्रहराधिके व्यतीते दिने शय्यायामेव स्थित्वा प्राभातिकपानग्रहणानन्तरमेव शय्यातोऽभ्युत्थाय वर्तमानपत्रपठनव्यसनिनः प्रमादिनः संसारिजीवाः तत्रभवदप्रमत्ततामूल्यांकनं कर्तुं कथमलंभवेयुः?

(अनुष्टुब्वृत्तम्)

त्वं मे माता पिता भ्राता, त्वामहं शरणं श्रितः।
त्वया कार्या कृपा नित्यं, तुभ्यं नमोऽस्तु श्रित्यशः ॥१॥
त्वत्तः प्राप्ताऽस्ति दीक्षाऽहो, तव शिष्योऽस्मि शाधि माम्।
त्वयि मेऽस्तु सदा भक्तिः, **महोदय**प्रदा गुरो ! ॥२॥
गुणसागरसूरेर्हि, यथार्थाख्यस्य सद्गुरोः।
गुणान्वर्णयितुं सर्वान्कः क्षमो गीःसमोऽप्यहो ॥३॥

दर्शयति हि बालोऽपि, प्रसार्य स्वौ करौ मुदा।
मानं जलनिधेर्यद्वत्तद्वद्यत्नो ममाऽप्ययम् ॥४॥
भवत्प्रसादेनैवेयं, स्तुतिर्दृब्धा मया गुरो।
स्वल्पबुद्धौ जड़प्राये, मयि शक्तिर्न काचन ॥५॥
पित्रोर्भातिसुधातुल्या, बालस्य स्खलिताऽपि गीः।
तथेयं क्षतियुक्ताऽपि, स्तुतिः स्ताद्भवतां मुदे ॥६॥
कथितं च-' गच्छतः स्खलनं क्वाऽपि, भवत्येव प्रमादतः।
हसन्ति दुर्जनास्तत्र, समादधति सज्जनाः ॥७॥
भ्रान्तोऽस्म्यस्मिन्भवे भूरि, सद्गुरोः शरणं विना ।
नाऽस्ति भवस्य भीतिर्मेऽत्रभवत्कृपयाऽधुना ॥८॥
यन्मयोपार्जितं पुण्यं, स्तुत्याऽनया हि सद्गुरोः
सद्गुरुपादसेवैवाऽऽमोक्षं तेनाऽस्तु मे सदा ॥९॥
मुम्बापुर्यां महालक्ष्म्यां, चार्तुमासस्थितेन वै।
**गुणाब्धिसूरिशिष्येण, महोदयाब्धिना मया ॥१०॥**
वेदवेदखनेत्राऽब्दे, मासे भाद्रपदे शुभे ।
कृष्णपक्षत्रयोदश्यां, रचितेयं स्तुतिर्मुदा ॥११॥
धर्मरत्नाऽऽख्यशिष्यस्य, विज्ञप्त्या भावपूर्णया
गुम्फितेयं देववाण्यां, पाठकस्य शिवश्रिये ॥१२॥

॥ श्री सद्गुरुः शरणं मम ॥

# અચલગચ્છાધિપતિ પરમપૂજ્ય ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ અમર રહો!... (૪)

## (શ્રી અ.ભા.અચલગચ્છીય ચતુર્વિધ જૈન સંઘના સર્વ સભ્યો વતીથી)

## 'ગુણબાલ'

**અ**નંત ઉપકારી અરિહંત પરમાત્માની એકાંત હિતકર આજ્ઞાઓને અનન્ય-ચિત્તે અપ્રમત્તપણે આરાધીને અનેક આત્માઓના આરાધ્યપાદ બનેલા એવા હે અચલગચ્છદિવાકર અચલગચ્છાધિપતિ પૂજ્ય ગુરૂદેવ!... આપશ્રીનાં આચાર્યપદની રજત જયંતિના આ અપૂર્વ આનંદપ્રદ અણમોલ અવસરે અમો આપશ્રીનાં અર્ચનીય (પૂજનીય) અંઘ્રિયુગલ (ચરણયુગલ)માં અહંભાવને ઓગાળીને અત્યંત ભક્તિભાવે અંજલિ જોડીને આપનાં અગણિત ગુણોની સ્તુતિ રૂપ અર્ઘ્ય અર્પણ કરીને આપના અમીભર્યા આશીર્વાદ પ્રાપ્ત કરવા દ્વારા જીવનની કૃતાર્થતાનો અનુભવ કરવા ઇચ્છીએ છીએ!

**ચ**કચકાયમાન ચારુ (સુંદર) ચારિત્ર દ્વારા ચતુર પુરુષોના ચિત્તને ચોરનારા (ચમત્કાર ઉપજાવનારા) એવા હે સચ્ચારિત્ર ચૂડામણિ ! પૂજ્ય ગુરૂદેવ ! અમારું આ ચંચલ ચિત્ત સદૈવ આપશ્રીનાં ચરણારવિંદમાં ચંચરીક (ભ્રમર)ની જેમ આચરણ કરો !

**લ**સલસતા બ્રહ્મતેજોમય લલાટના લીધે લાખો લોકોનું લક્ષ્ય લીલામાત્રથી જેમની લક્ષણ લક્ષિત ગાત્રયષ્ટિ (શરીર) તરફ આકર્ષાય છે એવા હે દર્શનીય દેહયષ્ટિ! આબાલબ્રહ્મચારી ! પૂજ્ય ગુરૂદેવ ! સંસારની મોહમાયામાં મગ્ન બનેલું અમારુ મનડું સદૈવ આપના મનોહર મુખારવિંદના ધ્યાનમાં નિમગ્ન બનો !

**ગ**ચ્છ અને શાસનના ઉત્કર્ષ કાજે ગજગામિની ગતિ દ્વારા ગાઉઓનાં ગાઉઓ સુધી ગામડે ગામડે ઘુમીને ધર્મની ધજા ગગનમંડળમાં લહેરાવનાર એવા હે ઉગ્રવિહારી ! ધર્મ પ્રભાવક ! પૂજ્ય ગુરૂદેવ !... એક ગાઉના અંતરે રહેલ ગામમાં જવા માટે પણ બસ કે મોટરની રાહ જોવાને ટેવાયેલા અમારા જેવા સંસારી જીવોનું અંતર, ગચ્છાધિપતિ હોવા છતાંય ૬૮ વર્ષની જૈફ ઉંમરે પણ શક્ય હોય ત્યાં સુધી ડોળીના ઉપયોગને પણ ટાળતા રહીને આજીવન પાદવિહારીતાનાં ભીષ્મવ્રતને વરેલા એવા આપના પ્રત્યે આફ્રીન પુકારી ઉઠે છે.

**ચ્ય**વનાદિ પ્રસંગોમાં દેવોને પણ દુઃખનાં દરિયામાં ડૂબેલા દેખીને એકાંતિક, આત્યંતિક અને અક્ષય એવા આત્મિક સુખની પ્રાપ્તિ માટે કટિબધ્ધ બનેલા એવા હે આત્માનંદી ! પૂજ્ય ગુરૂદેવ ! પ્રતિપળ પૌદ્ગલિક પદાર્થોમાંથી સુખ મેળવવા માટે નિષ્ફળ વલખા મારતા અમારા ચિત્તમાંથી આપની કૃપાનાં અચિંત્ય પ્રભાવથી ભવાભિનંદીતા અને પુદ્ગલાનંદીતા દૂર થઇ મોક્ષાભિલાષીતા શીઘ્રાતિશીઘ્ર પ્રગટ થાઓ.

**છા**યા હોય કે આતપ (તડકો) સુખ હો યા દુઃખ, અનુકૂળતા હો કે પ્રતિકૂળતા, સદા સર્વત્ર સર્વથા સમતા રૂપી સરોવરમાં ઝીલનારા એવા હે સમતાના ભંડાર ! પૂજ્ય ગુરૂદેવ !.... ક્ષણમાં રૂષ્ટ તો ક્ષણમાં તુષ્ટ, ઘડીમાં હર્ષ તો બીજી જ પળે શોક, આમ સદા રતિ-અરતિ વચ્ચે ઝોલા ખાતું, આર્ત-રૌદ્ર ધ્યાનમાં જ અટવાયેલું અમારું ચિત્ત આપની છત્રછાયાનાં પ્રભાવથી ધર્મ ધ્યાનમાં સ્થિરતાને ભજો.

ધિક્કારવા યોગ્ય કોઇ હોય તો કેવળ પાપો જ છે, નહિ કે કર્માધીન પાપી જીવાત્મા-એ આર્ષવાણીને આત્મસાત્ કરીને... પરમ પવિત્ર, પાપપ્રણાશક પારમેશ્વરી પ્રવજ્યા પ્રદાન કરવા દ્વારા પતિતોને પણ પાવન કરનારા એવા હે પતિતપાવન! પ્રાતઃસ્મરણીય ! પૂજ્ય ગુરૂદેવ ! .... ધન્યાતિધન્ય છે તે માતા ધનબાઇની કુક્ષિને જેણે આપના જેવા પનોતા પુત્રરત્નને જન્મ આપ્યો છે.

પરમ પવિત્ર પંચપરમેષ્ઠી ભગવંતોને પ્રતિ પ્રભાતે પ્રણિપાતદંડક સૂત્રના પાઠ દ્વારા પ્રણિધાન પૂર્વક એકસો આઠ વાર પંચાંગ પ્રણિપાતપૂર્વક પ્રણામ કરીને પૂજ્યો પ્રત્યેની પોતાની પ્રકૃષ્ટ પ્રીતિને પ્રગટ કરનારા એવા હે પરમેષ્ઠી પર્યુપાસક ! પૂજ્ય ગુરૂદેવ ! પત્નીના પગમાં આળોટવામાં આનંદ માનનારા એવા વાસનાના કાદવમાં ખૂંચેલા બિચારા સંસારી જીવોને આપની પરમ પુનિત પાદરેણુનાં પવિત્ર પરમાણુઓ પાવન કરો!....

તિતિક્ષા ત્યાગ અને તપના તેજોમંડળ દ્વારા તરણિ (સૂર્ય) ને પણ તિરસ્કૃત કરનારા એવા હે તપોમૂર્તિ ! પરમ ત્યાગી ! તીર્થ પ્રભાવક ! પૂજ્ય ગુરૂદેવ ! કેવળ ભોગસુખોનેજ સર્વસ્વ માનનારા સંસારી જીવો આપના ત્યાગમય જીવનની તાજગીનો તાગ કયાંથી કાઢી શકે ?....

પરમપિતા પરમાત્મા પ્રત્યેની પ્રકૃષ્ટ પ્રીતિના પરમ પ્રભાવથી પરમાત્મ ભક્તિમય સંસ્કૃત તથા ગુર્જરભાષામાં ભાવવાહી સ્તુતિ-સ્તવન-ચૈત્યવંદન ચોવીશીઓ, ચોઢાળિયાઓ, ચરિત્રો, વિવિધ પૂજાઓ આદિ ગદ્ય - પદ્યમય અનેક ગ્રંથોના રચયિતા એવા હે શીઘ્રકવિરત્ન ! શાસ્ત્રવિશારદ! પ્રભુભક્ત ! પૂજ્ય ગુરૂદેવ ! 'પૈસો મારો પરમેશ્વર ! ને હું પૈસાનો દાસ' એવો લવારો કરનારા, પૈસાની પાછળ પાગલની જેમ ભટકનારા એવા પૈસા પ્રેમી બિચારા સંસારી જીવો આપના અંતરમાં ઉછાળા મારતી પ્રભુભક્તિની મસ્તીને કયાંથી સમજી શકે ?...

રસનેન્દ્રિય અને રસગારવમાં રક્ત બનેલા અચ્છા અચ્છા રૂસ્તમો અને ઋષિમુનિઓના પણ સંયમકુસુમને ક્ષણવારમાં મુરજાઇ જતાં વાર લાગતી નથી એમ જાણીને... સ્વયં ૪૮ વર્ષોથી સળંગ એકાસણા કરવા ઉપરાંત છેલ્લા ૬ ચાતુર્માસમાં એકાંતરા ઉપવાસ દ્વારા ચોમાસી તપ આદિ તપોમય જીવન જીવીને પોતાના શિષ્યવૃંદને પણ તપઃપ્રધાન જીવન જીવવાનો સક્રિય ઉપદેશ આપનારા એવા હે તપોનિધિ ! પૂજ્ય ગુરૂદેવ ! તીખા તમતમતા મસાલેદાર અનેકવિધ તામસી ભોજનોથી પણ તૃપ્તિ નહિ પામનારા અમે રસલંપટ જીવો આપશ્રીના તપઃ પૂત જીવનની કદર ક્યાંથી કરી શકીએ ?

મનને મારી મચડીને નહિ, પરંતુ મિત્ર બનાવીને, મેરૂથી પણ મહાન એવા પંચ મહાવ્રતોના ભારને સહજતાએ વહન કરનારા એવા હે મહાવ્રતધારી ! મનોચિકિત્સક ! પૂજ્ય ગુરૂદેવ ! નાના સરખા નિયમને ગ્રહણ કરવા માટે પણ ગળિયા બળદની માફક ગલ્લા - તલ્લા કરનારા જીવો માટે આપશ્રીનું જીવન આદર્શ દીવાદાંડી જેવું બની રહો !...

પૂર્ણ કળાએ ખીલેલા પૂનમના ચંદ્ર જેવી શીતલ-સૌમ્ય-મનોહર મુખાકૃતિવાળા પનોતા પુત્રના પગલા પોતાના ઘરમાં થવાથી જેમનો આનંદ ઉરમાં સમાતો નથી એવા પિતા લાલજીભાઇના લાડકવાયા ! હે મનમોહન મુખાકૃતિ ! પૂજ્ય ગુરૂદેવ !... લાખ લાખ ધન્યવાદ છે પિતા લાલજીભાઇને કે જેમના કુળમાં (છેડા ગોત્રમાં) આપના જેવા કુળદીપકો પાક્યા છે !....

જ્વાળામુખી જેવા ક્રોધાદિ કષાયોથી સદા સો ગાઉ દૂર રહેનારા એવા હે કષાય વિજેતા ! ક્ષમામૂર્તિ ! પૂજ્ય ગુરૂદેવ !...કષાયોની કાલિમાથી કાળાશને પામેલું અમારું કર્કશ કઠોર અને ક્રૂર અંતર આપની કૃપાદ્રષ્ટિ રૂપી જલવૃષ્ટિથી નિર્મલતાને પામી મૈત્રી-પ્રમોદ-કરૂણા અને માધ્યસ્થ્ય ભાવનાની સુગંધથી સદાય સુવાસિત રહે !...

'યથા નામ તથા ગુણા' એ ઉક્તિને, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, ધૈર્ય, ગાંભીર્ય, ઔદાર્ય, પરાર્થરસિકતા, શાસ્ત્રયુક્તતા, શુદ્ધપ્રરૂપક્તા આદિ અગણિત ગુણોને જીવનમાં આત્મસાત્ બનાવીને-ચરિતાર્થ કરનારા એવા હે યથાર્થનામ ! ગુણરત્નાકર ! યુગપ્રભાવક ! પૂજ્ય ગુરૂદેવ...! સદૈવ પરનિંદા અને આત્મપ્રશંસા કરવાથી અપવિત્ર બનેલી અમારી જિહ્વા આપશ્રીના અદ્‌ભુત એવા સદ્‌ભૂત ગુણોના ગાનથી પવિત્રતાને પ્રાપ્ત કરી ગુણગ્રાહી બનો !

ગુરુવર્યો (દાદા ગુરૂદેવશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા. તથા ગુરૂદેવશ્રી નીતિસાગરજી મ.સા.) ની અપ્રમત્તપણે અખંડ વૈયાવચ્ચ કરવાથી પ્રાપ્ત થયેલ અચિંત્યમહિમાશાળી ગુરૂકૃપાના પ્રભાવથી માત્ર પાંચ જ વર્ષના અલ્પ દીક્ષા પર્યાયમાં ઉપાધ્યાય પદવીને પ્રાપ્ત કરનારા એવા હે ગુરૂકૃપાપાત્ર ! જ્ઞાનનિધિ ! અનેક ગ્રંથ પ્રણેતા ! પૂજ્ય ગુરૂદેવ!... યોગીઓને પણ અગમ્ય એવા સેવાધર્મનું રહસ્ય આપની અચિંત્યકૃપાથી અમારા અંતરમાં સ્ફુરાયમાન હો !...

રૂ ના વસ્ત્રની માફક સહુની આબરૂની રક્ષા કરનારા, રૂ જેવા નિર્મળ ચારિત્રને પાળનારા, ઉજ્જવળ યશોભાગી ! રૂંવાડે રૂંવાડે જિનશાસનના રાગથી રંગાયેલા એવા હે ઋષિશ્રેષ્ઠ ! પૂજ્ય ગુરૂદેવ !.... રોમ રોમમાં રમા-રમાના રાગથી રંગાયેલા એવા સ્વાર્થમગ્ન અમે આપના પવિત્ર અંતઃકરણને શી રીતે ઓળખી શકીએ ?

દેઢિયા ગામના દેદીપ્યમાન દિવ્ય દીપક સમાન, દેવાધિદેવના પરમ ઉપાસક, દેવોને પણ દર્શનીય, દયાના સાગર ! એવા હે દર્શનીયમૂર્તિ ! પૂજ્ય ગુરૂદેવ !.... અદર્શનીય દશ્યોના દર્શન કરીને દપ્ત (ઉન્મત્ત) બનેલી અમારી દષ્ટિ આપની દિવ્ય દેહયષ્ટિના દર્શન કરવામાં દેવની માફક અનિમેષપણાને ધારણ કરો !....

વમનથી પણ વિશેષે જુગુપ્સનીય એવા વિષયોના વિષથી મૂર્છિત બનેલા જીવોને જિનવાણી રૂપી અમૃતથી પુર્નજીવિત કરનાર એવા હે વ્યાખ્યાન વાચસ્પતિ ! વિદ્યાપીઠ સ્થાપક ! વિધિપક્ષગચ્છાલંકાર ! વાત્સલ્યમૂર્તિ ! પૂજ્ય ગુરૂદેવ !... અપ્રશસ્ત વિષયો તરફ સહજતાએ દોડનારી અમારી ચક્ષુ આદિ ઈન્દ્રિયો આપના પુનીત દર્શન-વંદન વાણીશ્રવણ - વૈયાવચ્ચ આદિમાં સદા લીન બની રહો!...

શ્રીમંત હો કે ગરીબ, શ્વપાક (ચંડાળ) હો કે સ્વયંપાકી વિપ્ર, સદા સહુને આત્મતુલ્યદ્રષ્ટિથી જોનારા અને 'આત્મવત્ સર્વભૂતેષુ' એ આર્ષવચનાનુસાર સહુનું કલ્યાણ ઈચ્છનારા એવા હે આર્ષદ્રષ્ટા ! પૂજ્ય ગુરૂદેવ !.... માત્ર જડને જ જોવાને ટેવાયેલા, સ્વાર્થવૃત્તિમાં રાચતા એવા અમારા અંતરમાં આપની કૃપાથી 'શિવમસ્તુ સર્વજગતઃ' રૂપ મૈત્રી ભાવના પ્રોલ્લસિત થાઓ !....

ગુર્જર તેમજ ગીર્વાણવાણી (સંસ્કૃત)માં, ગેય તથા ગદ્યમય ગૌરવપ્રદ અનેક ગરવા ગ્રંથોની રચના કરનારા એવા હે અનેક ગ્રંથરચયિતા, બહુશ્રુત પૂજ્ય ગુરૂદેવ ! અજ્ઞાન રૂપી અંધકારમાં અહીં તહીં અથડાતા એવા અમારા અંતરમાં આત્મજ્ઞાન રૂપી જ્યોતિને પ્રગટાવો !...

‘ણ’કારની માફક મૂર્ધન્ય સ્થાને (ગચ્છાધિપતિ આચાર્ય) પદે સ્થિત હોવા છતાં નખ-શીખ નમ્રતાથી ભરેલા એવા હે નિરભિમાની! માનમર્દક! મદમુક્ત! પૂજ્ય ગુરૂદેવ! નિગુર્ણી હોવા છતાં પણ અણુ અણુમાં અહંભાવથી ભરેલા, અભિમાનથી અક્કડ એવા અમો આપના અંતરમાં રહેલા અતિશુભ્ર અધ્યવસાયોની કલ્પના પણ ક્યાંથી કરી શકીએ ?

સાર વિનાના સંસાર સાગરના સામે પાર પામીને, સાચા શાશ્વત સુખના સ્થાન રૂપ શિવનગરીમાં પહોંચાડનાર સંયમ રૂપી સ્ટીમરના સાચા સફળ-કુશળ સુકાની એવા હે સંસાર તારક! સંયમદાતા! પૂજ્ય ગુરૂદેવ...! આપશ્રીના વરદ હસ્તે દીક્ષિત બનેલા તેમજ આપના આજ્ઞાવર્તી સાર્ધશતાધિક (૧૫૦ થી વધારે) શ્રમણ-શ્રમણીઓ આપશ્રીના સૂરિપદના રજત જયંતિના આ આનંદપ્રદ અવસરે આપશ્રીને અનંત અનંત વંદના કરવા દ્વારા કૃતજ્ઞતાને વ્યક્ત કરી કૃતકૃત્યતાનો અનુભવ કરી રહ્યા છે અને આપશ્રીના દીર્ઘાયુષ માટે શાસનદેવને પ્રાર્થના કરી રહ્યા છે...!

ગચ્છ એ સંપૂર્ણ જિનશાસન ભલે નથી પરંતુ તે જિનશાસનરૂપી શરીરનું એક કિંમતી અવયવ જરૂર છે. તેથી ગચ્છ રૂપી અવયવની રક્ષા-ઉન્નતિમાં જિનશાસનની રક્ષા-ઉન્નતિ સમાયેલી છે ઈત્યાદિ પ્રરૂપણા દ્વારા, પૂર્વાચાર્ય પ્રણીત ગચ્છોની પ્રાચીન પ્રણાલિકા તરફ તિરસ્કારની દ્રષ્ટિથી જોનારા બુદ્ધિજીવીઓના અંતરમાં ગચ્છ વ્યવસ્થાના રહસ્યને જડબેસલાક બેસાડી દેનારા એવા હે શુદ્ધપ્રરૂપક ! નીડર વક્તા ! સુવિહિતસામાચારી સંરક્ષક ! પૂજ્ય ગુરૂદેવ! ... વાતવાતમાં બેધડકરીતે ઉત્સૂત્ર પ્રરૂપણા કરવામાં ગૌરવ માનનારા, કહેવાતા ક્રાંતિવાદી સુધારકો આપની શાસ્ત્રચુસ્તતાનાં મર્મને સમજે તો કેવું સારું !...

રમા અને રામાનાં રંગરાગમાં રઘવાયા બનીને રગદોળાતા સંસારી જીવોની રીબામણને જોઈને અત્યંત કરૂણાર્દ્ર હૃદયથી તેમને અનંત, અવ્યાબાધ સુખમય અજરામરપદ પામવાનો રાહ ચીંધતા એવા હે કરૂણસાગર! કૃપાનિધિ! પૂજ્ય ગુરૂદેવ !.... આપની કૃપાથી અમારા આત્મામાં શીઘ્રાતિશીઘ્ર મોક્ષમાર્ગાનુસારીતા પ્રગટ થાઓ!...

સૂરિમંત્રનાં સાતત્યપૂર્વક સક્રિય જાપથી સાંપડેલી શક્તિઓનો સદુપયોગ કરીને શાસન પ્રભાવના કરવા માટે સદૈવ સજાગ એવા હે પરમ શાસન પ્રભાવક ! સૂરિશ્રેષ્ઠ ! પૂજ્ય ગુરૂદેવ ! સકલમંત્ર શિરોમણિ તારક શ્રી નમસ્કાર મંત્રની આરાધના દ્વારા પણ સંસારવર્ધક અર્થ પ્રાપ્તિની અપેક્ષા રાખનારા ભવાભિનંદી જીવો આપની નિઃસ્પૃહતાને ક્યાંથી પીછાની શકે ?

રીશ અને રાગની ભીષણ આગથી જેમનાં જીવનબાગમાં ખીલેલા ગુણો રૂપી પુષ્પો કદી સ્પર્શાયેલા નથી એવા હે કષાયવિજેતા ! પૂજ્ય ગુરૂદેવ ! કષાયોના દાવાનળમાં ભડકે બળતા અમારા જીવનરૂપી વૃક્ષને આપની કૃપાદ્રષ્ટિ રૂપી પુષ્કરાવર્ત મેઘની વૃષ્ટિથી નવપલ્લવિત બનાવો.

શ્વસનતંત્રનાં સ્નાયુઓની માફક શાસન સંઘની સેવા માટે રાત-દિવસ કાર્યશીલ અને દીક્ષા-પ્રતિષ્ઠા-અંજનશલાકા-અધિવેશન-ઉજમણા-છ’ રી પાળતા સંઘ આદિ અનેક ધર્મ મહોત્સવો અને ધાર્મિક પ્રસંગોમાં સફળ નેતૃત્વ પૂરું પાડનાર એવા હે ધર્મપ્રભાવક! ધર્મધુરંધર ! પૂજ્ય ગુરૂદેવ ! સર્વ ગચ્છોના સંગઠન દ્વારા જિનશાસનની એકવાક્યતા - એકસૂત્રતા થતી હોય તો પોતાના આચાર્ય પદનો ત્યાગ કરવાની ઉદાત્ત ઉદ્દ્ઘોષણા કરનારા એવા આપનાં અંતરમાં ઉછાળા મારતી શાસન ભક્તિને જોઈને અમારું મસ્તક આપના પ્રત્યે અહોભાવથી ઝૂકી જાય છે.

રમા અને રામાના રાગથી રહિત બનવા માટે રત્નત્રયી અને તત્ત્વત્રયી પ્રત્યે મહારાગ કેળવવો એજ સરળ અને સચોટ ઉપાય છે એમ પોતાના જીવન દ્વારા જગત્-જીવોને સંદેશો આપનારા એવા હે (અપ્રશસ્ત) રાગ વિજેતા ! પૂજ્ય ગુરૂદેવ ! રત્નત્રયીના આરાધકો અને તત્ત્વત્રયીના ઉપાસકો માટે આપનું જીવન આદર્શ રૂપ બની રહો!

'જીવો અને જીવવા દો' (Live and let live) એ લૌકિક સૂત્ર છે. જ્યારે 'પોતાની જાનના જોખમે કે ભોગે પણ બીજા જીવોને જીવાડો' એવો લોકોત્તર સંદેશ આપનાર જો કોઈ હોય તો તે શ્રી જિનશાસનની જ બલિહારી છે એવી ઉમદા ઉદ્‌ઘોષણા કરનારા હે શુદ્ધ પ્રરૂપક ! પ્રખર વક્તા ! પૂજ્ય ગુરૂદેવ !... વાતવાતમાં શાસ્ત્રવિરૂદ્ધ મનઘડંત વિધાનો આડેધડ કરતા રહીને પોતાને ક્રાંતિકારી કહેવડાવવામાં આનંદ માનનારા કેટલાક અર્ધદગ્ધ કહેવાતા સમાજ સુધારકો ? આપશ્રીની શાસ્ત્રાનુસારિણી વિચારસરણીના હાર્દને સમજે તો કેવું સારુ? પણ વો દિન કહાં કિ....?

મહામોહથી મુંઝાઈને કંચન-કામિની-કુટુંબ-કીર્તિ અને કાયાની માયામાં મગ્ન એવા મુગ્ધ માનવોના મનમાં, મહાપુરુષોથી પણ સ્પૃહણીય એવી મુક્તિરમણી પ્રત્યે મમતા ઉત્પન્ન કરાવનાર એવા હે મુક્તિવધૂમેલાપક! મોક્ષમાર્ગોપદેષ્ટા ! પૂજ્ય ગુરૂદેવ !.. આપની કૃપાનાં પ્રભાવથી ભવાભિનંદી એવા અમારા અંતરમાં સંસારસુખો પ્રત્યે તીવ્ર નિર્વેદ અને તીવ્ર મોક્ષરૂચિ ઉત્પન્ન થાઓ !

હામ યુક્ત હૈયાથી, વિઘ્ન સંતોષી વિરોધીઓનાં વિરોધ રૂપી વાવંટોળ સામે ક્યારેક એકલવીર બનીને પણ હિંમતભેર ઝઝુમીને આજીવન શાસન-સંઘ-ગચ્છ-સમાજ અને ધર્મની સેવાનાં પુણ્ય સંકલ્પને વરેલા એવા હે શાસનસૌધસ્તંભાયમાન ! ધર્મવીર ! પૂજ્ય ગુરૂદેવ !... ધર્મ અને સંસ્કૃતિ ઉપર અનેક પ્રકારની આફતોના સમયમાં પણ સ્વકર્તવ્યથી વિમુખ બનીને માયા-મમતાની ચાદર ઓઢીને સુખશય્યા ઉપર મીઠી મજાની મોહનિદ્રામાં પોઢેલા શાહમૃગ જેવી ભાગેડુ વૃત્તિવાળા અમારા જેવા જીવો માટે આપશ્રીનું અપ્રમત્ત જીવન પડકાર રૂપ બની રહો!...

રાત્રે દોઢેક વાગ્યે નિદ્રાત્યાગ કરીને રાત દિવસ રત્નત્રયીની આરાધનામાં  અવિરતપણે રમણતા કરનારા એવા હે અપ્રમત્ત આરાધક ! પૂજય ગુરૂદેવ !... સવારના સાડા સાત વાગ્યે પણ પથારીમાં જ બેસીને ચા પીધા પછી જ પથારીમાંથી નીચે પગ મૂક્તાંની સાથે જ આખી દુનિયાની પંચાત કરનારા છાપામાં મોઢું ઘાલનારા એવા બિચારા પ્રમત્ત સંસારી જીવો આપની અપ્રમત્તતાની  કદર ક્યાંથી કરી શકશે ?

જમાનાવાદનાં ઝેરી ઝપાટામાં ઝડપાયેલા જગત્-જીવોને જગદુદ્ધારક શ્રી જિનેશ્વર ભગવંતોના જયવંતા જિનશાસનના જીવમાત્રની રક્ષા કરવાના સંદેશને પહોંચાડવા માટે સદૈવ તત્પર એવા હે પરોપકાર પરાયણ! પરાર્થરસિક ! પૂજ્ય ગુરૂદેવ !... આપના અચિંત્ય પ્રભાવથી, અમારા અંતરમાં અનાદિકાળથી અડ્ડો જમાવીને બેઠેલી જડ પદાર્થો પ્રત્યેની પ્રીતિ દૂર થઈ, સમસ્ત જીવરાશિ પ્રત્યે સ્નેહપરિણામ જાગ્રત થાઓ.

સામાન્ય આત્મામાંથી સહુ કોઈને સિદ્ધ પરમાત્મા બનાવી દેવાનાં પુણ્ય સંકલ્પને વરેલા શ્રી જિનશાસનની રક્ષા-ઉન્નતિ અને પ્રભાવના કરવાને માટે સદૈવ સજાગ રહેનારા એવા હે શાસનસમ્રાટ ! સૂરિપુંગવ ! પૂજ્ય ગુરૂદેવ ! આપશ્રીના સૂરિપદની રજત જયંતિની માફક માત્ર પાંચ જ વર્ષ પછી આવનાર આપના સંયમ પર્યાયની સુવર્ણ જયંતિ અને સાત વર્ષ પછી આવનાર આપના જન્મની હીરક જયંતિ ઉજવવા માટે અમારૂં અંતર થનગની રહ્યું છે !...

હેતથી ભરેલા હૈયાની હૂંફથી હિંમત હારીને હતાશ બનેલા હતોત્સાહી જીવોના હૈયામાં ફરીથી નવી હામ આપીને હર્ષિત બનાવનારા એવા હે હિતચિંતક ! વાત્સલ્યસુધાસિંધુ ! પૂજ્ય ગુરૂદેવ !... પડતાને પાટુ મારવાની પાપી પ્રકૃતિવાળા અમારા અંતરમાં આપની પતિત પાવની પ્રતિકૃતિ સદૈવ અંકિત રહો !...

બળતામાં ઘી હોમીને ક્લેશની આગને વધારે પ્રજ્વલિત કરવાની નારદવૃત્તિવાળા ઘણા મળશે પરંતુ બળતાને ઠારનારા તો કોઈ વિરલાજ હોય છે. એ ઉક્તિને અનેક સંઘો અને વ્યક્તિઓનાં આપસઆપસનાં કુસંપને અદ્‌ભુત રીતે મિટાવીને ચરિતાર્થ કરનારા એવા હે ક્લેશનિવારક ! બાલબ્રહ્મચારી ! બહુંતેર જિનાલયોપદેષ્ટા ! પૂજ્ય ગુરુદેવ !... અમારા અંતરમાં સળગતી ઈર્ષ્યા, અદેખાઈ, વેર-ઝેર અને ક્લેશ કંકાસની હોળીઓ આપની કૃપાવૃષ્ટિથી શીઘ્ર શાંત થાઓ!...

અખિલ ભારત અચલગચ્છીય ચતુર્વિધ જૈન સંઘના બબ્બે વાર વિરાટ ઐતિહાસિક અધિવેશનમાં સફળ નેતૃત્વ પૂરું પાડીને અચલગચ્છને ઉન્નતિના શિખરે પહોંચાડનાર, જાણે શૂન્યમાંથી સેંકડોનું સર્જન કરનાર, હે અચલગચ્છ ગગનાંગણ ભાસ્કર! પૂજ્ય ગુરૂદેવ ! અચલગચ્છનાં ઈતિહાસમાં આપનું અભિધાન (નામ) સુવર્ણાક્ષરે અંકાય તેમાં આશ્ચર્ય શું ?

મહાવતને પણ નહિ ગણકારતા મદોન્મત્ત હસ્તીની માફક ઉચ્છૃંખલ અને મુક્તિપથનાં પથિક એવા મહામુનિવરોને પણ મહાત કરનાર એવા મન રૂપી મર્કટને મહામંત્ર રૂપી ખીલામાં બાંધીને અંકુશમાં રાખનાર એવા હે મનોગુપ્તિધારક! જિતેન્દ્રિય! પૂજ્ય ગુરૂદેવ! અમારું મન સદૈવ આપની મનોહર મુખાકૃતિનાં ધ્યાનમાં મસ્ત રહો!

રતિ-અરતિ (હર્ષ-શોક) આદિ દ્વંદ્વોથી સદા પર રહીને રાત-દિવસ સમભાવમાં રહેનાર એવા હે સ્થિતપ્રજ્ઞ ! પૂજ્ય ગુરૂદેવ! ક્ષણે ક્ષણે રાગ-દ્વેષ અને આર્ત-રૌદ્ર ધ્યાન વચ્ચે ઝોલા ખાતું અમારું ચિત્ત આપની અમીદ્રષ્ટિનાં પ્રભાવથી ધર્મ ધ્યાનમાં નિમગ્ન બનો !

રમા અને રામાનું રાતદિવસ રટણ કરવાથી સંસાર અટવીમાં અટન કરતા જીવોને દારૂણ દુર્ગતિમાં પતન પામતા જોઈને અષ્ટપ્રવચન માતાનું જતન કરવા પૂર્વક રત્નત્રયીનું રટણ કરવા દ્વારા કર્મશત્રુનું શટન કરીને શિવપુરપત્તનને શીઘ્ર પ્રાપ્ત કરવા માટે બદ્ધ બનેલા એવા હે શિવપુરસાર્થવાહ ! પૂજ્ય ગુરૂદેવ ! કામ ક્રોધાદિ ભયંકર શ્વાપદોથી ભરપૂર એવી ભીષણ ભવ-અટવીમાંથી, કેવળ આપનાજ શરણે રહેલા એવા અમોને શીઘ્ર શિવપુર નગરે પહોંચાડો!

હો વંદન અગણિત આપનાં, ચરણકમલમાં સાર;
કહે 'મહોદય' બાળ આપનો, જોડી કર સો વાર... ૧

ગુરૂ ગુણ ગુમ્ફિત ગદ્યમયી જે, સ્તુતિ કરી આ વાર;
આપ પસાયે ગુરૂદેવ હે, મુજ શક્તિ ન લગાર... ૨

લક્ષણ છંદ તણા નવિ જાણું, ના જાણું અલંકાર;
જડ જેવો પણ સુગુરૂ પસાયે, કરું સ્તુતિ આ વાર.... ૩

કાલી ઘેલી બાલક બોલી, અર્થહીન નિઃસાર;
તો પણ માત પિતા મન લાગે, જાણે અમૃત ધાર... ૪

સાગર સમ ગંભીર ગુરૂનાં, ગુણ છે અપરંપાર;
જીવન પૂરું થાયે તો પણ, ગાતાં નાવે પાર.... ૫

તો પણ હસ્ત પ્રસારીને જિમ, જલધિ તણો વિસ્તાર;
કહે બાળ તિમ મેં પણ કીધી, ગુરૂગુણ સ્તુતિ આ વાર... ૬

અમર રહો હે ગુરૂવર પ્યારા, અમ જીવન આધાર;
અમ અંતરની એજ આરજુ, ઉતારો ભવ પાર.... ૭

સદ્ગુરૂ શરણ વિના હું રજળ્યો, અનંત આ સંસાર;
આપ પસાયે હવે ન મુજને, ભવની ભીતિ લગાર.... ૮

શરણાગત વત્સલ ગુરૂવર હે, કરૂણાનાં અવતાર;
કૃપા કરો અમ અજ્ઞ જનો પર, ઉતારો ભવ પાર.... ૯

આપો એહવા ગુરૂદેવ હે! આશિષ અનરાધાર;
જિમ ભીષણ ભવજલનિધિમાંથી, થાયે બેડો પાર.... ૧૦

સૂરિપદની રજત જયંતિ, પ્રસંગ પામી સાર;
બોલો સહુ કોઈ સાથે મળીને જય ગુરૂવરની ઉદાર.... ૧૧

ગુણસાગરસૂરીશ્વરજી પ્યારા, શાસનનાં શણગાર;
અચલગચ્છના અમૂલ્ય હીરા, અમ આંખોના તારા... ૧૨

ગુણોદયસાગરસૂરિ આપનાં, પટ્ટધર અતિ ઉદાર;
તસ નિશ્રાએ ગુરૂગુણ ગાયા, મન ધરી હર્ષ અપાર... ૧૩

ઓછું અધિકું હોય કહ્યું જે, ગુરૂગુણ સ્તુતિ મોજાર;
મિથ્યા દુષ્કૃત માંગુ તેહનું, ખમજો ભવિ નરનાર.... ૧૪

સવંત બે હજાર સાડત્રીશને, ફાગણ વદિ અગિયાર;
નવાનગરમાં સ્તુતિ કરી આ, સોરઠ દેશ મોજાર.... ૧૫

ગુરૂગુણ ગાશે તસ ઘર થાશે, ઋદ્ધિ સિદ્ધિ સુખકાર;
સુરનર સુખ પામી તે લેશે, મુક્તિવધૂ મનોહાર... ૧૬

**કળશ :**

ઈમ ગચ્છનાયક, મુક્તિદાયક, સ્તવનલાયક ગુરૂવરા;
ગુણ સિંધુસૂરિ ચરણ થુણતાં, લહો '**મહોદય**' પદ નરા...૧૭

# મહા સંયમી, તપસ્વી, ગુરૂદેવશ્રીને પણ આવો વ્યાધિ શા માટે? (૫)

**"જેના ગુણોના સિંધુના બે બિંદુ પણ જાણું નહિ,પણ એક શ્રદ્ધા**
**દિલમહીં કે એ સમા કો છે નહિ,**
**જેના સહારે કૈક તરીયા મુક્તિ મુજ નિશ્ચય સહી, એવા ગુરૂ**
**ગુણસિંધુસૂરિને પંચાંગ ભાવે હું નમું."**

'युँ तो जीनेके लिए सभी जीया करते हैं।
लाभ जीवनसे नहि फिर भी जीया करते हैं।
मरने से पहले मरते हैं हजारो लेकिन
जीना उसे कहते हैं जो मरकर भी जीया करते हैं।'

ઉપરોક્ત શાયરીની અંતિમ પંક્તિને પોતાના જીવનમાં ચરિતાર્થ કરી દેખાડનાર 'बहुजन हिताय बहुजन सुखाय' એવા અનેકવિધ પરોપકારના કાર્યો નિઃસ્વાર્થભાવે જિંદગીના છેલ્લા શ્વાસ પર્યંત કરતા રહીને લાખો લોકોના હૃદય સિંહાસને યુગોના યુગો પર્યંત અત્યંત બહુમાનભર્યું સ્થાન મેળવનાર, શાસન સમ્રાટ, ભારત દિવાકર, તીર્થપ્રભાવક તપોનિધિ, વાત્સલ્યવારિધિ, કલિકાલ કલ્પતરુ, અનંતોપકારી, અચલગચ્છાધિપતિ યથાર્થનામી, પૂજ્યપાદ ગુરૂદેવશ્રીનાં અગણિત ગુણોનું યથાર્થ વર્ણન મર્યાદિત સમયમાં કરવું એ મારા જેવા માટે તો ખરેખર કોઈ પાંગળો માણસ પોતાના પગ દ્વારા વિરાટ અટવીને પાર પામવાની ચેષ્ટા કરે તેની જેમ અશક્ય જણાય છે.

છતાં પણ '**शुभे यथाशक्ति यतनीयं**' સારા કાર્યમાં યથાશક્તિ પણ પ્રયત્ન જરૂર કરવો જોઈએ. એ ઉક્તિને યાદ કરીને હું પણ યથાશક્તિ પૂજ્યશ્રીનાં ગુણોની અનુમોદના કરીને આ જીભને પાવન બનાવવા પ્રયત્ન કરીશ . અથવા તો જેમ કોઈ નાનું બાળક પોતાના બે હાથ પહોળા કરીને સમુદ્રની વિશાળતા દર્શાવવા પ્રયત્ન કરે તેમ હું પણ ગુણોના સાગર એવા પૂજ્ય ગુરૂદેવશ્રીના ગુણોનું યત્કિંચિત્ વર્ણન કરીને શ્રદ્ધાંજલિ અર્પવા પ્રયત્ન કરીશ.

સર્વ પ્રથમ તો એક પ્રશ્ન આજે ઘણાના મનમાં ઘોળાતો હશે તેનું સમાધાન કરવા પ્રયત્ન કરીશ. આજે ઘણાને એમ થતું હશે કે આવા ત્યાગી–તપસ્વી–સંયમી–સાત્વિક જીવનના સ્વામી ગુરૂદેવશ્રીને પણ આવા અસાધ્ય વ્યાધિની અસહ્ય વેદના શા કારણે સહન કરવી પડે હશે? જો આવા ધર્માત્મા–મહાત્મા–

સંતપુરૂષને પણ આવો વ્યાધિ લાગુ પડી શકતો હોય તો પછી ધર્મનો પ્રત્યક્ષ પ્રભાવ કઈ રીતે માની શકાય? ઈત્યાદિ.

આ પ્રશ્નનું સમાધાન મેળવવા માટે આપણે એક વ્યાવહારિક ઘટનાનો વિચાર કરીએ. જેમ કોઈ મોટી વેપારી કંપની ફડચામાં જઈ રહી છે અને હવે દેવાળું કાઢવાની અણી પર છે એવા સમાચાર પ્રસરતાંની સાથે જ ચારે બાજુથી બધા લેણદારો પોતાનું લેણું વસુલ કરી લેવા માટે એ કંપની ઉપર ધસારો કરે છે. તેવી જ રીતે જ્યારે કર્મસત્તાને ખબર પડે છે કે હવે અમુક આત્મા અનાદિકાળથી ચાલી રહેલી સંસારની પેઢીને સમેટી લઈને મોક્ષમાં જવાની તૈયારીમાં છે ત્યારે વિવિધ કર્મપ્રકૃતિઓ પણ જાણે કે પોતાનું લેણું વસુલ કરી લેવા માટે ઉતાવળ કરતી હોય તેમ ઉદયમાં આવે છે. પરિણામે આવા આસન્નસિદ્ધિક-નિકટમોક્ષગામી મહાત્માઓ ઉપર પણ મરણાંત ઉપસર્ગો કે રોગાદિ પરિષહોની ફોજ તૂટી પડે છે.

ચરમ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામીને પણ થયેલા ભયંકર ઉપસર્ગો, વર્તમાન યુગમાં નવકાર મહામંત્રના અજોડ સાધક, અજાતશત્રુ, અધ્યાત્મયોગી સ્વ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી જેવાને પણ દીર્ઘકાળ સુધી ચાલેલી અંતિમ બિમારી... આત્મજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રને ભર યુવાવસ્થામાં લાગુ પડેલા ટી.બી. નો અસાધ્ય વ્યાધિ,.... કલાકો સુધી દેહભાન ભૂલીને ભાવસમાધિમાં લીન રહેતા અજૈન સંત શ્રી રામકૃષ્ણ પરમહંસને પણ ઉત્પન્ન થયેલ ગળાના કેન્સરનું જીવલેણ દર્દ... વિગેરે જૈન અજૈન પ્રાચીન અર્વાચીન અનેક મહાપુરૂષોના જીવન ચરિત્રો ઉપરોક્ત વિધાનનું સમર્થન કરવા માટે વિદ્યમાન છે.

એટલે આવા તપસ્વી-સંયમી ગુરૂદેવશ્રીને પણ આવો અસાધ્ય વ્યાધિ લાગુ પડ્યો તેમાં કશુંય આશ્ચર્ય નથી. પરંતુ અસહ્ય વેદના વચ્ચે પણ અપૂર્વ સમતા એ જ ધર્મનો પ્રત્યક્ષ પ્રભાવ પૂજ્યશ્રીના જીવનમાં સ્પષ્ટપણે જોઈને નાસ્તિકનાં મસ્તકપણ અહોભાવથી ઝુકી જતા હતા! વિષમ પરિસ્થિતિમાં પણ પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ પ્રત્યેની પૂ. ગુરૂદેવશ્રીની અભિરૂચિ અને જાગૃતિ ખરેખર આપણને આશ્ચર્ય સાથે અહોભાવ ઉત્પન્ન કરાવે તેવા હતા. કોઈ કવિએ સાચું જ કહ્યું છે કે -

कर्मभोग भोगे सही, ज्ञानी मूरख दोय।
ज्ञानी भोगे भजनकर, मूरख भोगे रोय।।

પરમારાધ્યપાદ પૂજ્ય ગુરૂદેવશ્રી ખરેખર એક અઠંગ 'કર્મયોગી' હતા

"आराम हराम है" એ જાણે કે તેઓશ્રીનો જીવનમંત્ર હોય તેમ ૨૪ કલાકમાં માંડ ત્રણેક કલાક જ શરીરને વિશ્રાંતિ આપીને બાકીના ૨૧ કલાક પૂજ્યશ્રી સતત અપ્રમત્તપણે નવકાર તથા સૂરિમંત્રનો જાપ, રોજ પંચ પરમેષ્ઠી ભગવંતોને ૧૦૮ ખમાસમણ વિગેરે આત્મસાધનાની સાથે સાથે શાસન-સંઘ-ગચ્છ અને સમાજની ઉન્નતિ માટે અનેકવિધ શુભ પ્રેરણાઓ આપવામાં તથા સંસ્કૃત તેમજ ગુજરાતી ભાષામાં લગભગ લાખ જેટલા શ્લોક-પ્રમાણ સાહિત્યનું સર્જન કરવામાં પૂજ્યશ્રી વ્યસ્ત રહેતા.

માન કે અપમાનની પરવા કર્યા વિના, શરૂ કરેલા શુભ કાર્યને સફળતાપૂર્વક પાર પમાડનારા પૂજ્યશ્રી ખરેખર અત્યંત 'દઢ મનોબલી' 'સંકલ્પસિદ્ધ' મહાપુરુષ હતા.

'આદર મળો કે ના મળો તેની કશી પરવા નથી,
ત્યમ ફળ મળો કે ના મળો, તે જાણવા ઈચ્છા નથી,
કર્તવ્ય કરવા જન્મ આ, દિન રાત તેમાં રત રહી
ઋણ-મુક્ત વિશ્વ થકી થવા, કર્તવ્ય કરવું છે અહીં.'

કવિ ઉમાશંકરના ઉપરોક્ત શબ્દોને પોતાના જીવનમાં જીવી બતાવનાર પૂજ્યશ્રીએ નિઃસ્વાર્થ ભાવે અનેક જિનાલયો, તીર્થો, ઉપાશ્રયો, આદિના નિર્માણ-જીર્ણોદ્ધાર માટે પ્રેરણા કરી, અધિવેશનો, 'છ'રી પાળતા ઐતિહાસિક સંઘો, દીક્ષાઓ-પ્રતિષ્ઠાઓ-અંજનશલાકા-ઉજમણા આદિ ધર્મમહોત્સવોમાં પાવન નિશ્રા આપીને લગભગ ૧૫૦ જેટલા સાધુ સાધ્વીજીઓને સ્વહસ્તે દીક્ષા આપીને ગદ્ય-પદ્યમય વિશાળ નૂતન સાહિત્યનું સર્જન કરીને, શાસન-સંઘ-ગચ્છ તથા સમાજ ઉપર જે અગણિત ઉપકારોની હેલી વરસાવી છે તે માટે તો પૂજ્યશ્રીને પ્રસંગે પ્રસંગે સંઘો મહાજનો, ભક્તો, રાષ્ટ્રપતિ, રાજ્યપાલ વિગેરે દ્વારા અપાયેલા શાસન સમ્રાટ, ભારત દિવાકર, તીર્થ પ્રભાવક, યુગપ્રભાવક, તપોનિધિ, ચમત્કારીક બાબા, રાષ્ટ્રસંત કલિકાલ કલ્પતરૂ, શીઘ્ર કવિ, અચલગચ્છ દિવાકર આદિ બિરૂદો તથા વિશેપણો પણ જાણે કે અધૂરા – વામણા હોય તેમ લાગ્યા વિના રહેતું નથી.

હવે હું પૂજ્યશ્રીના અગણિત ગુણ-રત્નોમાંથી સમયની મર્યાદા હોવાથી થોડાક ગુણ રત્નોનો પરિચય કરાવવા પ્રયત્ન કરીશ.

**અપૂર્વ સાદગી :** "Simple living & High Thinking" (સાદું જીવન – ઉચ્ચ વિચાર) આ ઉક્તિને પોતાના જીવનમાં ચરિતાર્થ કરનારા પૂજ્યશ્રી

ગચ્છાધિપતિ હોવા છતાં પણ અત્યંત પ્રેરણાદાયક સાદગી ભર્યું જીવન જીવતા હતા. બેસવા તથા સૂવા માટે તેઓશ્રી સાથે આસન તથા સંથારિયાનો જ ઉપયોગ કરતા હતા. ક્યારેક અમારામાંથી કોઈક ભક્તિથી પ્રેરાઈને પૂજ્યશ્રીના સંથારા પર કામળી જેવું કાંઈપણ બિછાવે તો તરત પૂજ્યશ્રી કઢાવી નાંખતા અને કહેતા કે **'આવી સુખશીલતા સાધુ જીવનમાં ન શોભે!'**

જ્યારે શિષ્યો પૂજ્યશ્રીને નવી પછેડી વાપરવા માટે આપતા ત્યારે તેઓશ્રી કહેતા કે **'આવા નવા આકર્ષક કપડા પહેરવા મુનિને ન શોભે'** આમ કહી એ કપડાને હાથથી મસળી તેની આકર્ષકતા ઓછી કરીને પછી જ તેઓશ્રી અત્યંત સંકોચપૂર્વક નવા કપડાનો ઉપયોગ કરતા!

**કમનીય કરકસર :** પૂજ્યશ્રીના જીવનમાં આત્મસાત્ થયેલ કરકસરતાનો ગુણ તો ખરેખર હેરત પમાડે તેવો છે. મારા મુખેથી આ વાત સાંભળવા છતાં પણ તમે કદાચ માનવા માટે તૈયાર નહિ થઈ શકો કે વિવિધ ધર્મકાર્યોમાં સહજ પ્રેરણા માત્રથી ભક્તવૃંદ પાસેથી લાખો-ક્રોડો રૂા. નો સદ્વ્યય કરાવવાનો પ્રચંડ પુણ્યોદય ધરાવવા છતાં પણ પૂજ્યશ્રી કાગળની નાનીશી ચબરખીને પણ નિરર્થક જવા દેતા નહિ. ટપાલમાં આવતા કવર વિગેરેને પણ ખોલીને તેના ઉપર વિવિધ કૃતિઓ લખવામાં કે પત્રનો પ્રત્યુત્તર લખવા વિગેરેમાં તેનો સદુપયોગ કરતા. તેના કેટલાય નમુનાઓ આજે પણ વિદ્યમાન છે...!

**અનુકરણીય અપ્રમત્તતા :** ૭૫ વર્ષની જૈફ વયે પણ પૂજ્યશ્રીની અપ્રમત્તતા ૨૫ વર્ષના નવયુવાનને પણ શરમાવે તેવી હતી. ૨૪ કલાકમાંથી ૨૧ કલાક કાર્યરત રહેતા પૂજ્યશ્રી કદીપણ ભીંતનો ટેકો લેવાનું સ્વપ્ને પણ વિચારતા નહિ. ઘણીવાર કલાકો સુધી એકધારી લેખનપ્રવૃત્તિ ચાલુ હોય તો પણ પૂજ્યશ્રી ટટ્ટાર બેસીને ડાબા હાથમાં લાકડાના સાદા પાટિયા ઉપર કાગળ રાખીને લખતા પણ લખવા માટે ટેબલ વિગેરેનો ઉપયોગ પણ પૂજ્યશ્રી ભાગ્યે જ કરતા. **ખરેખર નિર્મળ બ્રહ્મચર્ય સિદ્ધિ વિના આવી અપ્રમતતા શેં આત્મસાત્ થઈ શકે!**

જૈફ વયે પણ ગુરૂદેવશ્રી ઉભય ટંક શિષ્યવૃંદ સાથે ઊભા ઊભા અપ્રમત્તપણે પ્રતિક્રમણાદિ કરતા. કોઈને પણ શિખામણ આપવા માટે વાણીનો વિશેષ ઉપયોગ કરવા કરતાં એ શિખામણ મુજબ સ્વંય જીવન જીવીને અસરકારક મૌન ઉપદેશ આપવાનું પૂજ્યશ્રી વધુ પસંદ કરતા.

અજોડ જિનશાસનના તારક આચારો માત્ર પુસ્તકોમાં પડ્યા રહેશે તો ટકી નહિ શકે, પણ આચરણમાં ઊતરશે તો જ જીવંત બનીને દીર્ઘકાળ પર્યંત ટકી રહેશે, એમ તેઓશ્રી કહેતા અને સ્વયં આચારયુક્ત જીવન જીવતા.

**અજોડ ક્ષમા-અનુપમ નમ્રતા- વિશિષ્ટ વાત્સલ્ય :** દીક્ષા લેતાં પહેલાં પૂજ્યશ્રીએ અધ્યાત્મ કલ્પદ્રુમ નું અધ્યયન કર્યું હતું. અને એમાંથી "સમતા" અધિકારના એક શ્લોકે પૂજ્યશ્રી પર એવું તો જાદુઇ કામણ કર્યું કે જીવનમાં કદીપણ ક્રોધ ન કરતાં હંમેશાં સહનશીલ બની સમતા રાખવાનો પૂજ્યશ્રીએ દઢ સંકલ્પ કરી લીધો અને જીવનભર એ સંકલ્પને ચુસ્તતાપૂર્વક વળગી રહ્યા. સમતાની કસોટી કરી લે એવા અનેકવિધ પ્રસંગોમાં પણ પૂજ્યશ્રી હેમખેમ પસાર થઇ જતા. "**कम खाओ, गम खाओ और नम जाओ**" એ સૂત્રને તેઓશ્રીએ અદ્‌ભુત રીતે જીવનમાં વણી લીધું હતું. નાના નાના બાલ મુનિવરોને દીક્ષા આપીને વાત્સલ્યવારિધિ પૂજ્ય ગુરૂદેવશ્રી માતાથી પણ અધિક વાત્સલ્યભાવે એમનો ઉછેર કરી જાણતા. ક્યારેક કોઇ બાલમુનિને ઠપકો આપવાનો પ્રસંગ આવતો ત્યારે પણ સાંજે પ્રતિક્રમણ વખતે બધા સાધુઓની ઉપસ્થિતિમાં પૂજ્યશ્રી સામેથી એ મુનિ પાસે 'મિચ્છા મિ દુક્કડમ્' માંગવામાં જરાપણ નાનમ અનુભવતા ન હતા...

**'સાગરવર ગંભીરા' :** ચતુર્વિધ સંઘની કોઇપણ વ્યક્તિના ગમે તેવા દોષો કે અપરાધો જોવા સાંભળવા છતાં પૂજ્યશ્રી કદીપણ કોઇને તરછોડતા કે તિરસ્કારતા નહિ. પરંતુ ખૂબ જ ધીરજ રાખીને ક્યારેક યોગ્ય અવસરે વાત્સલ્યભાવે એવી કુશળતાથી મીઠી ટકોર કરતા કે સામી વ્યક્તિને પોતાના અપરાધનું ભાન થાય અને પશ્ચાત્તાપપૂર્વક એ વ્યક્તિ પોતાની ભૂલને અચૂક સુધારી લે.

**ભવ રોગ મહાવૈદ્ય :** જ્ઞાનસત્રો-પરિષદો-વિદ્યાપીઠો વિગેરેના માધ્યમથી પોતાના સંપર્કમાં આવતા અનેક યુવાનો, મુમુક્ષુઓ તથા શિષ્યવૃંદને વાત્સલ્યભાવે ભવ આલોચના કરાવવા દ્વારા પાપશલ્યોનું સફળ 'ઓપરેશન' કરનારા પૂજ્યશ્રી ખરેખર ભવ રોગના કુશળ મહાવૈદ્ય હતા... તેવી જ રીતે શરીરમાં કર્મસંયોગે ઉત્પન્ન થતા વિવિધ વ્યાધિનું નિવારણ કરવા માટે પણ હિંસાજન્ય એલોપથી દવાઓથી દૂર રહીને ઘઉં નો લોટ, પાણી, થુંક, શિવામ્બુ, કાચા ચોખા, સુંઠ વિગેરે તદન સાદા, ઘરગથ્થુ ઉપચારો જ કરતા અને શિષ્યવૃંદને પણ એવી જ સલાહ આપતા. દીક્ષાના પ્રારંભિક વર્ષોમાં ઉત્પન્ન થયેલ ભગંદર જેવા ભયાનક રોગમાં પણ બે ટાઇમ વ્યાખ્યાન, વૈયાવચ્ચ વિગેરે જવાબદારી સારી રીતે અદા કરતા રહેવાની સાથે માત્ર માટી-પાણીના સાદા ઉપચારથી જ પૂજ્યશ્રીએ એ વ્યાધિને મટાડ્યો હતો. એવા બીજા પણ અનેક પ્રસંગોમાં પૂજ્યશ્રીની સહનશીલતા, ધીરજ, સાદગી, આચારચુસ્તતા વિગેરે અનેક ગુણોનાં નજીકથી

દર્શન કરવાનું સૌભાગ્ય અમને મળ્યું હતું, તેથી ખરેખર અમારી જાતને મહાભાગ્યશાળી માનીએ છીએ.

**શાસન નિષ્ઠા :** 'બધા ગચ્છો-ફિરકાઓ એક થતા હોય અને ભગવાન મહાવીરના ઝંડા નીચે સહુ એક થઈ શકતા હોય તો તે માટે મારે જે પણ ભોગ આપવો પડશે તે આપવા હું સદા તૈયાર છું. કદાચ આચાર્યપદ તથા ગચ્છાધિપતિ પદ છોડવાનો પ્રસંગ આવશે તો તે માટે પણ હું સહર્ષ તૈયાર છું'. આવી ઉદાત્ત ઉદ્‌ઘોષણા તથા એ દિશામાં યથાશક્તિ પ્રયત્નો કરનાર પૂજ્ય ગુરૂદેવશ્રીના હૃદયમાં ઉછળતી શાસનભક્તિ જોઈને ખરેખર અન્ય ગચ્છોનાં અનેક આચાર્યો પણ પૂજ્યશ્રીની ઉદારતા-નિખાલસતા આદિ ગુણોની ભૂરિ ભૂરિ અનુમોદના કરતા હતા.

વ્યક્તિગત રીતે મારા ઉપર પણ પૂજ્યશ્રીના અનંત ઉપકારો છે જેમને વર્ણવવા માટે મારી પાસે શબ્દો જ નથી .

## : સાચી શ્રદ્ધાંજલિ :

પુજ્ય ગુરૂદેવશ્રી પાર્થિવ દેહે આપણા વચ્ચે નથી પરંતુ પૂજ્ય ગુરૂદેવશ્રી જીવનની પળે પળનો સદુપયોગ કરીને પોતાના નામ અને કામ દ્વારા યુગોના યુગો સુધી જનસમૂહના હૃદયમાં ચિરંજીવી જ રહેશે. પૂજ્યશ્રીની પ્રેરણાથી શરૂ થયેલા અને થનારા શાસનકાર્યોમાં આપણે સહુ તન-મન-ધન આદિથી યથાશક્ય સાથ સહકાર આપીએ અને તેઓશ્રીની આપણા માટેની આજ્ઞા-ઈચ્છાઓને નજર સમક્ષ રાખીને જીવન જીવીએ તથા તેઓશ્રીના અગણિત ગુણોમાંથી એકાદપણ ગુણને જીવનમાં આત્મસાત્ કરવાનો દઢ સંકલ્પ કરીએ.

## A brief biography of 'Bharat Divakar', 'Achalgachhadipati' revered Jainacharya Shree

# GUNSAGAR SUREESHWARJI MAHARAJA SAHEB (6)

### By Acharya Mahodaysagarsuri (Gun-Bal)

**Birth Date** : 7-2-1913, Friday, 2nd day of Maha-Sudi of V.E. (Vikram Era) 1969.

**Birth Place** : Dedhia - Kutch (Gujrat State)

**Name before 'Diksha' (Initiation)** : Gangajibhai

**Name after 'Diksha' (Initiation)** : Muni Shree Gunsagarji Maharaj Saheb

**Father's Name** : Chheda Laljibhai Devshi (Kutchi Visha Oswal)

**Mother's Name** : Dhanbai (She became a nun in her old age and her name was Sadhvi shree Dharmashreeji)

**Name of Gurudev** : Shree Nitisagarji Ganivarya M.S.

**Guru of Guru (Grand Guru)** : Dada Saheb Shree Gautamsagarsureeshwarji M.S.

**Day of Diksha (Initiation)** : 4-5-1937, Tuesday, 8th day of Chaitra-Vadi-of V.E. 1993. **Diksha Place** : Dedhia - Kutch

**Degree of 'Upadhyaya'** : 21-1-1942, Wednesday 5th day of Maha-Sudi-of V.E. 1998 (within only 5 years after diksha!) at Kutch-Merau,

**Degree of Acharya** : 13-5-1956, Sunday, 3rd day of Vaishakha-Sudi-of V.E. 2012 at Bombay - Palagali

**Degree of 'Achalgachchhadhipati'** : In 1968 A.D. V.E. 2024, at Kutch-Bhadreshwar Jain Tirth during 1st conferance of Achalgachchha Sangh

**Degree of 'Yuga Prabhavak'** : in 1980 A.D. V.C. 2036 at Bombay in 2nd Conference of Akhil Bharat Achalgachchha Jain Sangh

**Degree of 'Shasan Samrat'** : in 1984 A.D. V.E. 2040 at Lalwadi (Mumbai)

**Degree of 'Bharat Diwakar' & Degree of 'Tirth Prabhavak'** : 1985 A.D. V.E. 2041 at Sametshikharji Tirth awarded by Shree Kidwai The Governer of Bihar

**Degree of 'Rashtra Saint' :** 1987 A.D. V.E. 2043 Awarded by Shri Gyani Zail Singh The President of India at 72 Jinalaya Tirth in Kutch.

**'Kaldharm' (Demise) :** 12.39 A.M. (at Midnight) on 11-10-1988, The last day of Bhadrapada Vad of V.E. 2044, at Mumbai.

# REMARKABLE EVIDENCES

## From death bed to the status of sectarian Leader.

No one had ever dreamt that Gangajibhai who was once on the point of removal to cemetery due to unconsciousness for many hours because of a dreadful disease of small pox at the age of 13 years, would become a sectarian leader in future ! But it has become a fact!

**Study :** Although he could study only upto 4th Standard in the school due to such kind of circumstances of his parents, but due to his thirst of knowledge and penchant for religious studies, he studied Sanskrit Prakrit Grammar most of 45 Jain Agams, 6 systems of Indian Philosophy and other Jain & western literature before and after Diksha between so many responsibilities.

**Creation of Literature :** The revered one was a creative writer as well as poet. His valuable contribution to jain literature includes different work in Gujrati & Sanskrit of about 1 lakh verses. His literature provides best guide lines to the people of all ages.

**Penances :**He vowed to do 'Ekasana' (eating only once per day.) to obtain permission from his father for initiation before 3 years from initiation and he continued 'Ekasana' for his whole life.

Since last 8 years he did 'Varshi Tap' (Fast for alternative day upto whole year) and the breaking of fast at his 8th 'Varshi Tap' was arranged by the hands of **'Shree Gyani Zail Singh' the president of India at 72 Jinalaya Mahatirth** which is being created by the inspiration of revered one. He also performed many other kinds of jain penances in his life.

**Devotion to God :** He was a great devotee of Lord Arihant and 'Navkar Mahamantra'. During night he slept only 2 to 3 hours and for remaining night he remained absorbed in meditation, 'Navkar Mahamantra' and 'Surimantra Aradhana' During his ascetic life, he gave 108 'Khamasamanas' due to devotion to 'Shree Panch Parmeshthi Bhagawant' daily early in the morning upto his old age.

**Religious and Social activities :** During his life he walked about

1 lakh kilometers by his bare feet from kutch to Bihar and from U.P. to Karnataka and he awakened million people by his sermons.

As a result of his sermons and inspirations innumerable religious & social works were performed by his disciples and devotees under his auspices. Creation and repairs of hundreds of temples, Upashrayas, Vidyapiths, conferences of Achalgach Jain Sangh, Pilgrimages and innumerable ceremonies.

Under his holy auspices, a great historic pilgrimage of 1000 pilgrims was arranged to Sametshikharji Mahatirth (Bihar State) from Mumbai by walking within 145 days.

During this pilgrimage, about 1 lakh people of Maharashtra, M.P., U.P & Bihar State, Vowed to desert 7 addictednesses i-e. meat, wine, gambling, adultery, hunting, theft etc. due to his holy sermons and inspirations.

In the end of this pilgrimage, Shree Kidwai - The Governer of Bihar State awarded him the degree of **'Bharat Divakar'** at 'Sametshikhar Jain Tirth'. There were created 20 temples only within 4 month by his holy sermons.

**Devotees :** He is very popular due to innumerable virtues in his life i-e. Affection, Simplicity forbearance, Frugality, Forgiveness, Sacrifice etc. So he could initiated about 45 monks & 200 nuns in his life & about 3 lakh people are his devotees.

His disciples are well educated & well known due to their good conduct Revered 'Acharya Shree Gunodaysagarsuriji M.S. & Revered Acharya Shree Kalaprabhasagarsuriji M.S., Acharya Shree Kaveendrasagarsuriji M.S., Acharya Shree Veerbhadrasagarsuriji M.S., Acharya Shree Mahodaysagarsuriji M.S.' are his main disciples at present.

Simple living & high thinking was the moto of his life. We can never forget his innumerable virtues & obligations. Presence of about 1 lakh people in his cemetry pilgrimage at Mumbai & Kutch shows his most popularity.

लोलपाटकजन्मापि, लोलो नाभूत्कदापि यः ।
कल्याणसागरं सूरिं, तं स्तुवेहं मुदा सदा ।।१।।
'ना' पूर्वं 'नींग'–'मीला' भ्यां, संस्कारो यस्य वै कृतः।
कल्याणसागरं सूरिं, तं स्तुवेहंमुदासदा ।।२।।
अपि षोडशवर्षो य, आचार्यपदमाप्तवान् ।
कल्याणसागरं सूरिं त, स्तुवेहं मुदा सदा ।।३।।
महाकाल्या महादेव्या, सान्निध्यं यस्य वै कृतम्।
कल्याणसागरं सूरिं तं स्तुवेहं मुदा सदा ।।४।।
वातार्तो भारमल्लो हि, भूपतिर्येन बोधितः ।
कल्याणसागरं सूरिं तं स्तुवेहं मुदा सदा ।।५।।
प्रतिमाया मुखाद्येन, धर्मलाभः प्रदापितः ।
कल्याणसागरं सूरिं तं स्तुवेहं मुदा सदा।।६।।
दादा–युगप्रधानेति, गीयतेद्यापि यो जनैः।
कल्याणसागरं सूरिं, तं स्तुवेहं मुदा सदा ।।७।।
गच्छोचलाभिधानोयं, नीतो येन महोदयम् ।
कल्याणसागरं सूरिं, तं स्तुवेहं मुदा सदा ।।८।।
इति स्तुतोयं शिवसिन्धुसूरि, गुणाब्धिशिष्येण महोदयेन ।
कर–त्रि –शून्य–द्वय (२०३२) विक्रमाब्दे तनोतु नृणां शिवसौख्यराशिम् ।।९।।

**ભાવાર્થ :**

૧) લોલ પાટક (લોલાડા) માં જન્મ પામવા છતાં જેઓ કદીપણ લોલ (ચંચલ) ન થયા,
૨) નાનીંગ પિતા અને નામલદેવી માતા દ્વારા જેમણે ઉત્તમ સંસ્કારો પ્રાપ્ત કર્યા,
૩) ૧૬ વર્ષની નાની વયમાં જેમણે આચાર્ય પદવી પ્રાપ્ત કરી,
૪) મહાદેવી મહાકાલી માતા જેમનું સાંનિધ્ય કરતા હતા,
૫) વાયુના રોગથી પીડિત એવા કચ્છના રાજા ભારમલ્લને જેમણે રોગ નિવારણ કરીને પ્રતિબોધ પમાડ્યો હતો,
૬) (પ્રતિમા ભંજન કરવા તૈયાર થયેલા બાદશાહને) જેમણે પ્રતિમાના મુખેથી 'ધર્મલાભ' શબ્દ સંભાળાવીને પ્રતિમાનું ખંડન કરતાં અટકાવ્યો હતો,
૭) આજે પણ લોકો જેમને 'જંગમ યુગપ્રધાન' - 'દાદા સાહેબ' તરીકે આદરપૂર્વક સંબોધન કરે છે,
૮) અને અચલગચ્છને જેમણે મહાન ઉન્નતિને પમાડેલ એવા પ.પૂ. દાદા સાહેબ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ની હું હંમેશા આનંદપૂર્વક સ્તવના કરું છું,
૯) આ પ્રમાણે પ.પૂ.આચાર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય મુનિ મહોદયસાગરજી (હાલ આચાર્યશ્રી) દ્વારા વિ.સં. ૨૦૩૨માં સ્તવાયેલા પૂ. દાદા શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. મનુષ્યોને મોક્ષસુખના સમૂહને વિસ્તારનારા થાઓ,

# પ.પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા. ની સ્તુતિ (૮)

स्वोत्पत्त्या पूतपालीपुरवर–विजित द्वेषरागादिदोषः,
सम्यग्ज्ञानैकभक्तः कृतविततपा, बाल्यतो ब्रह्मचारी ।
गच्छेस्मिन्नंचलाख्ये मुनिगणप्रमुखः, सत्क्रियोध्धारकारी,
दादाश्रीगौतमाब्धिर्गुणगणकलितः स्तात्सदा संघवृद्धयै ॥

પોતાના જન્મ દ્વારા જેમણે પાલી નામના શ્રેષ્ઠ નગરને પાવન કરેલ તથા જેમણે રાગ દ્વેષ આદિ દોષોને જીત્યા હતા, જેઓશ્રી સમ્યક્ જ્ઞાનના અનન્ય ભક્ત હતા, જેમણે વિશિષ્ટ કોટિના તપ કર્યા હતા, જેઓ આબાલ બ્રહ્મચારી હતા, જેઓ અચલગચ્છમાં મુનિમંડળ અગ્રેસર હતા, જેમણે શાસ્ત્રાનુસારી સંયમ માર્ગની ક્રિયાઓનો ઉદ્ધાર કર્યો હતો અને જેઓ અનેક સદ્ગુણોથી યુક્ત હતા એવા પૂ.દાદા સાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા. હંમેશા સંઘની વૃદ્ધિ માટે થાઓ.

मरूभूमिस्थपाल्याख्ये, पुरे लब्धजनुर्हि यः ।
पालितवान्सदा धर्मं, गौतमाब्धिं नतोस्मि तम्॥१॥
कुक्षेः क्षेमलदेव्या यो, वर्षे खाक्ष्यंकभूमिते ।
जातः क्षेमाय नैकेषां, गौतमाब्धिं नतोऽस्मि तम् ॥२॥
धीरमल्लकुले जातो, मोहमल्लं जिगाय यः ।
धैर्यौदार्यादिगुणयुक्, गौतमाब्धिं नतोऽस्मि तम् ॥३॥
ब्रह्मचर्यं समाचर्य, सत्यापितं सुनिर्मलम् ।
ब्राह्मणत्वं निजं येन, गौतमाब्धिं नतोऽस्मि तम् ॥४॥
यतिस्वरूपपाथोधेः - शिष्यत्वं प्राप्य येन हि।
स्वात्मरूपे कृता रक्ति, गौतमाब्धिं नतोऽस्मि तम् ॥५॥
क्रियोध्धारः कृतो येन, रसवेदाङ्कभूमिते ।
हायने वैक्रमीयेऽहो, गौतमाब्धिं नतोऽस्मि तम् ॥६॥
कच्छ-हालारदेशस्था, ज्ञानागारा अनेकशः।
व्यवस्थिताः कृता येन, गौतमाब्धिं नतोऽस्मि तम् ॥७॥
गच्छोऽचलः शुभो येन, रक्षितो वर्धितस्तथा।
प्रचण्डपुरुषार्थेन, गौतमाब्धिं नतोऽस्मि तम् ॥८॥
तपस्त्यागाऽप्रमादादि-गुणौघा, यस्य कस्य न ।
पूर्वर्षीन्स्मारयन्त्यद्य, गौतमाब्धिं नतोऽस्मि तम् ॥९॥
कच्छ-हालारदेशोध्धारकमुख्यैर्विशेषणैः।
प्रसिध्धोऽभून्निरीहोऽपि, गौतमाब्धिं नतोऽस्मि तम् ॥१०॥
'दादासाहेब'मुख्यैर्हि, शब्दै र्लोकमुखोद्भवैः ।

स्मर्यतेऽद्यापि यः प्रेम्णा, गौतमाब्धिं नतोऽस्मि तम् ।।११।।
रामाणियाप्रतिष्ठायां, सूरित्वेन प्रघोषितः ।
क्षमानन्दाऽऽख्ययतिना, गौतमाब्धिं नतोऽस्मि तम् ।।१२।।
गुणाब्धिसूरिराड्यस्य, पट्टप्रभावनोद्यतः।
विभ्राजतेऽर्कवन्नूनं, गौतमाब्धिं नतोऽस्मि तम् ।।१३।।
गुणसागरसूरेर्हि, यथार्थाख्यस्य सद्गुरोः।
शिष्येण 'गुणबालेन', मुनिमहोदयाब्धिना ।।१४।।
शत्रुंजयमहातीर्थे, रसवेदखचक्षुषि।
वर्षेऽक्षयतृतीयायां, रचितेयं स्तुतिर्मुदा ।।१५।। (युग्मम्)
प्रातरुत्थाय यो नित्यं, भक्त्या स्तुतिमिमां पठेत् ।
विशुध्धं संयमं प्राप्य, शीघ्रं स शिवभाग्भवेत् ।।१६।।

(૧) મારવાડમાં પાલી નામના નગરમાં જેમણે જન્મ પ્રાપ્ત કર્યો અને સદા ધર્મનું પાલન કર્યું, એવા પૂ. દાદા સાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમન કરું છું

(૨) જેઓ વિ.સં. ૧૯૨૦માં ક્ષેમલદે માતાની કુક્ષિથી અનેક જીવોના ક્ષેમને માટે જન્મ્યા, એવા પૂ. દાદા સાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમન કરું છું

(૩) ધૈર્ય, ઔદાર્ય આદિ ગુણોથી યુક્ત એવા જેઓ પિતા શ્રી ધીરમલ્લના કુલમાં જન્મ્યા અને મોહમલ્લને જીત્યો, એવા પૂ. દાદા સાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમન કરું છું

(૪) અત્યંત નિર્મળ એવા બ્રહ્મચર્યનું સમ્યક્ રીતે પાલન કરીને જેમણે પોતાનું બ્રાહ્મણપણું સાર્થક કર્યું છે એવા પૂ. દાદા સાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમન કરું છું

(૫) જેમણે યતિશ્રી સ્વરૂપસાગરજીના શિષ્યપણાને પ્રાપ્ત કરીને પોતાના આત્મસ્વરૂપમાં રમણતા કરી, એવા પૂ. દાદા સાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા. ને હું નમન કરું છું ।।૫।।

(૬) અહો! જેમણે વિક્રમ સંવત્ ૧૯૪૬ માં ક્રિયોધ્ધાર કર્યો હતો, એવા પ.પૂ.દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમન કરું છું.

(૭) જેમણે કચ્છ અને હાલાર પ્રદેશમાં રહેલા અનેક જ્ઞાનભંડારોને વ્યવસ્થિત કર્યા, એવા પ.પૂ.દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમન કરું છું.

(૮) જેમણે પ્રચંડ પુરૂષાર્થ દ્વારા સુંદર એવા શ્રી અચલગચ્છની રક્ષા તથા અભિવૃધ્ધિ કરી છે, એવા પ.પૂ.દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમન કરું છું.

(૯) જેમના તપ, ત્યાગ, અપ્રમત્તતા આદિ ગુણોના સમૂહ કોને પૂર્વના ઋષિઓનું સ્મરણ નથી કરાવતા? અર્થાત્ સહુને પૂર્વ ઋષિઓનું સ્મરણ કરાવે છે, એવા પ.પૂ.દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમન કરું છું.

(૧૦) નિઃસ્પૃહ હોવા છતાં પણ જેઓ (પોતાના કાર્યો દ્વારા) 'કચ્છ – હાલાર દેશોધ્ધારક' ઈત્યાદિ વિશેષણોથી પ્રસિધ્ધ થયા, એવા પ.પૂ.દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમન કરું છું.

(૧૧) જેઓ આજે પણ લોકમુખેથી ઉત્પન્ન થયેલા 'દાદાસાહેબ' ઈત્યાદિ હુલામણા શબ્દોથી પ્રેમપૂર્વક સ્મરણ કરાયા છે, એવા પ.પૂ.દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમન કરું છું.

(૧૨) કચ્છ-રામાણિયા ગામમાં, જિનાલયની પ્રતિષ્ઠા સમયે શ્રી ક્ષમાનંદજી નામના યતિ દ્વારા જેઓ સૂરિ તરીકે ઉદ્‌ઘોષિત થયાં, એવા પ.પૂ.દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમન કરું છું.

(૧૩) જેમના પટ્ટની પ્રભાવના કરવામાં ઉદ્યમશીલ એવા પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ખરેખર સૂર્યની જેમ શોભે છે, એવા પ.પૂ.દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ને હું નમન કરું છું.

(૧૪) નામ પ્રમાણે ગુણ ધરાવનારા, એવા સદ્‌ગુરૂ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય – 'ગુણબાલ'-મુનિશ્રી મહોદયસાગરજી દ્વારા

(૧૫) શત્રુંજય મહાતીર્થમાં વિ.સં.૨૦૪૫ માં અક્ષય તૃતીયાના શુભદિવસે આનંદપૂર્વક આ સ્તુતિની રચના કરવામાં આવી છે.

(૧૬) સવારમાં ઊઠીને જે હંમેશા ભક્તિપૂર્વક આ સ્તુતિ ભણે તે વિશુધ્ધ સંયમને પ્રાપ્ત કરીને, શીઘ્ર મોક્ષગામી બને.

# તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ.
# શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની સ્તુતિ (૯)

गुणाब्धिसूरिपट्टो हि, द्योतितो यैर्दिनेशवत्। गुणोदयाब्धिसूरीशान्तान्स्तुवेऽहं मुदा सदा ॥१॥
पंचविंशतिवर्षेभ्यस्तपस्तपन्ति ये मुदा। गुणोदयाब्धिसूरीशान्तान्स्तुवेऽहं मुदा सदा ॥२॥
तपस्विरत्नसूरीतिविख्याताः सन्ति ये भुवि । गुणोदयाब्धिसूरीशान्तान्स्तुवेऽहं मुदा सदा ॥३॥
कच्छस्थकोटड़ाग्रामः, पूतो यैः स्वीयजन्मना। गुणोदयाब्धिसूरीशान्तान्स्तुवेऽहं मुदा सदा ॥४॥
भूरिदीक्षाप्रतिष्ठादिमहा उद्द्योतिता हि यैः। गुणोदयाब्धिसूरीशान्तान्स्तुवेऽहं मुदा सदा ॥५॥
शताधिकानि बिम्बानि, जिनानामञ्जितानि यैः। गुणोदयाब्धिसूरीशान्तान्स्तुवेऽहं मुदा सदा ॥६॥
यथार्थाख्या हि ये ख्याता, वात्सल्यप्रमुखैर्गुणैः। गुणोदयाब्धिसूरीशान्तान्स्तुवेऽहं मुदा सदा ॥७॥
सम्प्रति सन्ति ये नूनमचलगच्छनायकाः। गुणोदयाब्धिसूरीशान्तान्स्तुवेऽहं मुदा सदा ॥८॥
अंकवेदखनेत्राब्दे, वैक्रमीये मुदा मया। अमदावादसंघे हि, चातुर्मासीं स्थितेन वै ॥९॥
गुणाब्धिसूरिशिष्येण, गणिमहोदयाब्धिना। रचितमष्टकं ह्येतद्गुणोदयकृपार्थिना ॥१०॥
प्रातरुत्थाय यो नित्यं, भक्त्याऽष्टकमिदं पठेत्। गुणानामुदयस्तस्य, भवत्येव न संशयः ॥११॥

(૧) જેમણે પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાટને સૂર્યની માફક દીપાવેલ છે,

(૨) જેઓશ્રી ૨૫ (હવે ૫૧) વર્ષોથી વરસીતપની મહાન તપશ્ચર્યા પ્રસન્નતાપૂર્વક કરી રહ્યા છે,

(૩) જેઓશ્રી તપસ્વીરત્ન તથા તપસ્વીસમ્રાટ, તપચક્રવર્તી આચાર્ય ભગવંત તરીકે પ્રખ્યાત છે,

(૪) જેમણે પોતાના જન્મથી કચ્છ-કોટડા (રોહા) ગામને પવિત્ર બનાવેલ છે,

(૫) જેમણે અનેક દીક્ષા-પ્રતિષ્ઠા આદિના મહોત્સવોને પોતાની નિશ્રા દ્વારા દીપાવ્યા છે,

(૬) જેમણે સેંકડો જિનબિંબોની પોતાના વરદ હસ્તે અંજનશલાકા કરી છે,

(૭) જેઓશ્રી વાત્સલ્ય વિગેરે ગુણો દ્વારા યથાર્થનામી તરીકે પ્રખ્યાત છે,

(૮) વર્તમાનકાળમાં ખરેખર જેઓશ્રી અચલગચ્છના નાયક છે એવા **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ની હું હંમેશા આનંદપૂર્વક સ્તુતિ કરું છું.

(૯-૧૦) વિક્રમ સંવત ૨૦૪૯ માં **અમદાવાદ અચલગચ્છ જૈન સંઘ (મણિનગર)**માં ચાર્તુમાસ રહેલા અને અચલગચ્છાધિપતિશ્રી પ.પૂ.આ.ભ.શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.** ના શિષ્ય તથા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.ની કૃપાના અર્થી એવા **ગણિ મહોદયસાગરજી** દ્વારા આ સ્તુતિ અષ્ટક રચાયું છે.

(૧૧) જે હંમેશા સવારે ઉઠીને ભક્તિપૂર્વક આ અષ્ટકનો પાઠ કરશે તેના જીવનમાં અનેક સદ્ગુણોનો ઉદય થશે જ એ નિઃસંદેહ વાત છે.

# સાહિત્યદિવાકર, રાજસ્થાનદીપક પ.પૂ.આ.ભ.
# શ્રીમદ્ કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ની સ્તુતિ (૧૦)

दुर्गापुरं पुनानं हि, कच्छस्थितं स्वजन्मना । कलाप्रभाब्धिसूरीशं, तं स्तवीमि सुभावतः ।।१।।
गुणाब्धिसूरिराजो यो, द्वितीयपट्टधारकः । कलाप्रभाब्धिसूरीशं, तं स्तवीमि सुभावतः ।।२।।
षट्त्रिंशत्तमे वर्षे, प्राप्ताऽऽचार्यपदो हि यः । कलाप्रभाब्धिसूरीशं, तं स्तवीमि सुभावतः ।।३।।
सूरिमन्त्रस्य यो नूनं, पीठिकापंचसाधकः । कलाप्रभाब्धिसूरीशं, तं स्तवीमि सुभावतः ।।४।।
येनोद्धृतं हि प्राचीनं, साहित्यं विपुलं मुदा । कलाप्रभाब्धिसूरीशं, तं स्तवीमि सुभावतः ।।५।।
यो हि दक्षिणदीपादिनैकोपाधिविभूषितः । कलाप्रभाब्धिसूरीशं, तं स्तवीमि सुभावतः ।।६।।
संख्यातीता महा येन, दीपिताः स्वीयनिश्रया । कलाप्रभाब्धिसूरीशं, तं स्तवीमि सुभावतः ।।७।।
अचलगच्छसंघो हि, द्योतितो येन तेजसा । कलाप्रभाब्धिसूरीशं, तं स्तवीमि सुभावतः ।।८।।
निधि-वेद-ख-नेत्राब्दे, वैक्रमीये मुदा मया । अमदावादसंघे हि, चातुर्मासीं स्थितेन वै ।।९।।
गुणाब्धिसूरिशिष्येण, गणिमहोदयाब्धिना । गुणबालेत्युपाह्वेन, रचितं लीलयाऽष्टकम् ।।१०।।
प्रातरुत्थाय यो नूनं, भक्त्याऽष्टकमिदं पठेत् । धर्मकलाप्रभा तस्य, वर्धते मोक्षदा शुभा ।।११।।

(૧) જેમણે પોતાના જન્મ દ્વારા કચ્છ – દુર્ગાપુરને પવિત્ર કર્યું છે,

(૨) જેઓ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના દ્વિતીય પટ્ટધર છે,

(૩) જેમણે ૩૬ વર્ષની વયે આચાર્ય પદને પ્રાપ્ત કર્યું છે,

(૪) જેમણે સૂરિમંત્રની પાંચેય પીઠિકાઓની સાધના કરી છે,

(૫) જેમણે પુષ્કળ પ્રાચીન સાહિત્યનો ઉદ્ધાર કર્યો છે.

(૬) જેઓશ્રી દક્ષિણ દીપક (રાજસ્થાન દીપક, સાહિત્ય દિવાકર) ઇત્યાદિ અનેક બિરૂદોથી અલંકૃત છે,

(૭) જેમણે પોતાની નિશ્રા દ્વારા અગણિત મહોત્સવોને દીપાવ્યા છે.

(૮) અને જેમણે પોતાના તેજ વડે અચલગચ્છ સંઘને દીપાવેલ છે, એવા **પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** ની હું શુભભાવપૂર્વક સ્તુતિ કરું છું.

(૯-૧૦) વિક્રમ સંવત ૨૦૪૯માં **અમદાવાદ અચલગચ્છ જૈન સંઘ (મણિનગર)** માં ચાતુર્માસ રહેલા અને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય ગણિ મહોદયસાગરજી (ગુણબાલ) દ્વારા આ અષ્ટક લીલાપૂર્વક રચાયું છે.**

(૧૧) ખરેખર જે સવારે ઉઠીને ભક્તિ પૂર્વક આ અષ્ટકનો પાઠ કરશે તેના જીવનમાં મોક્ષને આપનારી એવા શુભ ધર્મ કલાની પ્રભા વૃદ્ધિ પામશે.

जम्बू-विदेहभूमिं यो पुनाति पुष्कलावतीम्। सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।१।।
पूता स्वजनुषा येन, नगरी पुंडरीकिणी । सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।२।।
श्रेयांसभूपपुत्रो यः सत्यकीमातृनन्दनः । सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।३।।
रुक्मिणीकान्तकान्तोऽपि, ब्रह्मनिष्ठो हि यः सदा। सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।४।।
यक्षश्चान्द्रायणो यस्य, शासनं सेवते सदा । सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।५।।
देवी पंचांगुली चापि, यस्य शासनसेविका । सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।६।।
सुरासुरनरेन्द्रैर्यो, पूज्यमानोऽपि निःस्पृहः । सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।७।।
रागद्वेषौ महामल्लौ, निर्जितौ येन हेलया। सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।८।।
यथार्थाख्यो हि यो धर्म-सीमाधारित्वयोगतः। सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।९।।
सर्वज्ञः सर्वदृष्टा यो, ह्यनन्तानंदवीर्ययुक् । सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।१०।।
पंचशतधनुःकायो, यो विदेहस्थ वर्ण्यते । सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।११।।
यस्य वाणीसुधां पीत्वा, सुरा जाता सुधाभुजः। सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।१२।।
ददाति देशनां द्विर्यो, पंचत्रिंशद्गुणान्विताम् । सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।१३।।
मन्ये देवाश्च यं दृष्ट्वा संजाता निर्निमेषकाः। सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।१४।।
प्रातिहार्याष्टकं यस्य, ह्यद्भुतानंददायकम् । सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।१५।।
शतकोटिमिता यं हि, साधवः संश्रिताः सदा । सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।१६।।
आर्या यक्षापि यं प्राप्य, संजाता गतसंशया। सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।१७।।
प्रार्थयन्ति प्रगे यं हि, भरतस्था मुमुक्षवः। सीमंधरजिनं भक्त्या,

तं स्तुवेऽहं मुदा सदा ।।१८।।
शोभन्ते भरतक्षेत्रे, यस्य नैके जिनालयाः । सीमंधरजिनं भक्त्या,
तं स्तुवेऽहं मुदा सदा ।।१९।।
अचलगच्छपाथोधिसमुल्लासनचन्द्रमाः ।
गुणाब्धिसूरयो नित्यं जयन्तु जगतीतले ।। २० ।।
तेषां शिष्येण गणिना, महोदयाब्धिना मया ।
पूर्णभद्रस्य विज्ञप्त्या, रचितं लीलया मुदा ।।२१।।
प्रातरुत्थाय यो नित्यं, भक्त्या स्तोत्रमिदं पठेत् ।
सीमंधरजिनं प्राप्य, स शीघ्रं मुक्तिभाग्भवेत् ।। २२।।
रस-रस-ख-नेत्राब्दे, वैक्रमीये शुभावहे,
भद्रेश्वराख्यतीर्थे वै, कच्छदेशे मनोहरे ।। २३ ।।
वैशाखशुक्लषष्ठ्यां हि, रचितं बुधवासरे ।
महावीरादिबिम्बानां, प्रतिष्ठाया महोत्सवे ।। २४ ।।
गुणोदय-कलाप्रभ-सूरियुग्मप्रसादतः ।
पठ्यमानमिदं स्तोत्रं भूयाद् भद्रंकरं सदा ।। २५।।

**અહીં ૫ શ્લોક ઉમેરવાર છે.**

**: ભાવાર્થ :**

૧) જેઓ આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રની પુષ્કલાવતી વિજયને પવિત્ર કરી રહ્યા છે,

૨) જેમણે પોતાના જન્મથી પુંડરીકિણી નગરીને પવિત્ર બનાવી છે,

૩) જેઓ શ્રેયાંસરાજા અને સત્યકી માતાના સુપુત્ર છે,

૪) જેઓ રૂક્મિણી રાણીના મનોહર પતિ હોવા છતાં સદા બ્રહ્મ (શુધ્ધાત્મા) માં રમણતા કરી રહ્યા છે,

૫) ચંદ્રાયણ યક્ષ જેમના શાસનની સદા સેવા કરે છે,

૬) પંચાંગુલી નામની દેવી પણ જેમના શાસનની સેવિકા છે,

૭) જેઓ દેવેન્દ્રો, દાનવેન્દ્રો તથા નરેન્દ્રોથી પૂજાતા હોવા છતાં પણ તદ્દન નિઃસ્પૃહ છે,

૮) જેમણે રાગ-દ્વેષ રૂપી મહામલ્લોને લીલામાત્રમાં સંપૂર્ણપણે જીતી લીધા છે,

૯) જેઓ ધર્મરૂપી સીમા-મર્યાદાને ધારણ કરનારા હોવાથી યથાર્થનામી છે,

૧૦) ખરેખર જેઓ સર્વજ્ઞ, સર્વદર્શી તથા અનંત આનંદ અને અનંત શક્તિથી યુક્ત છે,

૧૧) જેઓ ૫૦૦ ધનુષ્યની કાયાવાળા હોવા છતાં વિદેહી (દેહ રહિત /મહાવિદેહ ક્ષેત્રમાં રહેનારા) તરીકે વર્ણવાય છે.

૧૨) જેમની વાણી રૂપી અમૃતનું પાન કરવાને લીધે દેવો પણ અમૃતભોજી તરીકે કહેવાય છે.

૧૩) જેઓ રોજ ૨ વાર ૩૫ ગુણોથી યુક્ત દેશના આપે છે,

૧૪) હું માનું છું કે દેવો પણ જેમના દર્શન કરવાથી અપલક નેત્રોવાળા બની ગયા છે,

૧૫) જેમના ૮ મહાપ્રાતિહાર્ય અદ્‌ભુત આનંદને આપનારા છે,

૧૬) ૧૦૦ કરોડ સાધુ ભગવંતોએ જેમનો સમ્યક્ પ્રકારે આશ્રય સ્વીકાર્યો છે,

૧૭) યક્ષા નામના સાધ્વીજી પણ જેમની પાસે જઈને સંશય રહિત બની ગયા,

૧૮) ભરતક્ષેત્રમાં રહેલા મોક્ષાર્થી જીવો રોજ સવારે જેમની પ્રાર્થના કરે છે અને

૧૯) જેમના અનેક જિનાલયો ભરતક્ષેત્રમાં શોભી રહ્યા છે એવા શ્રી સીમંધરસ્વામી જિનેશ્વરને હું સદા ભક્તિપૂર્વક સહર્ષ સ્તવું છું.

૨૦) અચલગચ્છ રૂપી સમુદ્રને સમ્યક્ રીતે ઉલ્લસિત કરવા માટે જેઓ ચંદ્ર સમાન છે એવા **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. આ પૃથ્વી તલ ઉપર સદા જયવંત રહો.

૨૧) તેઓશ્રીના શિષ્ય **ગણિ મહોદયસાગર** એવા મારા વડે મુનિરાજશ્રી **પૂર્ણભદ્રસાગરજી**ની વિનંતીથી આ સ્તુતિ આનંદપૂર્વક લીલામાત્રમાં રચાઈ છે.

૨૨) પ્રાતઃ કાલમાં ઉઠીને જે હંમેશા આ સ્તોત્રનો પાઠ કરશે તે શ્રી સીમંધરસ્વામીને પ્રાપ્ત કરીને શીઘ્ર મોક્ષગામી બનશે. (૨૩ થી ૨૫) મનોહર એવા કચ્છ દેશમાં, ભદ્રેશ્વર નામના તીર્થમાં શ્રી મહાવીર સ્વામી આદિ જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવે વૈશાખ સુદિ ૬ ને બુધવારે આ સ્તોત્ર અચલગચ્છાધિપતિ, તપસ્વીસમ્રાટ, પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. એ બંને આચાર્ય ભગવંતોની કૃપાથી રચાયેલું આ સ્તોત્ર તેના પાઠને કરનાર આત્માનું હંમેશા કલ્યાણ કરનાર થાઓ.

# શ્રી સિધ્ધચલ મહાતીર્થ સ્તુતિ છત્રીશી (૧૨)

यस्तीर्थराट्छ्रीविमलाचलाद्यै – र्नैकैः पवित्रैर्वरनामधेयैः।
ख्यातोऽस्ति नूनं भुवनत्रयेऽपि, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।१।।

જે તીર્થાધિરાજ શ્રી વિમલાચલ આદિ અનેક (૧૦૮) પવિત્ર અને શ્રેષ્ઠ નામો દ્વારા ત્રણેય ભુવનમાં પ્રખ્યાત છે... તે શ્રી સિદ્ધાચલજી મહાતીર્થને હું ભક્તિપૂર્વક પ્રણામ કરું છું ।।૧।।

यं पूतवान् वै स युगादिदेवो, देवाऽसुरैरर्चितपादपद्मः।
अंकांकमेयं खलु पूर्ववारं, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।२।।

દેવો અને દાનવોથી પૂજાયેલા છે ચરણ કમળ જેમના એવા યુગાદિદેવ શ્રી ઋષભદેવ ભગવાને જેને ૯૯ પૂર્વ વાર (પધારીને) પવિત્ર કરેલ છે એવા તે... ।।૨।।

येनोद्धृता भीमभवाब्धितोऽहो, ह्यनन्तजीवाः कृतभूरिपापाः।
संसारपाथोनिधिपोततुल्यं, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।३।।

ઓહ! કરેલા છે પુષ્કળ પાપો જેમણે એવા પણ અનંત જીવોને જેણે ભયંકર સંસાર સાગરથી ઉધ્ધર્યા (તાર્યા) છે અને તેથી જ સંસાર રૂપી સાગરમાં વહાણ તુલ્ય એવા તે... ।।૩।।

यस्मै सुभक्त्या स्पृहयन्ति नन्तुं, देवेन्द्रनागेन्द्रनरेन्द्रवृंदाः।
ध्यातव्यध्येयं हि प्रणम्यनम्यं, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।४।।

દેવેન્દ્રો, નાગેન્દ્રો અને નરેન્દ્રો (રાજાઓ)ના સમૂહો જેને શ્રેષ્ઠ ભક્તિ વડે નમસ્કાર કરવા માટે સ્પૃહા કરે છે; તથા અન્ય મુમુક્ષુ જીવો વડે ધ્યાન કરવા લાયક એવા ગણધરાદિ મહાપુરૂષો દ્વારા પણ જે ધ્યાન કરવા યોગ્ય છે,તેમજ દેવો વિગેરે દ્વારા પ્રણામ કરવા લાયક એવા ગણધરાદિ મહાપુરૂષોને માટે પણ જે નમસ્કાર કરવા યોગ્ય છે એવા તે... ।।૪।।

यस्माद्गता मुक्तिपुरीं सुरम्यामनन्तजीवा जितमोहमल्लाः।
विजेतुकामोऽहमपीह मोहं, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।५।।

જીતી લીધેલ છે મોહ રૂપી મલ્લને જેમણે એવા અનંત જીવો જયાંથી અત્યંત રમણીય એવી મુક્તિ નગરીમાં ગયા છે... તે શ્રી સિદ્ધાચલજી મહાતીર્થને મોહને જીતવાની ઈચ્છાવાળો એવો હું પણ ભક્તિપૂર્વક પ્રણામ કરું છું. ।।૫।।

यस्य प्रभावाद्धि स चन्द्रमौलि र्भोक्ता स्वसुः सिद्धिसुखं प्रपेदे।
अभव्यजीवैः खलु नैव दृश्यं, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।६।।

કર્મ સંયોગે પોતાની બહેનને ભોગવનાર એવા ચન્દ્રશેખર રાજા પણ જેના પ્રભાવથી સિદ્ધિસુખને પામ્યા તથા અભવ્ય જીવો કદી પણ જેનું દર્શન પામી શકતા નથી... એવા તે ।।૬।।

यस्मिन् कृता धर्मक्रियाऽल्पिकापि, ह्यनन्तगुण्यं नु फलं प्रसूते।
तीर्थाधिराजेतिप्रसिद्धिभाजं, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।७।।

**જ્યાં કરાયેલી નાનકડી પણ ધર્મક્રિયા અન્ય તીર્થો કરતા અનંત ઘણા ફળને આપે છે અને તેથી 'તીર્થાધિરાજ' તરીકે પ્રસિદ્ધ થયેલા એવા તે ।।૭।।**

भोस्तीर्थराट् सिद्धगिरे प्रसीद, मां तारयाऽस्माद्भवसिन्धुतो हि।
यः प्रार्थ्यते संयमिभिर्ह्यपीत्थं, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।८।।

**'હે તીર્થાધિરાજ! સિદ્ધગિરિ!' પ્રસન્ન થા અને મને આ સંસાર સાગરથી શીઘ્ર પાર ઉતાર આ પ્રણામે સંયમી મુનિવરો પણ જેની પ્રાર્થના કરે છે એવા તે ।।૮।।**

जिनोऽजितस्वाम्यपि यत्र चातुर्मासीं स्थितो शांतिजिनोपि यत्र।
नेमिं विना सर्वजिना : समेयुः, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।९।।

**જ્યાં શ્રી અજિતનાથ ભગવાન તથા શ્રી શાંતિનાથ ભગવાન ચાતુર્માસ રહ્યા હતા તથા શ્રીનેમિનાથ પ્રભુ વિના બાકીના સર્વે (ત્રેવીશ) તીર્થંકર ભગવંતો જ્યાં પધાર્યા હતા એવા તે... ।।૯।।**

गणाधिपो यत्र कदम्बस्वामी, मुनीशकोट्या सह मुक्तिमाप।
निर्वाणतीर्थंकरशासने हि, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।१०।।

**જ્યાં ગઈ ચોવીશીના બીજા તીર્થંકર શ્રી નિર્વાણનાથ ભગવાનના શાસનમાં તેમના ગણધર શ્રી કદંબસ્વામી એક ક્રોડ મુનિવરો સાથે મોક્ષને પામ્યા એવા તે...।।૧૦।।**

सिद्धो गणेशः खलु पुंडरीको, वाचंयमानां सह पंचकोट्या।
राकादिने यत्र हि चैत्रकस्य, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।११।।

**જ્યાં આદિનાથ ભગવાનના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામી પાંચ ક્રોડ મુનિવરો સાથે ચૈત્રી પૂર્ણિમાના દિવસે સિદ્ધ થયા એવા તે... ।।૧૧।।**

सिद्धिं गतौ द्राविडवारिखिल्लौ, साकं मुनीनां दशकोटिभिर्नु।
राकातिथौ यत्र हि कार्तिकस्य, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।१२।।

**જ્યાં શ્રી ઋષભદેવ ભગવાનના પૌત્ર દ્રાવિડ અને વારિખિલ્લ મુનિવરો દશ ક્રોડ મુનિવરો સાથે કાર્તિક પૂર્ણિમાના દિવસે સિદ્ધિગતિને પામ્યા એવા તે... ।।૧૨।।**

प्रद्युम्नशाम्बौ खलु यत्र सिद्धौ, सार्धाष्टकोटिमुनिसंयुतौ हि ।
त्रयोदशे फाल्गुनशुक्लघस्रे, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।१३।।

**જ્યાં પ્રદ્યુમ્ન અને શાંબ મુનિવરો સાડા આઠ ક્રોડ (મતાંતરે સાડા ત્રણ ક્રોડ) મુનિવરો સાથે ફાગણ સુદિ તેરસના દિવસે સિદ્ધ થયા એવા તે ... ।।૧૩।।**

सिद्धौ नमिर्वै विनमिश्च यत्र, मुनीशकोटिद्वयसंयुतौ हि।
फाल्गुनशुक्ले दशमे दिने वै, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।१४।।

**જ્યાં નમિ તથા વિનમિ નામના વિદ્યાધર રાજર્ષિઓ બે ક્રોડ મુનિવરો સાથે ફાગણ સુદિ દશમના દિવસે સિદ્ધ થયા એવા તે... ।।૧૪।।**

निर्वाणमाप्ताः किल पाण्डुपुत्रा, राकातिथावाश्विनमासकस्य।
वाचंयमैर्विंशतिकोटिभिश्च, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।१५।।

**જ્યાં પાંચ પાંડવો વીશ ક્રોડ મુનિવરો સાથે આસો પૂર્ણિમાના દિવસે નિર્વાણને પામ્યા... એવા તે... ।।૧૫।।**

मुनीशरामो भरतश्च यत्र, यतीशकोटित्रय संयुतौ हि।
सिद्धिं गतौ शाश्वतसौख्ययुक्तां, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।१६।।

**જ્યાં રામ તથા ભરત મુનિવરો ત્રણ ક્રોડ મુનિવરો સાથે શાશ્વત સુખથી યુક્ત એવી સિદ્ધિગતિને પામ્યા એવા તે... ।।૧૬।।**

एकान्नवत्या मुनिलक्षकाणां, सार्धं हि सिद्धा नवनारदाख्या।
यस्यानुभावाद्वरशीलभाजः, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।१७।।

**જેના પ્રભાવથી શ્રેષ્ઠ શીલને ધારણ કરનારા એવા નવેય નારદો ૯૧ લાખ મુનિવરો સાથે સિદ્ધ થયા એવા તે... ।।૧૭।।**

माणिक्यशाहो पि हि यत्प्रभावात् बभूव देवः खलु माणिभद्रः।
ख्यातस्तपोगच्छसुरक्षकत्वात्, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।१८।।

**જેના પ્રભાવથી શ્રી માણેકશાહ શેઠ પણ માણિભદ્ર દેવપણે અને તપાગચ્છના અધિષ્ઠાયક તરીકે પ્રસિદ્ધ થયા છે એવા તે...।।૧૮।।**

यक्षः कर्पदी खलु सेवते यं, यात्रार्थिविघ्नानि करोति दूरम।
चक्रेश्वरी देव्यपि जागरूका, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।१९।।

**કપર્દી યક્ષ તથા જાગરૂક એવી ચક્રેશ્વરી દેવી જેની સેવા કરે છે અને યાત્રિકોના વિઘ્નોને દૂર કરે છેએવા તે... ।।૧૯।।**

यस्य प्रभावान्मुनयः सलीलं, रागादिशत्रून्सकलान्जयन्ति।
सान्वर्थशत्रुंजयनामधेयं, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।२०।।

**જેના પ્રભાવથી મુનિઓ રાગાદિ સર્વ આંતર શત્રુઓને લીલાપૂર્વક જીતી લે છે તેથી 'શત્રુંજય' એવા યથાર્થનામવાલા એવા તે... ।।૨૦।।**

इन्द्रस्य पार्श्वे खलु यन्महत्त्वं, प्रोक्तं हि सीमंधरस्वामिनाऽहो।
इन्द्रप्रकाशेतिप्रसिद्धिभाजं, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।२१।।

**અહો! જેનો મહિમા શ્રી સીમંધર સ્વામી ભગવંતે ઈન્દ્રની આગળ વર્ણવ્યો તેથી જે 'ઈન્દ્રપ્રકાશ' એવા નામથી પ્રસિદ્ધ થયેલ છે... એવા તે... ।।૨૧।।**

मानं हि यस्य प्रथमारके स्यान्नूनं ह्यशीतिः खलु योजनानाम्।
महागिरित्वेन ततः प्रसिद्धः, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।२२।।

અવસર્પિણી કાળના પ્રથમ આરામાં જેનું પ્રમાણ ૮૦ યોજન જેટલું હોય છે તેથી 'મહાગિરિ' તરીકે પ્રસિદ્ધ થયેલા એવા તે... ।।૨૨।।

कृत्वोपवासद्वयमेव यत्र, करोति यात्राः खलु सप्तकृत्वः।
भवत्रये स्यात्स हि मोक्षगामी, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।२३।।

જ્યાં ચોવિહાર છઠ્ઠ તપ કરીને વિધિપૂર્વક ભાવ સહિત સાત યાત્રા કરનાર આત્મા ત્રણ ભવમાં મોક્ષગામી થાય છે એવા તે... ।।૨૩।।

तिर्यक्चरा जीवगणा हि यस्य, प्रभावतो भद्रकभावमाप्ताः।
गताश्च स्वर्गादिकसद्गतिं वै, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।२४।।

જેના પ્રભાવથી તિર્યંચ જીવો પણ ભદ્રકભાવને પામીને સ્વર્ગાદિ સદ્ગતિને પામ્યા છે એવા તે...।।૨૪।।

प्रायो हि नाऽऽयान्ति कदापि यत्र, दुर्भव्यजीवाः खलु वायसाश्च।
संसेव्यमानं लघुकर्मभिश्च, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।२५।।

દુર્ભવ્ય જીવો તથા કાગડાઓ પ્રાયઃ કરીને જ્યાં કદાપિ આવતા નથી તથા જે હળુકર્મી જીવો દ્વારા સારી રીતે સેવાઈ રહેલ છે એવા તે... ।।૨૫।।

अनेकभूपालसुमन्त्रिमुख्यैः संघाधिपैर्यत्र विनिर्मिताऽहो।
विराजते भव्यसुचैत्यपंक्तिः, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।२६।।

..... અનેક રાજાઓ તથા શ્રેષ્ઠ મંત્રીશ્વરો વિગેરે સંઘપતિઓ દ્વારા નિર્મિત થયેલી ભવ્ય મંદિરોની હારમાળા જ્યાં અત્યંત શોભી રહેલ છે એવા તે... ।।૨૬।।

सहस्रशो यत्र जिनेश्वराणां, देदीप्यमानानि सुबिम्बकानि।
यच्छन्ति बोधिं खलु दर्शकानां। सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।२७।।

જ્યાં હજારો દેદીપ્યમાન જિનબિંબો દર્શકોને બોધિ (સમ્યક્ત્વ) નું દાન કરે છે... એવા તે... ।।૨૭।।

देवेन्द्रराजेन्द्रनरेन्द्रवृन्दै र्मंत्रीश्वरैर्वै वरश्रेष्ठिभिश्च।
उद्धारका यस्य कृता असंख्याः, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।। २८ ।।

દેવેન્દ્રો, ચક્રવર્તીઓ તથા રાજાઓના સમૂહો વડે તેમજ મંત્રીશ્વરો અને ઉત્તમ શ્રેષ્ઠિઓ દ્વારા જેના અસંખ્ય ઉદ્ધારો થયા છે એવા તે... ।।૨૮।।

षड्रीयुता यत्र च नैकसङ्घा, आयान्ति भक्त्या विविधप्रदेशात्।
कुर्वन्ति यात्राः सविधिं हि यस्य, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।२९।।

**જ્યાં છ'રી નિયમો (જેને છેડે છ'રી અક્ષર આવે છે એવા ૬ નિયમો ૧) સમ્યક્ત્વધારી, ૨) પાદચારી, ૩) એકાશનકારી, ૪) સચિત્ત પરિહારી ૫) ભૂમિસંથારી, ૬) બ્રહ્મચારી) થી યુક્ત એવા અનેક સંઘો ભક્તિપૂર્વક વિવિધ પ્રદેશોથી આવે છે અને જેની વિધિ સહિત યાત્રાઓ કરે છે એવા તે... ॥૨૯॥**

शत्रुञ्जयाऽऽख्या सलिला हि यत्र, हरत्यघानि प्रभुपूजकानाम्।
स्वकीयनीरेण पवित्रितेन, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।। ३०।।

**જ્યાં શત્રુંજયા નામની નદી સિદ્ધાચલજીના પરમાણુઓથી પવિત્ર બનેલા પોતાના પાણી દ્વારા, પ્રભુની પૂજા કરનારાઓના પાપોને દૂર કરે છે એવા તે... ॥૩૦ ॥**

विराजते यत्र च सूर्यकुण्डः, प्रभावतो यस्य स कुर्कुटोऽपि ।
विहाय तिर्यक्त्वमवाप नृत्वं, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।३१।।

**કામણ પ્રયોગથી કુકડો બનાવાયેલા એવા ચંદ્રરાજા પણ જેના પ્રભાવથી તિર્યંચપણું છોડીને પુનઃ મનુષ્ય પણાને પામ્યા એવો સૂર્યકુંડ જ્યાં શોભી રહ્યો છે એવા તે... ॥૩૧॥**

साक्षात् सरस्वत्यपि यत्प्रभावमलंभवेद्वर्णयितुं हि नैव।
गुरुः सुराणामपि न क्षमः स्यात्, सिद्धाचलं तं प्रणमामि भक्त्या ।।३२।।

**જેના અદ્ભુત પ્રભાવને સંપૂર્ણ રીતે વર્ણવવા માટે સાક્ષાત્ સરસ્વતી કે દેવોના ગુરૂ બૃહસ્પતિ પણ સમર્થ થઇ શકતા નથી. એવા તે... ॥૩૨॥**

अचलगच्छपाथोधिसमुल्लासनचन्द्रमाः।
गुणाब्धिसूरयो नित्यं जयन्तु जगतीतले ।।३३।।

**અચલગચ્છ રૂપી સમુદ્રને સમ્યક્ પ્રકારે ઉલ્લસિત કરવા માટે ચંદ્ર સમાન એવાપ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પૃથ્વીતલ ઉપર સદા જયવંત રહો ॥૩૩॥**

तेषां शिष्येण गणिना, महोदयाब्धिना मया।
अग्निबाणखनेत्राब्दे, द्वात्रिंशिका विनिर्मिता ।।३४।।

**તેઓશ્રીના શિષ્ય મુનિ મહોદયસાગર ગણિ દ્વારા વિ.સં.૨૦૫૩ માં આ.શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની સ્તુતિ રૂપે બત્રીશીની રચના થયેલ છે. ॥૩૪॥**

तपोगच्छे प्रसिद्धा हि, जयघोषाख्यसूरयः। विद्वांस्तेषां प्रशिष्योऽस्ति, जयदर्शनसंयमी।।३५।।

विज्ञप्त्या तस्य सौहार्दात्, रचितेयं स्तुतिर्मया। गीयमाना प्रगे भव्यैः सिद्धिसौख्यप्रदा भवेत् ।।३६।।

તપાગચ્છમાં પ.પૂ. વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. નામે સુપ્રસિદ્ધ ગચ્છાધિપતિશ્રી આચાર્ય ભગવંત છે. તેઓશ્રીના વિદ્વાન્ પ્રશિષ્ય મુનિરાજશ્રી જયદર્શનવિજયજીની મિત્રભાવે વિનંતિથી આ સ્તુતિ મારા વડે (વિ.સં.૨૦૫૩ માં મહા વદિ ૧૩ થી ફાગણ સુદિ ૨ દરમ્યાન મહુડીથી વિજાપુર થઈને વિસનગર તરફના વિહાર દરમ્યાન) રચાઈ છે. ભવ્ય જીવો દ્વારા પ્રાતઃકાલમાં ગવાતી આ સ્તુતિ સિદ્ધિસુખને આપનાર થાઓ. ।।૩૫-૩૬।।

अजितादि जिनान्नत्वा, संमेततीर्थसिद्धिगान्।
सर्वज्ञान्सर्वदृष्टन् हि, जगत्पूज्यान्जिनोत्तमान् ।।१।।
अचलगच्छपाथोधिसमुल्लासनचन्द्रकम्।
यथार्थनामतः ख्यातं, गुणाब्धिसूरिसद्गुरुम् ।।२।।
अन्यांश्चापि नमस्कार्यान्सर्वान्नत्वा सुभक्तितः।
समेताऽद्रिमहातीर्थयात्रासंघं स्तुवेऽद्भुतम् ।।३।।
(त्रिभिर्विशेषकम्)

**અર્થ : શ્રી સમેતશિખરજી તીર્થ પરથી મોક્ષને પામેલા, સર્વજ્ઞ, સર્વદર્શી, જગત્પૂજ્ય અને જિનોમાં ઉત્તમ એવા શ્રી અજિતનાથ આદિ વીશ જિનેશ્વરોને નમસ્કાર કરીને... તથા અચલગચ્છરૂપી સમુદ્રને ઉલ્લસિત બનાવવા માટે ચંદ્ર સમાન અને અર્થ (ગુણો) પ્રમાણેના નામથી પ્રખ્યાત એવા અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. નામના સદ્ગુરૂ ભગવંતને તેમજ બીજા પણ નમસ્કાર કરવા યોગ્ય એવા સર્વને અત્યંત ભક્તિથી નમસ્કાર કરીને શ્રી સમેતશિખરજી મહાતીર્થની (છ'રી પૂર્વક) યાત્રા કરનાર અદ્ભુત એવા શ્રી સંઘની હું સ્તુતિ (અનુમોદના) કરું છું. ।। ૧ થી ૩ ।।**

वर्णयितुं क्षमः कः स्याद्, बृहस्पतिसमोऽपि चेत्।
तीर्थेशवंद्यसंघस्य, माहात्म्यं हि यथातथम् ।।४।।

**અર્થ : કદાચ કોઈ બૃહસ્પતિ (દેવોના ગુરૂ) સમાન બુદ્ધિવાળો હોય તો પણ તીર્થંકરો દ્વારા પણ વંદન કરવા યોગ્ય એવા શ્રી સંઘનું યથાર્થ માહાત્મ્ય વર્ણન કરવા માટે કોણ સમર્થ થઈ શકે? ।।૪।।**

अथवा
यात्रार्थं प्रस्थितं ''षड्री'' पूर्वकं विधिवन्नानु ।
वर्णयितुं क्षमः कः स्यान्महासंघं विशेषतः ।।५।।

**અર્થ : અથવા વળી વિધિ સહિત-છ'રીના નિયમોપૂર્વક તીર્થયાત્રાને માટે નીકળેલા મહાસંઘને વર્ણવવા માટે વિશેષ કરીને કોણ સમર્થ થઈ શકે? અર્થાત્ તીર્થ યાત્રા માટે વિધિપૂર્વક નીકળેલા છ'રી પાલક મહાસંઘનું સંપૂર્ણ વર્ણન કોઈ જ ન કરી શકે. ।।૫।।**

तथापि प्रेरितो भक्त्या, प्रवृत्तोस्म्यत्र स्वल्पधीः।
अथवा गुरुप्रसादेन, सर्वं सुष्ठु भविष्यति ।।६।।

**અર્થ : તેમ છતાં અત્યંત અલ્પબુદ્ધિવાળો એવો પણ હું સંઘ પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને આ વિષયમાં તત્પર બન્યો છું. અથવા તો ગુરુકૃપાથી બધું સારું થશે ।। ૬।**

यतनीयं यथाशक्ति, शुभे कर्मणि सर्वदा।
विचिन्त्येति सुवाक्यं च, प्रयतोस्म्यत्र भावतः ।।७।।

**અર્થ : વળી "સારા કાર્યમાં હંમેશા યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ" એ સુભાષિતને વિચારીને પણ શ્રી સંઘની અનુમોદના કરવાના આ વિષયમાં ભાવપૂર્વક તૈયાર થયો છું**

किमस्ति दुष्करं कार्यं, त्रैलोक्ये निखिलेप्यहो।
गुरुप्रसादलेशेन, सुकरं यन्न संभवेत् ।।८।।

**અર્થ : અહો! સંપૂર્ણ ત્રણે લોકમાં પણ એવું ક્યું દુષ્કર કાર્ય છે કે જે અલ્પમાત્ર પણ ગુરુકૃપાથી સુકર ન બની શકે ? ।।૮।।**

अलं तच्चिंतया चेतः, प्रस्तुतं वर्ण्यतेधुना ।
यथामति यथादृष्टं, श्रूयतां श्रूयतामहो ।।९।।

**અર્થ : માટે હે ચિત્ત! ચિંતા કરવાથી સર્યું. હવે પ્રસ્તુત વાતનું જ જેવું છે તેવું વર્ણન પોતાની મતિ અનુસારે કરાય છે. હે ભવ્યો ! તમે સાંભળો... સાંભળો ।।૯।।**

**નોંધ : ગ્રન્થલાઘવ માટે હવે પછી શ્લોકોનું સંપૂર્ણ ભાષાંતર ન કરતાં માત્ર શ્લોકોના મુખ્ય વિષય એક એક લીટીમાં કહેવાશે.**

यथार्थनामतः ख्याता, गुणसागरसूरयः ।
प्रेरका नायका यस्य, श्री संघं तमहं स्तुवे ।।१०।।

**યથાર્થનામી પૂજ્ય ગુરૂદેવશ્રીની નિશ્રા**

प्रयाणे मिलिता नूनं, लक्षार्धप्रमिता जना।
यस्यानुमोदनार्थं हि, श्रीसंघं तमहं स्तुवे ।।११।।

**અર્થ : ૫૦ હજારની માનવમેદની દ્વારા ભવ્ય વિદાય!!!...**

प्रयाणं यस्य संजातं, एकादश्यां बृहस्पतौ (गुरौ दिने) ।
धवले मृगशीर्षे हि, धर्मपुर्या (मुम्बापुर्या) मनोहरम् ।।१२।।

सस्वागतं प्रवेशोपि, तस्मिन्नेव तिथौ दिने।
समेतशिखरे तीर्थे, श्रीसंघं तमहं स्तुवे ।।१३।।

**અર્થ : કેવો સુંદર સુમેળ!... પ્રયાણ અને પ્રવેશ**
**એક જ તિથિ અને એક જ વારે!**

सार्धसहस्रप्रमितैर्यात्रिकैः कार्यर्तृभिः।
सुशीलैः शुशुभे सार्धं, श्रीसंघं तमहं स्तुवे ।।१४।।
**અર્થ : ૧૫૦૦ સુશીલ યાત્રિકો અને કાર્યકર્તાઓથી**
**શોભતો વિરાટ સંઘ...**

राजन्ते त्यागिनो यत्र, त्रयोविंशतिसाधवः।
चंद्र-वेदमिता (४१) आर्याः, श्रीसंघं तमहं स्तुवे ।।१५।।
**અર્થ : વિશિષ્ટ ત્યાગી-તપસ્વી ૨૩ સાધુ ભગવંતો અને ૪૧ સાધ્વીજીઓથી શોભતો સંઘ...**

बाणाक्षि (२५) तमतीर्थेशतुल्यत्वाद्यत्र चाभवन्।
पंचविशतिसंघेशाः श्री संघं तमहं स्तुवे ।।१६।।
**અર્થ : સંઘ એટલે ૨૫મો તીર્થંકર અને સંઘપતિઓ પણ ૨૫!!...**

जंगमं मंदिरं यत्र, पार्श्वनाथाद्यलंकृतम्।
जिनभक्तिकृते रम्यं, श्रीसंघं तमहं स्तुवे ।।१७।।
**અર્થ : શ્રી પાર્શ્વ પ્રભુનું હાલતું-ચાલતું (જંગમ) ભવ્ય જિનમંદિર પણ સંઘમાં...!**

कच्छस्था अपि साध्व्यो यं, समुद्रमिव निम्नगाः ।
मिलन्त्युग्रं विहृत्याहो, श्रीसंघं तमहं स्तुवे ।।१८।।
**અર્થ : કચ્છ આદિથી આવેલ ઉગ્રવિહારી સાધ્વીજીઓ રૂપી નદીઓ પણ સંઘરૂપી સમુદ્રમાં !**

दण्डपुस्तकधारिण्यः, श्वेतवस्त्रावृताः पुनः।
विद्यादेवीव यत्रार्याः, श्रीसंघं तमहं स्तुवे ।।१९।।
**અર્થ : સરસ્વતી દેવીની જેમ દંડ-પુસ્તક અને શ્વેત વસ્ત્રોથી શોભતા સાધ્વીજીઓ!**

स्वीकुर्वन्ति बहुव्रीहिं, त्यक्त्वा तत्पुषार्थकम्।
स्वशब्दे यत्र संघेशाः श्री संघं तमहं स्तुवे ।।२०।।
**સંઘને પોતાનો પતિ (સ્વામી) માનીને રહેતા સંઘપતિઓની કેવી વિનમ્રતા!**

अहमहमिका यत्र, दृष्टाहो कार्यकर्तृषु।
सदा श्रीसंघसेवार्थ, श्रीसंघं तमहं स्तुवे ।।२१।।
**શ્રી સંઘની સેવા માટે પડાપડી કરતા કાર્યકર્તાઓ!!!**

मन्यन्ते स्वं कृतार्थं यत्सेवया सूपकारकाः।
रजकाश्चर्मकाराद्याः श्रीसंघं तमहं स्तुवे ।।२२।।

**રસોઈયા, ધોબી, ચમાર આદિ પણ શ્રી સંઘની સેવાથી પોતાની જાતને કૃતાર્થ માનતા!**

ज्ञानि–दानि–धनि–त्यागि–तपस्वि–ब्रह्मचारिणः।
भ्राजन्ते यात्रिका यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।२३।।

**શ્રી સંઘના યાત્રિકોની અનેરી વિશિષ્ટતાઓ....**

आसप्तात्सप्तसप्तत्यब्दवयसोत्र यात्रिकाः
सकृद्भुक्त्वा चलन्त्युग्रं, श्रीसंघं तमहं स्तुवे ।।२४।।

**૭ વર્ષથી માંડીને ૭૭ વર્ષની જેફ વયના યાત્રિકો પણ પગેપાળા!!!...**

दशाष्टाद्युपवासादितपस्तप्त्वापि पादगाः।
समौना यात्रिका यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।२५।।

**૮–૧૦ આદિ ઉપવાસ કરીને પણ મૌનપૂર્વક પગે ચાલતા યાત્રિકો !!...**

वसन्तो रम्यहर्म्येषु, पटकुट्यां वसन्त्यहो।
ससंमदं जना यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।२६।।

**મોટી મહેલાતોમાં રહેતા શ્રીમંત યાત્રિકો પણ જેના પ્રભાવે સાનંદ વસ્ત્રના તંબૂઓમાં રહેતા...!**

सकृदेव हि भुंजन्ति, भुजन्तोनेकशः गृहे।
सहर्षं यात्रिका यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।२७।।

**ઘરે અનેકવાર ખાનારા પણ જે શ્રી ગ્રંથમાં નિયમિત સાનંદ એકાસણા કરતા !!!**

स्वपन्तो कोमले तल्पे, भूशय्यायां स्वपन्त्यहो।
सानंदं यात्रिका यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।२८।।

**મખમલ આદિની કોમલ શય્યામાં ઘરે સૂનારા શ્રીમંત યાત્રિકો પણ જેના પ્રભાવે સાનંદ ભૂમિશય્યા પર પોઢી જતા હતા!**

गृहाद्बहिर्न गच्छन्ति, प्रायो ये वाहनैर्विना।
प्राप्नुवन्ति च ये दुग्धं, जलस्थाने गृहे निजे ।।२९।।

चलन्ति पादाभ्यां यत्र, कर्मक्षयस्य हेतवे।
श्रीमन्तोपि हि सानन्दं, श्रीसंघं तमहं स्तुवे ।।३०।।

**ઘરે વાહનો વિના ઘરથી બહાર નહિ નીકળનારા અને પાણી માગે ત્યાં દૂધને મેળવનારા યાત્રિકો પણ જેના પ્રભાવે કર્મક્ષય માટે હોંશે હોંશે પગે વિહાર કરતા હતા!**

जिनपूजागुरूपास्तिभ्यां विना यत्र यात्रिकाः।
नास्ये क्षिपन्ति कवलान्, श्रीसंघं तमहं स्तुवे ।।३१।।
**દેવગુરુની ઉપાસના વિના મુખમાં કોળિઓ પણ નહીં નાખતા યાત્રિકો !**

सततं व्यापृता यत्र, द्विसंध्याऽऽवश्यकादिषु
यात्रिका धर्मयोगेषु, श्रीसंघं तमहं स्तुवे ।।३२।।
**દિવસ-રાત વિવિધ ધર્માનુષ્ઠાનોમાં જોડાયેલા રહેતા યાત્રિકો..!**

जेतुकामा महामोहं, धर्मराजभटा इव ।
राजन्ते यात्रिका यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।३३।।

जिनभक्तिगदाहस्ता, मोहमल्लजिगीषवः ।
इवाभान्ति जना यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।३४।।
**મહામોહરાજને જીતવા નીકળેલા ધર્મરાજાના**
**સુભટ સમાન શોભતા યાત્રિકો!**

गुरुमंगलवादित्र-जयघोषैश्च जायते।
प्रयाणं प्रत्यहं यस्य श्रीसंघं तमहं स्तुवे।।३५।।
**દરરોજ માંગલિક શ્રવણ ઢોલ શરણાઈના સૂરો અને**
**જયનાદ પૂર્વક થતું શ્રી સંઘનું ભવ્ય પ્રયાણ !**

केचिन्मौनेन गच्छन्ति, केचित्स्वाध्यायतत्पराः ।
केचिज्जपपरा यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।३६।।

पठन्ति धर्मसूत्राणि, केचिद्धर्मकथापरा।
केचित् जापपरा यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।३७।।

मालाहस्ताः पुनः केचित्, केचित्पुस्तकधारिणः।
राजन्ते यात्रिका यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।३८।।
**માર્ગમાં ચાલતા યાત્રિકોની વણજારનું વર્ણન...**

के इमे कुत्र गच्छन्ति, कुतः समागताः पुनः।
कोऽस्य नेता क्व वत्स्यन्ति, किं भोक्ष्यन्ति च प्रत्यहं।।३९।।

कस्मात्चलन्ति पादाम्यां, सत्स्वपि वाहनेष्वहो।
किमियं वरयात्रा किं, तीर्थयात्राथवा पुनः।।४०।।

इत्यादि-विविधान्प्रश्नान्, जनयन्लोकमानसे।
वपति धर्मबीजं यः, श्रीसंघं तमहं स्तुवे ।।४१।।

किमिदमिति साश्चर्यं, प्रत्यहं द्रश्यते जनैः।
विस्मयस्मेरनेत्रैर्यः, श्रीसंघं तमहं स्तुवे ।।४२।।

**યાત્રિકોની કતારને જોઈને સ્થાનિક લોકોનાં મનમાં ઉઠતા જાત જાતનાં પ્રશ્નોની વણજાર અને તેના દ્વારા થતું જનજાગરણ!**

नानादेशीयभाषासु, व्याख्यानानि भवन्त्यहो।
त्रिवारं प्रत्यहं यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।४३।।

**વિવિધ ભાષાઓમાં અપાતા દરરોજ ત્રણ-ત્રણ પ્રવચનો દ્વારા પ્રતિબોધ પામતા હજારો લોકો!**

सहस्रशोऽप्यजैनान्यो, महाव्यसनसप्तकम्।
अत्याजयत्ससंधं हि, (सप्रतिज्ञं), श्रीसंघं तमहं स्तुवे ।।४४।।

**પ્રવચનશ્રવણથી હજારો અજૈનોએ કરેલી ૭ મહાવ્યસન ત્યાગની યાવજ્જીવ માટેની પ્રતિજ્ઞા!**

विमुक्तव्यसना जाता, यस्य सेवापरायणाः।
युवानोपि ह्यनेकेहो, श्रीसंघ तमहं स्तुवे ।।४५।।

**શ્રી સંઘની સેવામાં તત્પર બનેલા યુવાનોએ પણ કરેલો વ્યસનત્યાગ!**

संजाता यत्प्रभावेन, द्वादशव्रतधारिणः।
अनेके श्रावका नूनं, श्रीसंघं तमहं स्तुवे ।।४६।।

**કેટલાય શ્રાવક-શ્રાવિકાઓએ કરેલો ૧૨ વ્રતાદિનો વિધિપૂર્વક સ્વીકાર!**

सपारितोषिका यत्र, परीक्षा गृह्यते स्म च ।
व्याख्यानगोचरा रम्या, श्रीसंघं तमहं स्तुवे ।।४७।।

**દૈનિક પ્રવચનોની લેવાયેલ લેખિત ઈનામી પરીક્ષા!**

ज्ञानसत्रद्वयाद्यत्र, युवावर्गः प्रबोध्यते।
प्रत्यहं साधुसाध्वीभिः, श्रीसंघं तमहं स्तुवे ।।४८।।

**દરરોજ બે જ્ઞાનસત્રોનાં આયોજન દ્વારા યુવક-યુવતીઓનું થયેલ જીવન ઘડતર...**

यत्र प्रवचनदानेन, धन्योहमपि जातवान्।
अन्यैर्मुनिवरैः सार्धं, श्रीसंघं तमहं स्तुवे ।।४९।।

**પ્રવચનપ્રદાનનાં લાભથી હું પણ ધન્ય બન્યો!**

प्रत्यहं जायते भव्याऽऽराधना चित्रसंमुरवम् ।
यत्र समेततीर्थस्य, श्रीसंघं तमहं स्तुवे ।।५०।।

**પ્રતિદિન શ્રી સમેતશિખરજીનાં**
**ભવ્ય ચિત્રસન્મુખ થતી આહ્‌લાદક આરાધના!**

कुर्वन्ति स्वागतं यस्य, स्थानेस्थानेऽतिभव्यकम् ।
श्वेताऽऽशाम्बरकाद्याश्च, श्रीसंघं तमहं स्तुवे ।।५१।।

**ઠેર ઠેર શ્વતામ્બરો, દિગમ્બરો, જૈનો, અજૈનો દ્વારા કરવામાં આવતું શ્રી સંઘનું દબદબા ભર્યું સ્વાગત!...**

नास्तिका आस्तिका नैके, संजाता यत्प्रभावतः ।
बोधिबीजस्य दातारं, श्रीसंघं तमहं स्तुवे ।।५२।।

**જેના અદ્‌ભુત પ્રભાવથી નાસ્તિક પણ આસ્તિક બન્યા !...**

जंगले मंगलं नूनं, यत्प्रभावेन जायते ।
दूरे गच्छन्ति विघ्नानि, श्रीसंघं तमहं स्तुवे ।।५३।।

**જેના પ્રભાવે જંગલમાં પણ મંગલ બની જતું !...**

अनुकूला भवन्तिस्म, ऋतवो यत्प्रभावतः
अहो हेमन्तग्रीष्माद्याः श्रीसंघं तमहं स्तुवे ।।५४।।

**અહો ! હેમન્ત ગ્રીષ્માદિ ઋતુઓ પણ જેને અનુકૂળ બની ગઈ !...**

भोमियाजिन्महाकालीप्रमुखाभिश्च रक्ष्यते ।
सम्यग्दृग्देवताभिर्यो, श्रीसंघं तमहं स्तुवे ।।५५।।

**શ્રી ભોમિયાજી–મહાકાલી આદિ દેવ–દેવીઓ દ્વારા જેની રક્ષા થતી!...**

पुरिमतालमुख्या हि, उद्धृता येन तीर्थकाः ।
तीर्थोद्धारकरं वंद्यं, श्रीसंघं तमहं स्तुवे ।।५६।।

**શ્રી પુરિમતાલ (અલ્હાબાદ) આદિ તીર્થોનાં કર્યા જેણે ઉદ્ધાર !...**

दीनाऽनाथादिलोकेभ्यो, दयादानेन कारिता ।
धर्मप्रभावना येन, श्रीसंघं तमहं स्तुवे ।।५७।।

**આપી અનુકમ્પાદાન – કરી અદ્‌ભુત શાસન પ્રભાવના !...**

जन्मोत्सवः कृतो वीरविभोः क्षत्रियकुण्डके ।
चैत्रशुक्लत्रयोदश्यां, श्रीसंघं तमहं स्तुवे ।।५८।।
**ચૈત્ર સુદ ૧૩ના ક્ષત્રિયકુંડમાં પ્રભુ વીરનો ઉજવાયો આબેહુબ જન્મ મહોત્સવ!...**

जन्मदीक्षातिथी येन, मानिते समहोत्सवम् ।
संघप्रेरकसूरीणां, श्रीसंघं तमहं स्तुवे ।।५९।।
**જેણે ઉજવી ભવ્ય રીતે જન્મ–દીક્ષા તિથિઓ સંઘપ્રેરક સૂરીશ્વરની**

साश्चर्यं च प्रपश्यन्ति, भूरिराज्याधिकारिणः ।
प्राप्तराज्याश्रयं स्तुत्यं, श्रीसंघं तमहं स्तुवे ।।६०।।
**રાજ્યાધિકારી પુરુષો પણ જેને આશ્ચર્ય અને બહુમાનપૂર્વક નિહાળતા !...**

किडवाईत्यभिख्यो हि, बिहारराज्यपालकः ।
यद्दर्शनाय दूरेण, द्विवारं हि समागतः ।।६१।।

प्रभावितश्च यं दृष्ट्वा, उपाधिं सूरये ददौ ।
भारत-दिवाकरेति, श्रीसंघं तमहं स्तुवे ।।६२।।
**બિહારનાં રાજ્યપાલ શ્રી કીડવાઈ દ્વારા સંઘપ્રેરક સૂરીશ્વરને અપાયેલ 'ભારત–દિવાકર'નું માનવંતું બિરૂદ !...**

युवराट् पुष्पराजोऽपि, रीवापुरनरेशजः ।
यं दृष्ट्वा मुदितोऽत्यन्तं, श्रीसंघं तमहं स्तुवे ।।६३।।
**રીવાનગરનાં યુવરાજ પણ શ્રી સંઘનાં દર્શનથી અત્યંત પ્રભાવિત થયા!...**

चन्द्रशेखरमुख्या हि, गच्छान्तरस्थिता अपि ।
नैके मुनिवरा यस्य, दर्शनार्थं समागताः ।।६४।।
चमत्कृताश्च यं दृष्ट्वा, शासनस्य प्रभावकम् ।
सुरिं स्तुवन्ति सद्भावात्, श्रीसंघं तमहं स्तुवे ।।६५।।
**ગચ્છાન્તરીય શાસનપ્રભાવક મુનિવરાદિ દ્વારા પણ શ્રી સંઘની અનુમોદના !...**

यात्रिकचरणांगुष्ठं, प्रक्षाल्य पयसाऽप्यऽहो ।
पीतं यत्र च संघेशैः, श्रीसंघं तमहं स्तुवे ।।६६।।
**યાત્રિકોનાં ચરણાંગુષ્ઠને દૂધથી ધોઈને પી જતા સંઘપતિઓ !...**

क्वचिज्जातान्सहन्तेऽहो, वृष्टिवाताद्युपद्रवान् ।
सहर्षं यात्रिका यत्र, श्रीसंघं तमहं स्तुवे ।।६७।।
**યાત્રિકોની અદ્‌ભુત સહનશીલતા !...**

दीक्षिते यत्प्रभावेन, युवाद्वयं च बालिका ।
समेताद्रिमहातीर्थे, श्रीसंघं तमहं स्तुवे ।।६८।।
**જેના પ્રભાવે ત્રણ મુમુક્ષુઓ દીક્ષિત બન્યા !...**

प्रत्यहं यात्रिका यत्र, प्रायो गव्यूतसप्तकम् ।
विहरन्ति हि पादाभ्यां, श्रीसंघं तमहं स्तुवे ।।६९।।
**પ્રતિદિન ૧૩-૧૪ માઈલના વિહારો પણ સહજ રીતે જેમાં થઈ જતા!...**

देशचतुष्टयीं भ्रान्त्वा, सार्धमासचतुष्टये ।
चतुर्धा धर्मदेष्टा यः, श्रीसंघं तमहं स्तुवे ।।७०।।
**સાડા ચાર માસમાં ચાર રાજ્યોમાંથી પસાર થઈને**
**જેણે ચાર પ્રકારના ધર્મનો અદ્‌ભુત પ્રચાર કર્યો !...**

शास्त्रोक्तपूर्वकालीनान्, स्मारयति कलावपि ।
महासंघांश्च यो नूनं, श्रीसंघं तमहं स्तुवे ।।७१।।
**શાસ્ત્રવર્ણિત પૂર્વકાલીન મહાસંઘોની યાદી જેણે તાજી કરાવી!...**

अनेकैर्यात्रिकैर्यस्य, ह्यष्टोत्तरशतं कृताः ।
अहो यात्राः समेताद्रेः, श्रीसंघं तमहं स्तुवे ।।७२।।
**જે સંઘનાં અનેક યાત્રિકોએ કરેલી શ્રી સમેતશિખરજી મહાતીર્થની ૧૦૮ યાત્રાઓ!...**

प्रत्यहं निर्मितै रम्यै, र्वस्त्रगृहैर्विराजते ।
जङ्गमपुरतुल्यो यः, श्रीसंघं तमहं स्तुवे ।।७३।।
**વિવિધ ઉપમાઓ દ્વારા શ્રી સંઘની અનુમોદના ! જંગમ નગરની ઉપમા**
अद्य दृष्टा च श्वो नष्टा, भाति मायापुरीव यः।
निर्मिता वस्त्रप्रासादैः, श्रीसंघं तमहं स्तुवे ।।७४।।
**માયાપુરી (ગાંધર્વનગર) ની ઉપમા!...**

जिनभक्तियुतैर्लोकै , - र्देवदेवीनिभैश्च यः ।
स्वर्विमानमिवाऽऽभाति, श्रीसंघं तमहं स्तुवे ।।७५।।
**દેવવિમાનની ઉપમા !...**

संसारार्णवमग्नान्यः, शीघ्रं तारयितुं जनान् ।
अग्निनौकावदाभाति, श्रीसंघं तमहं स्तुवे ।।७६।।
**આગબોટની ઉપમા !...**

ज्ञानक्रियाश्वसंयुक्तः, सूरिसारथिप्रेरितः।
तपोनियमचक्राभ्यां, धावमानः शिवाध्वनि ।।७७।।

स्वाध्यायझल्लरीघोषः, शीलध्वजसुशाभितः।
रथवद्भाति यो नूनं, श्रीसंघं तमहं स्तुवे ।।७८।।
**રથની ઉપમા !...**

जिगीषुर्मोहचक्रं यो, दीप्तैस्तपोरकैर्युतः ।
धर्मचक्रमिवाऽऽभाति, श्रीसंघं तमहं स्तुवे ।।७९।।
**ધર્મચક્રની ઉપમા !...**

क्रियाकलापकल्लोलैः, कलितः धर्मवारिभृत् ।
महार्घ्यैर्यात्रिकैरत्नैर्भृतः स्वाध्यायघोषवान् ।।८०।।

अनेकगुणसम्पत्तिनदीपरिवृढश्च यः ।
महासमुद्रवद्भाति, श्रीसंघं तमहं स्तुवे ।।८१।।
**મહાસમુદ્રની ઉપમા !...**

वाणारसीप्रयागादिदेशस्थान्पावयन्जनान् ।
गङ्गाप्रवाहवद्भाति, श्रीसंघं तमहं स्तुवे ।।८२।।
**ગંગા નદીના પ્રવાહની ઉપમા !...**

भवाटवीं समुल्लंघ्य, गन्तुकामः शिवालयम् ।
महासार्थवदाभाति, श्रीसंघं तमहं स्तुवे ।।८३।।
**મહાસાર્થની ઉપમા !...**

गुणपाथोजसंयुक्तः, मुनिहंसयुतश्च यः ।
सरोवरमिवाऽऽभाति, श्रीसंघं तमहं स्तुवे ।।८४।।

**સરોવરની ઉપમા !...**

कर्मकर्दमजन्मा यः, गुणकेसरसंयुतः ।
सुश्राद्धषट्पदैर्युक्तः, मुनिपत्रैश्च कोमलैः ।।८५।।

सूरिभास्करतेजोभिः बुद्धः शीलसुगन्धवान् ।
महापद्ममिवाऽऽभाति, श्रीसंघं तमहं स्तुवे ।।८६।।

**મહાપદ્મની ઉપમા !...**

साधुसाध्व्यादिभीरम्यैश्चतुर्भिर्यो युतः वनैः ।
तपःसंयमहेम्ना च, दीप्यमानः सुचारुणा ।। ८७।।

अक्षोभ्यो विघ्नवातैर्यश्चलन्नपि दृढश्च यः
जङ्गममेरुवद्भाति, श्रीसंघं तमहं स्तुवे ।।८८।।

**મેરુપર્વતની ઉપમા !...**

नानारत्नैर्भृतो यो हि, भावितीर्थकृदादिभिः।
रोहणाचलवद्भाति, श्रीसंघं तमहं स्तुवे ।।८९।।

**રોહણાચલની ઉપમા !...**

जङ्गमसेतुवद्भाति, मार्गे गच्छन्क्रमेण यः ।
पारं गन्तुं भवाब्धेर्हि, श्रीसंघं तमहं स्तुवे ।।९०।।

**જંગમ સેતુ (હાલતા ચાલતા પુલ) ની ઉપમા!...**

सिद्धिस्त्रीसङ्गमोत्कण्ठसंघेशवरयात्रिका ।
इवाऽऽभाति च यो नूनं, श्रीसंघं तमहं स्तुवे ।।९१।।

**લગ્નની જાન – વરઘોડાની ઉપમા !...**

मिथ्यात्वतिमिरध्वंसी, यः सम्यग्दर्शनांशुभिः।
नास्तिकग्रहकान्तिघ्नो, न ग्रस्तो मोहराहुणा ।।९२।।

ज्ञानोद्योतकरो नित्यं, भव्यवार्जप्रबोधकः ।
भ्राजते भानुवन्नूनं, श्रीसंघं तमहं स्तुवे ।।९३।।

**સૂર્યની ઉપમા !...**

सम्यक्त्वशुद्धज्योत्स्नाकं, तपःसंयमलाछनम् ।
अज्ञानवार्दलाऽच्छन्नं, भव्यकुमुदबोधकम् ।।९४।।

यं द्रष्ट्वा मुदिता लोका, राकाचन्द्रमिवाश्चिनम् ।
विस्मरन्ति निजं दुःखं, श्रीसंघं तमहं स्तुवे ।।९५।।
**शरद पूर्णिमाना चन्द्रनी ઉपमा !...**

भवारण्यपथश्रान्तजीवविश्रामभूश्च यः ।
कल्पवृक्षवदाभाति, श्रीसंघं तमहं स्तुवे ।।९६।।
**કલ્પવૃક્ષની ઉપમા !...**

वृष्टिवातादिविघ्नाग्नितप्तो देदीप्यते च यः ।
जात्यहेमवदाभाति, श्रीसंघं तमहं स्तुवे ।।९७।।
**સુવર્ણની ઉપમા !...**

संघो वन्द्यसुवन्दितः प्रतिदिनं, संघंस्तुवेऽहं मुदा,
संघेन प्रतिबोधिता बहुजनाः, संघाय नित्यं नमः ।
संघात्तीर्थप्रभावनाद्भुततरा, संघस्य तेजो महत्,
संघे श्रेष्ठगुणावलिर्विलसति, भो संघ! मां तारय ।।९८।।
**સાત વિભકિત યુકત સંઘસ્તુતિ !...**

चन्द्र-वेद-ख-नेत्राब्दे, संमेतशिखरे वरे।
चातुर्मासीं स्थितेनेह, गुणाब्धिगुरुभिः समम् ।।९९।।

उत्तराध्ययनव्याख्या, गुर्वास्याच्छृण्वता मुदा ।
महानिशीथ - नन्द्यादिसूत्रयोगं च कुर्वता ।।१००।।

समेताद्रिमहातीर्थाराधनां कुर्वता मुदा ।
चतुर्विधेन संघेन, समं प्रगे च प्रत्यहम् ।।१०१।।

साधु-साध्वीसमूहाय, विशालाय प्रयच्छता ।
कर्मग्रंथादिशास्त्राणां, गुर्वादेशेन वाचनाम् ।।१०२।।

निर्माणं पश्यता नित्यं, जिनमन्दिरविंशतेः
गुरुभिः प्रेरितायाश्चाद्वितीयायाः ससंमदम् ।।१०३।।

गुणाब्धिसूरिशिष्येण, मुनिमहोदयाब्धिना ।
कलाप्रभाब्धिगणिभिः, प्रेरितेन ससंमदम् ।।१०४।।

रचिताः सरलाः श्लोकाः, स्वपरानन्दहेतवे।
ह्यष्टोत्तरशतं रम्या, श्रिये पाठकमित्र ते ! ।।१०५।।

(सप्तमिः कुलकम्)

ઉપસંહાર – પ્રશસ્તિ !...

**અર્થ : સં. ૨૦૪૧ માં શ્રી સમેતશિખરજી નામના શ્રેષ્ઠ તીર્થમાં ગુણોના સાગર એવા ગુરૂદેવના શ્રી મુખેથી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની વ્યાખ્યા (વાચના) ને આનંદપૂર્વક સાંભળતા...**

**શ્રી મહાનિશીથ –નંદી (અનુયોગદ્વાર–સૂયગડાંગ–ઠાણાંગ) આદિ સૂત્રોના યોગોદ્‌વહન કરતા, દરરોજ સવારે ચતુર્વિધ શ્રીસંઘની સાથે શ્રી સમેતશિખરજી મહાતીર્થની આનંદપૂર્વક આરાધના કરતા, ગુરૂદેવની આજ્ઞાથી વિશાળ એવા સાધુ–સાધ્વીજીઓના સમૂહને કર્મગ્રંથાદિ શાસ્ત્રોની વાચતા આપતા... ગુરૂદેવશ્રીની પ્રેરણાથી નિર્મિત થઇ રહેલા વીશ જિનાલયના નિર્માણને આનંદપૂર્વક નિહાળતા...અને પૂજ્ય ગણિવર્ય શ્રી કલાપ્રભસાગરજી મ.સા. દ્વારા સાનંદ પ્રેરિત થયેલા... એવા અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય મુનિ મહોદયસાગર દ્વારા સ્વ અને પરના આનંદ માટે રચાયેલા પ્રસ્તુત સરલ–રમ્ય ૧૦૮ શ્લોકો હે પાઠકમિત્ર ! તારા કલ્યાણ માટે થાઓ !!!....**

प्रातरुत्थाय यो नित्यं, भक्त्या संघस्तुतिं पठेत् ।
इहाऽमुत्र सुखीभूय, शीघ्रं स शिवसौख्यमाक् ।।१०६।।

**સવારે ઉઠીને જે હંમેશા ભક્તિપૂર્વક સંઘસ્તુતિનું પઠન કરશે તે આ ભવ અને પરભવમાં સુખી થઇને શીઘ્ર મોક્ષસુખને પ્રાપ્ત કરશે.**

गच्छतः स्खलनं क्वाऽपि, भवेदेवेति चिन्तयन् ।
हसनीयं बुधैर्नाऽत्र, स्खलनं काऽपि स्याद्यदि ।।१०७।।

**ચાલતો માણસ ક્યાંય સ્ખલના પણ  પામે છે એમ વિચારીને કદાચ આ સંઘસ્તુતિમાં ક્યાંક સ્ખલના થઇ હોય તો પણ ડાહ્યા માણસોએ હસવું નહિ.**

विधायाऽनुग्रहं किन्तु, ज्ञापनीयं ह्यरं मम।
दोषानुपेक्ष्य मध्यस्थाः, गुणान्गृह्णन्ति सज्जनाः ।।१०८।।

પરંતુ મારા ઉપર કૃપા કરીને સ્ખલના શીઘ્ર મને જણાવવી. ખરેખર મધ્યસ્થ એવા સજ્જનો દોષોની ઉપેક્ષા કરીને ગુણોને જ ગ્રહણ કરે છે.

यन्मयोपार्जितं पुण्यं, कृत्वा संघानुमोदनम् ।
सदा श्रीसंघसेवैव, तेन मेऽस्तु भवे भवे ।।१०९।।

શ્રી સંઘની અનુમોદના કરીને મેં જે પુણ્ય ઉપાર્જન કર્યું હોય તેના વડે ભવોભવ હંમેશા મને શ્રી સંઘની સેવા જ પ્રાપ્ત થાઓ !!!...

રચના : સં. ૨૦૪૧, ભાદરવા સુદ ૧૩

ૐ શાંતિઃ... શાંતિઃ... શાંતિઃ....

# (૧૪)
# પર્યુષણ પર્વાધિરાજની પવિત્ર પ્રસાદી
## પત્રાંક -૧
## "ભાવના ભવ નાશિની"

પ્રિય ચેતન,

સપ્રેમ ધર્મલાભ

પ્રાણીમાત્ર પ્રત્યે પવિત્ર પ્રેમપૂર્ણ પ્રવર્તન કરવાનો પાવનકારી પયગામ લઈને પર્વાધિરાજ શ્રી પર્યુષણનું પુનીત પદાર્પણ થયું છે. ત્યારે કંઇક પ્રેરણાનું પાથેય પૂરું પાડવા માટેની તારી પ્રેમળ વિનંતિથી પ્રેરાઈને આ કલમ ચલાવવાનો પ્રારંભ કરું છું. તેમાં જે કાંઈ સારું લખાય તે શ્રી દેવ-ગુરુ તથા અનેક મહાત્માઓની અસીમ કૃપા પ્રસાદી સમજવી. જે કાંઈ ઉણપ હોય તેને માટે મારી છદ્મસ્થદશા જવાબદાર હોઈ તું હંસની માફક સાર ગ્રહણ કરવા પ્રયત્ન કરજે. તને યોગ્ય લાગે તો આ પત્રશ્રેણિ તારા મિત્રવૃંદને પણ ખુશીથી વંચાવજે.

ચેતન! તને ખબર હશે જ કે શ્રી પર્યુષણ મહાપર્વનું પ્રાણરૂપ મુખ્ય કર્તવ્ય હોય તો તે "ક્ષમાપના" નું આદાન-પ્રદાન કરવાનું છે.

"ક્ષમાપના" ની જરૂરીયાત ક્યારે ઊભી થાય છે કે જ્યારે કોઈપણ જીવ સાથે છદ્મસ્થપણાને કારણે મૈત્રી ભાવનો સંબંધ ખંડિત થાય છે. બે અંતર વચ્ચે અંતર પડી જાય છે ત્યારે તેને પુનઃ જોડવા માટે ક્ષમાપના રૂપી ફેવીકોલની મુખ્યત્વે જરૂર પડતી હોય છે.

એટલે ખરેખર તો પ્રાણીમાત્ર પ્રત્યે અને તેમાંય ખાસ કરીને આપણા સંપર્કમાં આવતા જીવો પ્રત્યે એવો નિઃસ્વાર્થ પ્રેમભાવ કેળવવો જોઈએ કે જેથી કોઈપણ જીવ સાથે આપણો મૈત્રીભાવ કદાપિ ખંડિત ન થાય.

શ્રી જિનશાસનમાં જીવમૈત્રી ઉપર ખૂબજ ભાર મૂકવામાં આવ્યો છે. ૧૪૪૪ ગ્રંથ પ્રણેતા શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ "ધર્મબિંદુ" ગ્રંથના પ્રારંભમાં ધર્મની વ્યાખ્યા કરતાં જણાવે છે કે "રાગ-દ્વેષ" વિજેતા એવા શ્રી જિનેશ્વર ભગવંતોની આજ્ઞા મુજબ મૈત્રી આદિ ભાવોથી યુક્ત જે અનુષ્ઠાન કરાય તે ધર્મ કહેવાય છે.

મૈત્રી આદિ ભાવોથી ભાવિત થયા વિના કરાતી તમામ ધર્મક્રિયાઓ મીઠા વગરની રસોઈ જેવી નીરસ હોઈ આત્માને આહ્લાદ પમાડી શક્તિ નથી. જીવનું ભવભ્રમણ સીમિત બનાવી શક્તિ નથી.

જેવી રીતે ફક્ત હાથથી ફેંકાતી બુલેટ લક્ષ્યને વીંધી શક્તી નથી પરંતુ રિવોલ્વર કે બંદુકમાંથી ફાયર કરાતી બુલેટ જ લક્ષ્યને આરપાર વીંધી શકે છે. તેવીજ રીતે મૈત્રી આદિ શુભ ભાવરૂપી રિવોલ્વરની સ્પ્રીંગના જોરદાર પુશ વિનાની કોરી ધર્મક્રિયા પણ ગાઢ રીતે બંધાયેલા કર્મો રૂપી લક્ષ્યને વીંધી શકતી નથી.

મૈત્રી આદિ શુભ ભાવો રૂપી અનુપાન સાથે લેવાતી ધર્મારાધના રૂપી દવા જ આત્માના ભાવ આરોગ્યને પમાડી શકે છે.

આ વિશ્વનું સર્વોત્કૃષ્ટ પદ "તીર્થંકર પદ" પણ સહુ જીવોને સદાને માટે સંપૂર્ણ દુઃખમુક્ત કરીને શાશ્વત એવા મોક્ષ સુખને પમાડવાની સાચી હિત ચિંતા રૂપ મૈત્રી ભાવનાની પરાકાષ્ઠાનું જ પરિણામ હોય છે.

આના ઉપરથી મૈત્રીભાવનાનું મહત્ત્વ સમજાયું હશે. એટલે આપણે આ પત્રશ્રેણિમાં મૈત્રી આદિ ભાવો વિષે જ વિવિધ દૃષ્ટિબિંદુઓથી અનેક પ્રેરક દૃષ્ટાંતો પૂર્વક વિચારણા કરીશું.

મૈત્રી આદિ શુભ ભાવોમાં "આદિ" શબ્દથી પ્રમોદ, કરુણા તથા માધ્યસ્થ્ય ભાવ સમજવાના છે.

આ ચાર ભાવોની ટુંક વ્યાખ્યા આ પ્રમાણે છે.

૧) "પર હિતચિંતા મૈત્રી" એટલે બીજા જીવોની સાચી હિતચિંતા કરવી તે મૈત્રીભાવ કહેવાય.

૨) "પર સુખતુષ્ટિ મુદિતા" અર્થાત્ આપણા કરતાં વધુ સુખી (કે ગુણવાન) જીવોને જોઈને ઈર્ષ્યા ન કરતાં રાજી થવું તે પ્રમોદભાવ.

૩) "પર દુઃખ વિનાશિની કરુણા" એટલે કે દુઃખી જીવોના દુઃખો (તથા પાપો) દૂર કરવા માટે પ્રયત્ન કરવા તે કરુણા ભાવના.

તથા

૪) "પર દોષોપેક્ષણં ઉપેક્ષા" અર્થાત્ હિત બુદ્ધિથી પ્રેમપૂર્વક સમજાવવા છતાં સામો જીવ પોતાના દોષોને સુધારી ન શકે કે સુધારવા પ્રયત્ન પણ ન કરે ત્યારે પણ તેનો તિરસ્કાર ન કરતાં ઉપેક્ષા કરવી – સમતા રાખવી તે માધ્યસ્થ્ય (ઉપેક્ષા) ભાવના.

આ ચાર ભાવનાઓ દ્વારા બીજા જીવો સાથે કેવી રીતે વર્તવું જોઈએ તે જ્ઞાની ભગવંતોએ આપણને શીખવ્યું છે.

આ ચાર ભાવનાઓમાં બધા જ જીવોનો યથાયોગ્ય રીતે સમાવેશ થઈ જાય છે. આ ચાર ભાવના સિવાય પાંચમી ધિક્કાર ભાવના, ધૃણા ભાવના, ઈર્ષ્યા ભાવના કે વૈર ભાવના મહાપુરુષોએ ક્યાંય બતાવી નથી.

માટે સુખ શાંતિ તેમજ પ્રસન્નતા કે આનંદના અભિલાષી દરેક આત્માઓએ આ ચાર ભાવનાઓને પોતાના જીવનમાં અચૂક આત્મસાત્ કરવી જ જોઈએ.

આ ચારમાં પણ મુખ્ય પ્રથમ મૈત્રીભાવના છે. મૈત્રી ભાવનામાંથી જ આપો આપ પ્રમોદ, કરુણા તથા માધ્યસ્થ્ય ભાવના ફલિત થતી હોય છે.

એક સાચો મિત્ર પોતાના મિત્રનું હિત ઈચ્છે છે, તેના સુખને જોઈને કે પ્રશંસા સાંભળીને પ્રસન્નતા અનુભવે છે. મિત્રના દુઃખને પોતાનું દુઃખ માનીને તેને દૂર કરવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરે છે તથા મિત્રના દોષોનો ઢંઢેરો પીટતો નથી તેમજ તેનો તિરસ્કાર કરતો નથી પરંતુ માધ્યસ્થ્ય ભાવને ધારણ કરે છે.

તેવીજ રીતે જો વિશ્વના જીવમાત્ર પ્રત્યે સાચો મૈત્રીભાવ આત્મસાત્ થાય તો તેમના પ્રત્યે પ્રમોદ, કરુણા, તેમજ માધ્યસ્થ્ય ભાવ પણ યથાયોગ્ય રીતે આપોઆપ પ્રગટે છે.

માટે આ ચાર ભાવનાઓમાં પ્રથમ મૈત્રીભાવના વિષે આપણે સવિસ્તર વિચારણા કરીશું.

શ્રી હરિભદ્રસૂરિજીએ સાધુતાનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે "સાધુત્વં કિં નામ? સર્વ જીવ સ્નેહ પરિણામઃ" અર્થાત્ સર્વ જીવો સાથે સ્નેહ પરિણામ એ જ સાચી સાધુતા છે. આવી ભાવ સાધુતા આપણા જીવનમાં પ્રગટે તે માટે વિશેષ વિચારણા બીજા પત્રમાં કરીશું આજે બસ આટલું જ

ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

# (૧૫)
# પર્યુષણ પર્વાધિરાજની પવિત્ર પ્રસાદી
## પત્રાંક -૨
## "મિત્તી મે સવ્વ ભૂએસુ"

(બધા જીવમાં મિત્રતાને પ્રસારું)

પ્રિય ચેતન,

સપ્રેમ ધર્મલાભ

આજે પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વનો બીજો દિવસ છે. પર્વાધિરાજના પ્રાણરૂપ કર્તવ્ય ક્ષમાપનાના અનુસંધાનમાં મૈત્રી આદિ ચાર ભાવનાઓ વિષે આપણે ગઈ કાલે થોડીક વિચારણા કરી.

તેમાંથી પ્રથમ મૈત્રી ભાવના વિષે આજે થોડી વિશેષ વિચારણા આપણે કરીશું.

નીતિશાસ્ત્રમાં સાચા મિત્રનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે –

"पापान्निवारयति योजयते हिताय,
गुह्यं च गुह्यति गुणान् प्रकटीकरोति !
आपद्गतं च न कदापि जहाति मित्रं,
सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः !!"

અર્થ : જે મિત્ર આપણને પાપ કરતાં અટકાવે, આત્માના હિતકારી સત્કાર્યમાં જોડે, આપણી ગુપ્ત વાતને ગોપવે, સદ્ગુણોને જાહેર કરે અને આપત્તિમાં કદાપિ સાથ ન છોડે તેને જ સંત પુરુષો સાચો મિત્ર કહે છે.

પોતાના સ્વાર્થ ખાતર આપણને ચા પીવડાવે, પાન ખવડાવે કે ટિકિટ કઢાવીને પિક્ચર દેખાડે યા હોટલનું બીલ ચૂકવે એટલામાં સાચી મૈત્રીની ઈતિશ્રી થતી નથી. પરંતુ ઉપરોક્ત પ્રકારની મૈત્રી એજ સાચી મૈત્રી છે. અંગ્રેજીમાં પણ કહ્યું છે કે "A Friend in need is friend indeed" અર્થાત્ ખરી જરૂરીયાત વખતે સાથ આપે એજ સાચો મિત્ર.

આવો નિઃસ્વાર્થ – વિશુદ્ધ મૈત્રી સંબંધ કોઈ એકાદ વ્યક્તિ સાથે પણ બંધાયો હોય ત્યારે પણ કોઈ અનેરા આનંદની અનુભૂતિ થતી હોય છે, તો આવો નિર્દોષ મૈત્રી સંબંધ જગતના જીવમાત્ર પ્રત્યે કેળવાય તો કેટલો અને કેવો અવર્ણનીય આનંદ અનુભવાય એ શબ્દનો વિષય નથી પરંતુ અનુભૂતિથી જ સમજી શકાય તેમ છે.

સમસ્ત જીવરાશિ પ્રત્યે આવો નિર્મળ મૈત્રીભાવ એજ સાચી સાધુતાનું મુખ્ય લક્ષણ છે.

એક પણ જીવ સાથે લેશમાત્ર વૈર વિરોધ ન હોય, મનદુઃખ ન હોય, બદલો લેવાની વૃત્તિ ન હોય પરંતુ તમામ જીવો પ્રત્યે બહુમાનનો ભાવ (Reverence For Life) હોય, જીવનમાત્ર માં શિવના દર્શનનો ભાવ હોય, આપણા સંપર્કમાં આવતા તમામ જીવોનું નિરપવાદપણે ભલું જ ઇચ્છાતું હોય, બધાને નિઃસ્વાર્થ ભાવે સહાય કરવાની જ વૃત્તિ–પ્રવૃત્તિ હોય એવી અંતઃકરણની ઉમદા સ્થિતિની કલ્પનામાત્ર પણ કેટલી આહ્લાદ જનક લાગે છે. તો પછી જ્યારે ખરેખર એવી વૃત્તિ સહજપણે આત્મસાત્ થાય ત્યારે કેવો અદ્ભુત આનંદ અનુભવાતો હશે તેની ત્રિરાશિ માંડવી રહી!!!

મહાત્મા ગાંધીજીએ ભારતવાસીઓની રોટી, કપડા, મકાનની ચિંતા કરી તો લોકોએ તેમને બહુમાનપૂર્વક "રાષ્ટ્રપિતા" જેવા માનવંતા બિરુદથી નવાજ્યા. તો જે આત્મા ત્રણે લોકના સઘળાય જીવોને સર્વ દુઃખોથી સદાને માટે સર્વથા છોડાવીને શાશ્વત એવા અનંત, અક્ષય આત્મિક સુખને પમાડવાનો સાચો રાહ દેખાડવા માટે રાજપાટના સઘળાય ભૌતિક સુખોનો પરિત્યાગ કરીને જંગલ વિગેરેમાં અનેક પ્રકારના ઉપસર્ગો – પરિષહો – કષ્ટોને સમતાપૂર્વક સહન કરીને મેળવેલ કેવલજ્ઞાનના પ્રકાશ દ્વારા જગતના જીવોને પરમ મુક્તિનો રાહ ચીંધે એવા આત્મા (તીર્થંકર પરમાત્મા) ના માતાની કુક્ષિમાં અવતરણ કે જન્મ આદિ પ્રસંગોમાં સમસ્ત પ્રકૃતિ આનંદ વિભોર બનીને અનેક પ્રકારે તેમનું બહુમાન કરે, ૫૬ દિક્કુમારિકાઓના તથા ૬૪ ઇન્દ્રોના સિંહાસન ડોલાયમાન થતાં સૂતિકા કર્મ તથા જન્મ મહોત્સવ ઉજવે, સાતેય નરક સહિત ૧૪ રાજલોકમાં અજવાળા પથરાય, નારકી જીવો તથા એકેન્દ્રિય જીવો પણ શાતાનો અનુભવ કરે તથા એ પ્રભુ કેવલજ્ઞાન પામીને વિચરતા હોય ત્યારે કાંટા પણ ઊંધા વળે, પક્ષિઓ પણ પ્રદક્ષિણા આપીને નમસ્કાર કરે, વૃક્ષો પણ ઝુકી ઝુકીને પ્રણામ કરે, પવન પણ અનુકૂળ વાય, છએ ઋતુઓ પણ પોતપોતાના ફૂલ–ફળ દ્વારા પ્રભુની પર્યુપાસના કરે, સાપ અને નોળિયા વિગેરે જન્મજાત વૈરભાવવાળા પ્રાણીઓ પણ પરસ્પર વૈરભાવ ભૂલીને મિત્રભાવે સાથે બેસીને પ્રભુની દેશના સાંભળે, આવા આવા અનેક અતિશયો દ્વારા સમસ્ત પ્રકૃતિ તેમને "તીર્થંકર પરમાત્મા" તરીકે નવાજીને તેમની અનન્યભાવે પર્યુપાસના કરે તેમાં શી નવાઈ?...

આ છે મૈત્રીભાવનાની પરાકાષ્ઠાનો બેનમૂન પ્રભાવ. મહાપુણ્યોદયે મૈત્રીભાવનાના સર્વોત્કૃષ્ટ ભંડાર અને પરોપકારના પરમ વ્યસની એવા શ્રીઅરિહંત પરમાત્માના લોકોત્તર શાસનમાં જન્મ પામીને પણ જો આપણે 'બીજાનું જે થવાનું હોય તે થાય, પરંતુ મને અનુકૂળતા મળવી જોઈએ' આવી સ્વાર્થવૃત્તિમાં જ રચ્યા પચ્યા રહીએ, બીજાની સુખ-શાંતિ-પ્રસન્નતા કે સમાધિના ભોગે પણ આપણે માત્ર આપણા જ સુખ દુઃખનો વિચાર કરતા હોઈએ તો પછી ભલે કદાચ દરરોજ નિયમિત ત્રિકાળ સ્વદ્રવ્યથી જિનપૂજા આદિ અનેકવિધ ધર્મક્રિયાઓ કરતા હોઈએ તો પણ હજી આપણે ધર્મના મર્મને સમજ્યા જ નથી. આ અણગમતા સત્યને જેટલું વહેલું સમજતા અને સ્વીકારતા થઈએ એમાં જ આપણું સાચું હિત સમાયેલું છે.

સમસ્ત જીવરાશિ પ્રત્યે મૈત્રીભાવ માત્ર 'શિવમસ્તુ સર્વજગતઃ...' ઈત્યાદિ બોલી જવા માત્રથી આત્મસાત્ થતો નથી પરંતુ એનો પ્રેક્ટીકલ પ્રયોગનો પ્રારંભ પોતાના ઘરના તમામ સભ્યો સાથે પ્રેમપૂર્ણ ઉચિત વ્યવહાર કરવાથી થઈ શકે છે.

જે મનુષ્ય પોતાના જ સગા ભાઈ સામે કે પિતા સામે કહેવાતા વારસા હક્ક ખાતર કોર્ટમાં કેસ માંડતો હોય, જે માણસ નજીવી ભૂલમાં પણ વારંવાર આવેશમાં આવીને પત્ની કે સંતાનોને મારઝૂડ કરતો હોય, જે પુત્ર પત્નીઘેલો બનીને પોતાના જન્મદાતા પરોપકારી પૂજનીય માતા-પિતાને વૃદ્ધાશ્રમોમાં ધકેલીને પોતે લકઝરીયસ એરકંડીશન ફ્લેટમાં મોજ મજા કરતો હોય, જે શેઠ ભયંકર મોંઘવારીનો વિચાર કર્યા વિના નોકર ચાકરને ઓછામાં ઓછો પગાર આપીને વધુમાં વધુ કસ કાઢવાની મનોવૃત્તિ ધરાવતો હોય તે કદાચ પર્યુષણમાં કે પ્રતિષ્ઠા વિગેરે પ્રસંગોમાં હજારો લાખો રૂા. ની ઉછામણી દુનિયાને દેખાડવા માટે બોલતો હોય કે જીવદયાની ટીપમાં ૫ હજાર રૂા. લખાવતો હોય "શિવમસ્તુ સર્વજગતઃ" ના નારા બુલંદ સ્વરે લગાવતો હોય કે પર્વતિથિઓમાં લીલોત્તરી ત્યાગ કરતો હોય, સામાયિકમાં ઉઋેઈનો સંઘટ્ટો થવાનું પ્રાયશ્ચિત સ્વીકારતો હોય તો તેનું આ આચરણ કેટલું બધું વિરોધાભાસી અને બેહુદું ગણાય!...

ઉપરોક્ત પ્રકારની વૃત્તિ-પ્રવૃત્તિ ધરાવતો મનુષ્ય કદાચ ૯ લાખ કે ૯ કરોડ નવકાર ગણી નાખે તો પણ એને નવકારના અદ્ભુત પ્રભાવનો અનુભવ ન થાય તેમાં નવકારનો વાંક ખરો???

આજ વાતને વધુ સ્પષ્ટ કરવા માટે થોડાજ વર્ષ પૂર્વે બનેલી એક સત્ય ઘટના આવતી કાલે તારા સમક્ષ રજુ કરીશ આજે બસ આટલું જ.

ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

(૧૬)

# પર્યુષણ પર્વાધિરાજની પવિત્ર પ્રસાદી

## પત્રાંક -૩

## "વૈર વિસર્જક, મૈત્રી સર્જક... શ્રી નવકાર"

પ્રિય ચેતન,

સપ્રેમ ધર્મલાભ.

જીવ માત્ર સાથે મૈત્રીભાવભર્યા સંબંધને સુદૃઢ બનાવવાનો સુંદર સંદેશો આપતા પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વનો આજે ત્રીજો દિવસ છે. ગઈ કાલના પત્રના અનુસંધાનમાં આજે એક બોધદાયક સત્ય ઘટના રજુ કરું છું તે તું મનનપૂર્વક વાંચજે.

આજથી થોડા વર્ષ પૂર્વે શંખેશ્વરજી મહાતીર્થમાં નવકાર મહામંત્રના પરમ આરાધક અજાતશત્રુ પ.પૂ.પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા. આદિ પૂજ્યોની નિશ્રામાં નવકાર મહામંત્રના આરાધક આત્માઓનું ત્રિદિવસીય સંમેલન ગોઠવવામાં આવ્યું હતું. તેમાં ત્રીજા દિવસે રાત્રે નવકાર વિષે પ્રશ્નોત્તરી ગોઠવવામાં આવી હતી. જિજ્ઞાસુઓના પ્રશ્નોના પ્રત્યુત્તરો આપવાની જવાબદારી જાણીતા તત્ત્વચિંતક શ્રી કિરણભાઈ પારેખને સોંપવામાં આવી હતી.

રાત્રે લગભગ ૧૧.૦૦ વાગ્યે પ્રશ્નોત્તરી કાર્યક્રમ પૂર્ણ થતાં સભાનું વિસર્જન થયું. બધા જ શ્રોતાઓ સ્વસ્થાને ચાલ્યા ગયા. પરંતુ એક ભાઈ ત્યાં જ બેઠા હતા. સભાના સંચાલકે તેમને પૂછ્યું 'તમારે હજી કાંઈ પૂછવાનું બાકી રહી ગયું છે?' આ સાંભળતાં જ પેલા ભાઈ કંઈક આવેશમાં આવીને કહેવા લાગ્યા 'મારે કંઈ જ પૂછવું નથી, પરંતુ ફક્ત એટલું જ કહેવું છે કે મહેરબાની કરીને આવા ધતીંગ બંધ કરો. તમે લોકોએ ત્રણ દિવસમાં નવકાર મંત્રના મહિમા વિષે જે ભાષણો ઠોક્યા છે તે બધું જ હંબગ છે. હાલના જમાનામાં નવકાર મંત્રમાં આવો કોઈ જ પ્રભાવ નથી. આ વાત હું મારા ૩૬ વર્ષોના જાત અનુભવના આધારે છાતી ઠોકીને કહી રહ્યો છું!'

અણધાર્યા આવા શબ્દો સાંભળીને સંચાલક ભાઈ તો ડઘાઈ જ ગયા. છેવટે તેઓ એ ભાઈને કિરણભાઈ પાસે લઈ ગયા અને બધી હકીકત તેમને જણાવી.

કિરણભાઈને પણ આ કેસનું સંશોધન કરવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ.

તેમણે એ ભાઈને પ્રેમપૂર્વક પૂછ્યું, 'તમે મને જણાવી શકશો કે તમે અત્યાર સુધીમાં કઈ કઈ રીતે નવકારની આરાધના કરી અને કેટલા નવકાર ગણ્યા?' પ્રત્યુત્તરમાં એ ભાઈએ પોતાના હાથ દેખાડતાં કહ્યું,'આ જુઓ ૩૬ વર્ષોથી નવકાર ગણતાં ગણતાં મારી આંગળીના ટેરવા ઘસાવા લાગ્યા! પ્રાચીન હસ્ત લિખિત પ્રતો વિગેરેમાં દર્શાવેલ તથા મહાત્માઓ પાસેથી સાંભળેલ એવી કોઈ પ્રક્રિયા બાકી નથી કે જે મેં ૩૫ વર્ષની સાધના દરમ્યાન અજમાવી ન હોય! અરે, શિયાળામાં કડકડતી ઠંડીમાં ઠંડા પાણીમાં ઊભા રહીને તથા ઉનાળામાં ચારે બાજુ અગ્નિના તાપ વચ્ચે રહીને પણ મેં નવકાર જાપના પ્રયોગો કર્યા છે. પરંતુ પરિણામ શૂન્ય જ આવ્યું છે. ન તો મને કોઈ ચમત્કાર અનુભવાયો છે કે ન તો માનસિક શાંતિનો પણ અનુભવ થયો છે ! એટલે જ કંટાળીને ૩૫ વર્ષે પૂર્વે માતા પાસેથી જે નવકાર મંત્ર શંખેશ્વર દાદા સમક્ષ હું શીખ્યો હતો તે આજે દાદાને પાછો આપવા માટે જ હું અહીં આવ્યો છું, માટે મહેરબાની કરીને નવકાર મંત્રના મહિમા વિષે હવે વધારે કાંઈ પણ ઉપદેશ આપશો નહીં...!'

ચેતન! આ સાંભળીને ક્ષણવાર તો કિરણભાઈ પણ સ્તબ્ધ થઈ ગયા. મહામંત્રના પ્રભાવ વિષે તેમને પૂરેપૂરી શ્રદ્ધા હતી, તો બીજી બાજુ ૩૬ વર્ષોની સાધના છતાં પરિણામ શૂન્યતાનું દૃષ્ટાંત પણ તેમની સામે પડકાર રૂપ હતું.

છેવટે તેમણે મનોમન ગુરૂદેવનું શરણું લઈ નવકારનું સ્મરણ કર્યું અને બીજી જ ક્ષણે તેમના મનમાં વિચાર ઝબકી ગયો કે, 'આ ભાઈએ બાહ્ય વિધિઓ તો ઘણી કરી છે. પરંતુ અભ્યંતર વિધિમાં ક્યાંક કચાશ હોવી જોઈએ. તે વિના આવું બને જ નહીં.'

એ કચાશ (નબળી કડી) શોધી કાઢવા માટે તેમણે એમના વ્યાવહારિક જીવન વિષે થોડી પૂછપરછ કરી. તેમાં એમના નાનાભાઈની વાત નીકળતાં જ તેઓ એકદમ આવેશમાં આવીને કહેવા લાગ્યા કે, 'એ હરામખોરનું નામ પણ મારા મોઢે બોલાવશો નહીં. નાની ઉંમરમાં અમારા માતા-પિતા ગુજરી જતાં મેં મોટાભાઈ તરીકે મારૂં કર્તવ્ય સમજીને તેનું પાલન પોષણ કર્યું. ભણાવી ગણાવી ધંધે ચડાવી લગ્ન કરાવી આપ્યા. પરંતુ લગ્ન પછી પોતાની પત્નીની ઉશ્કેરણીથી પ્રેરાઈને તેણે મારી પાસેથી વધુ મિલકત પડાવવા માટે કોર્ટમાં કેસ માંડ્યો છે. એ નાલાયકે બધા ઉપકારો ભૂલી જઈને મારી ઉપર અપકાર કર્યો છે. એટલે હવે તો હું ય એને છોડીશ નહીં. મેં પણ એની સામે કેસ માંડ્યો છે. મારું ગમે તે થાય પરંતુ એકવાર તો એને બરાબર બોધપાઠ આપીશ કે કેટલી વીશીએ સો થાય છે.' ઈત્યાદિ આવેશમાં ઘણું બોલી ગયા પછી એ

ભાઈનો આક્રોશ કંઈક શાંત થયો ત્યારે કિરણભાઈએ તેમને કહ્યું કે, 'હવે આપણે મૂળ વાત ઉપર પાછા આવીએ. જુઓ તમે ભલે ૩૬ વર્ષમાં ઘણીય વિધિઓ કરી છે. પરંતુ હવે હું બતાવું તે વિધિપૂર્વક માત્ર છ જ મહિના તમે નવકારની આરાધના કરો અને તેનું પરિણામ જો ન દેખાય તો પછી તમે નવકાર દાદાને સોંપી દેજો તેની સાથે હું પણ નવકાર છોડી દઈશ!!!'

(પાછળ થી આ વાત કિરણભાઈએ પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.સા. પાસે રજુ કરી ત્યારે તેઓશ્રીએ એમને મીઠો ઉપાલંભ આપતા કહ્યું કે, 'આપણાથી નવકાર છોડી દેવાની વાત ન કરાય. પેલા ભાઈનો કોઈ નિકાચિત (અતિ ચીકણા) કર્મોનો ઉદય હોય અને તેને ફાયદો ન દેખાય તો શું આપણે નવકાર છોડી દેવાનો? 'આમ કહી તેમણે કિરણભાઈને હળવું પ્રાયશ્ચિત્ત પણ આપ્યું. પરંતુ નવકાર મહામંત્ર પ્રત્યેની અનન્ય શ્રદ્ધાથી જ તેમનાથી ઉપર મુજબ બોલી જવાયું હતું. તેમને પૂર્ણ ખાત્રી હતી કે બાહ્ય તથા આભ્યંતર વિધિ બરાબર જાળવીને નવકારની આરાધના કરવામાં આવે તો તેનું પરિણામ અચૂક દેખાય જ!)

પેલા ભાઈએ કહ્યું, 'મને લાગે છે કે નવકાર આરાધનાની પ્રસિદ્ધ અપ્રસિદ્ધ બધી જ વિધિઓ મેં અજમાવી લીધી છે. એટલે તમે જે પણ વિધિ બતાવશો તે પણ મેં કરી જ લીધી હશે. માટે નાહક આગ્રહ ન કરો. કંઈ વળવાનું નથી!'

કિરણભાઈએ કહ્યું, 'મને ખાત્રી છે કે હું બતાવવા માગું છું એ વિધિ તમે નહિ જ કરી હોય અને એ વિધિ તમે કરશો તો તમને નવકારની આરાધનાનું પરિણામ અચૂક મળશે જ. પરંતુ છ મહિના સુધી નિયમિત રીતે એ વિધિ કરવાનું તમે મને વચન આપો તો જ એ વિધિ હું તમને બતાવી શકું'

એમની આવી ગેરન્ટી પૂર્વકની વાત સાંભળીને પેલાભાઈએ વિચાર્યું કે ૩૬ વર્ષ નવકાર ગણ્યા તો ચાલો છ મહિના હજી પણ ગણી લઉં અને તેમણે કહ્યું કે, 'ભલે તમે કહેશો તે પ્રમાણે છ મહિના સુધી હું હજી પણ નવકારની આરાધના કરવા તૈયાર છું.'

ત્યારે કિરણભાઈએ કહ્યું, 'આમ તો એ વિધિ સરળ છે, છતાં પણ મને શંકા છે કે વિધિ સાંભળ્યા પછી કદાચ તમે એ વિધિ કરવા તૈયાર નહીં થાઓ.'

પેલા ભાઈએ કહ્યુ કે, 'હું ખાત્રી આપું છું કે તમે જે વિધિ બતારશો તે પ્રમાણે છ મહિના સુધી હું જરુર જ કરીશ જ !'

ત્યારે છેવટે વિધિ બતાવતાં કિરણભાઈએ કહ્યુ કે – જુઓ, વિધિ બે પ્રકારની હોય છે, એક બાહ્ય વિધિ, બીજી આભ્યંતર વિધિ.

ચોક્કસ દિશા, સ્થાન, આસન, માળા, મુદ્રા, ધૂપ, દીપ વિગેરે બાહ્ય વિધિમાં આવે, જ્યારે સર્વ જીવરાશિ પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય આદિ ભાવનાઓથી ભાવિત થયેલ અંતઃકરણ વગેરે આભ્યંતર વિધિમાં ગણાય .

તમે અત્યાર સુધીમાં બાહ્ય વિધિઓ તો અનેક પ્રકારની અજમાવી છે પરંતુ તેની સાથે જ આભ્યંતર વિધિનો સુમેળ સધાવો જોઈએ તેમાં ક્યાશ રહી ગઈ હોવાથી તમારી સાધના નિષ્ફળતામાં પરિણમી છે.

નવકાર મહામંત્રમાં જે પંચ પરમેષ્ઠી ભગવંતોને આપણે નમસ્કાર કરીએ છીએ તેમને જગતના જીવમાત્ર પ્રત્યે સર્વોત્કૃષ્ટ મૈત્રીભાવ હોય છે. એટલે જ્યાં સુધી આપણું ચિત્ત પણ સમસ્ત જીવરાશિ સાથે મૈત્રીભાવથી અધિવાસિત ન બને, બલ્કે એકાદ પણ જીવ સાથે દુશ્મનાવટનો ભાવ કે બદલો લેવાની વૈરવૃત્તિ કામ કરતી હોય ત્યાં સુધી પંચ પરમેષ્ઠી ભગવંતોની કૃપાને ઝીલવાની પાત્રતા આપણામાં આવતી નથી અને પાત્રતા વિના સાધનામાં સફળતા પણ શી રીતે મળે!

જેમ વ્યવહારમાં પોતાના શેઠને રોજ સવાર–સાંજ પગે લાગનાર તથા શેઠના કાર્યને સારી રીતે કરતા એવા પણ નોકરને જો શેઠના કોઈ અત્યંત પ્રિય સ્વજન પ્રત્યે દુશ્મનાવટનો ભાવ હોય તો તે નોકર શેઠનો કૃપાપાત્ર બની શકતો નથી, તેમ રોજ પાંચ–દશ બાધી નવકારવાળીના જાપ દ્વારા પંચ પરમેષ્ઠી ભગવંતોને સેંકડો–હજારો વાર નમસ્કાર કરતો આત્મા પણ પરમેષ્ઠી ભગવંતોને અત્યંત વ્હાલા એવા સર્વ જીવોમાંથી કોઈ એકાદ પણ જીવ પ્રત્યે વૈરભાવ રાખતો હોય તો પરમેષ્ઠી ભગવંતોનો કૃપાપાત્ર શી રીતે બની શકે?

માટે મારી તમને સર્વ પ્રથમ ભલામણ છે કે તમે તમારા નાનાભાઈ સાથે હાર્દિક ક્ષમાપના કરી લ્યો.

આટલું સાંભળતાં જ પેલા ભાઈ પુનઃ કંઈક આવેશમાં કહેવા લાગ્યા કે, 'નહિ, નહિ, એ કદાપિ નહીં બની શકે. વાંક એનો અને હું શા માટે ખમાવું? હું ખમાવવા જાઉં તો તો એનું જોર ખૂબ વધી જાય. અમે તો રસ્તામાં અચાનક સામસામે ભેગા થઈ જઈએ તો પણ અમારી આંખો કતરાય. અમે બંને જુદી જુદી શેરીમાં ફંટાઈ જઈએ. ત્યાં ખમાવવાનું શી રીતે શક્ય બની શકે? વળી કદાચ તમારા કહેવાથી હું ખમાવવા જાઉં તો પણ એ તો ખમાવવાનો નથી જ. બલ્કે ન સાંભળી શકાય તેવા શબ્દો જ સંભળાવવાનો છે. માટે મહેરબાની કરીને આ બાબતનો આગ્રહ ન રાખો તો સારું.'

કિરણભાઇએ કહ્યું 'જુઓ મેં તમને પહેલેથી જ કહ્યું હતું કે હું બતાવીશ તે વિધિ સરળ હોવા છતાં તમે કદાચ નહીં કરી શકો. પછી તમે ખાત્રી આપી ત્યારે જ મેં આ મહત્ત્વની વાત તમને જણાવી છે. હવે જો તમને આમ કરવામાં નાના ભાઇ તરફથી ક્ષમા મળવાની શક્યતા ન જ જણાતી હોય તો એક બીજી વિધિ તમને બતાવું છું તે તમારે અચૂક કરવી જોઇશે. તેમાં તમારે નાના ભાઇ પાસે જઇને ખમાવવાની વાત નહીં આવે, પરંતુ એ વિધિ પ્રમાણે કરવાનું વચન આપો તો જ હું તમને વિધિ બતાવું.' પેલા ભાઇ સંમત થયા. ત્યારે હવે કિરણભાઇ તેમને શું વિધિ બતાવે છે અને તેનું કેવું ચમત્કારિક પરિણામ આવે છે. તે આપણે આવતી કાલે વિચારીશું. આજે પત્ર લાંબો લખાઇ ગયો હોવાથી અહીં જ વિરમું છું.'

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# (૧૭)
# પર્યુષણ પર્વાધિરાજની પવિત્ર પ્રસાદી
## પત્રાંક -૪
## "પંચ પરમેષ્ઠીની પ્રાર્થનાનો પુનીત પ્રભાવ"

પ્રિય ચેતન,

સપ્રેમ ધર્મલાભ

તારો પત્ર મળ્યો. તું રસપૂર્વક પત્ર શ્રેણિ વાંચી રહ્યો છે તથા તારા મિત્રોને પણ વંચાવી રહ્યો છે તે જાણીને આનંદ.

ગઈ કાલના પત્રમાં અધૂરા રહેલા દ્દષ્ટાંતનો આગળનો રોમહર્ષક ભાગ વાંચવાની તારી ઇંતેજારી હોવાથી બીજું વિવેચન ન કરતા એ દ્દષ્ટાંતને જ આગળ ચલાવું છું.

કિરણભાઇએ પેલા ભાઇને સંબોધીને કહ્યું કે – "ભલે તમે નાનાભાઈ પાસે જઇને ક્ષમા માંગી ન શકો તો પણ તેના પ્રત્યે બદલો લેવાની તીવ્ર વાસના છે તેનું શક્ય તેટલું વિસર્જન કરીને, દરરોજ સવારે જાપ કરતી વખતે પ્રભુજીના ફોટાની બંને બાજુએ તમારા ભાઈ અને ભાભીના ફોટાને રાખીને એવી પ્રાર્થના કરો કે – "હું જે જાપ કરું છું તેનું જે ફળ હોય તે મારા ભાઈ–ભાભીને મળો !'... બસ, આ પ્રાર્થના કરીને તમારે શક્ય તેટલી એકાગ્રતા પૂર્વક એક બાંધી નવકારવાળીનો જાપ નિયમિત રીતે ૬ મહિના સુધી કરવો અને દર ૧૫ દિવસે મને અચૂક પત્ર લખીને તમને જે કોઇપણ અનુભવ થાય તેની જાણ કરવી."

પેલા ભાઈ વચનબદ્ધ હોવાથી, થોડી આનાકાની પછી છેવટે આમ કરવા તૈયાર થયા. એકબીજાનું સરનામું લઈ બંને છૂટા પડયા.

૧૫ દિવસ પછી પેલા ભાઇનો પત્ર કિરણભાઇને મળ્યો. તેમાં લખ્યું હતું કે, 'તમોએ બતાવેલી વિધિ પ્રમાણે જ રોજ નિયમિત જાપ કરું છું પણ હજી ખાસ કાંઈ જ અનુભવ થયો નથી.'

કિરણભાઈએ જવાબમાં લખ્યું – 'વાંધો નહીં, ફળ માટે અધીરા બન્યા વિના વિધિવત્ જાપ ચાલુ રાખો.'

ફરી વીસેક દિવસ બાદ પેલા ભાઈએ પત્રમાં જણાવ્યું કે "થોડા દિવસથી મને વિચાર સ્ફુર્યા કરે છે કે, "હે જીવ! તું તારા નાના ભાઈ ઉપર શા માટે ગુસ્સો કરે છે.

એનો કોઈ વાંક નથી. લગ્ન થયા પહેલાં તો એ ખૂબ આદરપૂર્વક વર્તતો હતો. લગ્ન બાદ પત્નીની ઉશ્કેરણીથી જ તેનું વર્તન બદલાયું છે. માટે ભાભીનો વાંક ગણાય પરંતુ ભાઈ તો નિર્દોષ છે. માટે તેના પ્રત્યે દ્વેષ રાખવો ઉચિત નથી.''

કિરણભાઈએ જણાવ્યું – 'સારી નિશાની છે. પ્રાર્થના અને જાપ ચાલુ રાખજો...' પંદરેક દિવસ બાદ ફરી પેલા ભાઈએ લખ્યું કે ''હવે મને થાય છે કે ભાભી ઉપર પણ દ્વેષ રાખવા જેવો નથી. દરેક જીવ કર્મને આધીન છે. વળી હે જીવ! તેં પૂર્વ ભવોમાં એમના પ્રત્યે પ્રતિકૂળ વર્તન કર્યું હશે માટે આજે એમને તારી પ્રત્યે આવું વર્તન કરવાનું મન થાય છે. એટલે હકીકતમાં વાંક તારો જ છે. બીજા કોઈનો જ નહીં, માટે કોઈના ઉપર પણ દ્વેષ રાખવા જેવો નથી.''

કિરણભાઈએ લખ્યું 'ખૂબ જ આનંદની વાત છે. તમારી નવકાર સાધના હવે સમ્યક્ રીતે થઈ રહી છે. આ જ રીતે પ્રાર્થના જાપ ચાલુ રાખજો.' ફરી કેટલાક દિવસો બાદ એટલે કે પ્રાર્થના જાપ શરૂ કર્યા ને લગભગ ચારેક મહિના થયા, ત્યારે પેલા ભાઈનો ૨૨ પાના ભરેલો વિસ્તૃત પત્ર કિરણભાઈ ઉપર આવ્યો! જેનો સારાંશ નીચે મુજબ છે.

''ખરેખર તમારો આભાર માનવા માટે મને કોઈજ શબ્દો મળતા નથી. તમોએ બતાવેલ વિધિ પ્રમાણે નવકારની સાધના કરતાં આજે સગા ભાઈઓ વચ્ચે વર્ષોથી ઊભી થયેલી દિવાલ સંપૂર્ણપણે દૂર થઈ ગઈ છે. મારા આનંદનો આજે પાર નથી.

વાત એમ બની છે કે થોડા દિવસ અગાઉ મને નવકારના પ્રભાવે એવી અંતઃસ્ફુરણા થઈ કે – 'હે જીવ! જો ખરેખર તને એમ સમજાય છે કે ભાઈ–ભાભીનો કાંઈ જ વાંક નથી. મારા જ કર્મોનો વાંક છે. તો પછી ભાઈ–ભાભી સાથે અબોલા તથા કોર્ટ કજિયા શા માટે જોઈએ? નાહક દુનિયાને તમાસો જોવા મળે, સમય અને સંપત્તિની બરબાદી થાય તથા ભવો ભવ વેરની પરંપરા ચાલે, એ શું ઈચ્છવા યોગ્ય છે? માટે હે જીવ! ગમે તે થાય પણ તું સામે ચાલીને તારા નાના ભાઈ–ભાભીને ખમાવી લે. તારા હૃદયના શુદ્ધ પશ્ચાત્તાપની જરૂર એમના પર અસર થશે જ અને પંચ પરમેષ્ઠી ભગવંતોની કૃપાના અચિંત્ય પ્રભાવે 'સહુ સારા વાના થશે.' અને મારી આ ભાવના મારી ધર્મપત્નીને જણાવતાં પ્રત્યુત્તર મળ્યો કે 'મને પણ છેલ્લા કેટલાક દિવસથી આવા જ વિચારો આવતા હતા. પરંતુ તમને આવી વાત ગમશે કે કેમ એવી શંકા થતી હતી. તેથી તમને જણાવી શકી નથી. પરંતુ આજે તમારા મુખેથી આવી વાત સાંભળીને

મને ખૂબજ આનંદ થયો છે.' આમ નવકારના પ્રભાવે અમારા બંનેની વિચારણા એક સરખી થયેલી જોઇ મેં કહ્યું, 'ચાલો ત્યારે તૈયાર થઇએ. ધરમના કામમાં ઢીલ કેવી?' અને અમે બંને ભાઇ–ભાભીના ઘરે જઇને તેમને ખમાવવા માટે અમારા ઘરમાંથી બહાર પગ મૂકવાની તૈયારી કરતા હતા ત્યાં જ બહાર રમવા ગયેલો અમારો બાબો દોડતો દોડતો આવીને કહેવા લાગ્યો 'પિતાજી, પિતાજી! કાકા–કાકી આપણા ઘરે આવી રહ્યા છે!'

મેં કહ્યું 'બને નહીં, તારી સમજફેર થતી હશે. એ તારા કાકા–કાકી નહીં, બીજા કોઇ હશે! અથવા કાકા–કાકી હશે તો તેઓ બીજે ક્યાંક જઇ રહ્યા હશે. આપણા ઘરે તેઓ આવે નહીં!'

બાબાએ કહ્યું, "બીજા કોઇ નહીં પણ કાકા–કાકી જ છે. એટલું જ નહી તેમણે પોતે જ મને કહ્યું છે કે તારા માતા–પિતાને જઇને ખબર આપ કે અમે તમારા ઘરે આવી રહ્યા છીએ !"

આ વાતચીત ચાલતી હતી ત્યાં જ મારા નાના ભાઇ–ભાભી ખરેખર અમારા ઘર તરફ જ આવી રહેલા જોવાયા. ક્ષણ વાર તો હું સ્તબ્ધ થઇ ગયો અને વિચારવા લાગ્યો કે 'હું આ શું જોઇ રહ્યો છું! ખરેખર આ સ્વપ્ન છે કે સત્ય?' મેં મારી જાતને ચૂંટી ખણી અને આ વાત સ્વપ્ન નહિ પણ સાચી હોવાની ખાત્રી કરી લીધી અને નાના ભાઇને ભેટવા માટે પગ ઉપાડ્યા. ત્યાં તો નાનો ભાઇ જ મારા પગમાં પડીને ધ્રુસકે ધ્રુસકે રડતાં કહેવા લાગ્યો– 'મોટા ભાઇ, મારો અપરાધ માફ કરો! આપના અગણિત ઉપકારોને ભૂલી જઇને સ્વાર્થાંધ બનીને પિતા તુલ્ય એવા આપની ઉપર મેં કોર્ટના કેસ માંડ્યા! અ..ર..ર..ર..! ધિક્કાર હો મને! ' ઇત્યાદિ બોલતાં બોલતાં તેના ગળે ડૂમો ભરાઇ ગયો.

ભાભીની આંખમાંથી પણ પશ્ચાત્તાપના આંસુઓનો શ્રાવણ ભાદરવો વરસી રહ્યો હતો. તેઓ પણ કહી રહ્યા હતા કે, 'ખરેખર વાંક તો મારો જ છે. મારી ઉશ્કેરણીથી જ આપના નાના ભાઇએ આપની સામે કેસ માંડેલ છે. ખરેખર પાપિણી એવી મેં સગા બે ભાઇઓ વચ્ચે ફૂટ પડાવી છે.ધિક્કાર હો મને!'

મેં બન્નેને બોલતાં અટકાવીને કહ્યું, 'તમારો વાંક નથી. વાંક મારો જ છે. છોરુ કછોરુ થાય પણ માવતર કમાવતર ન થાય, એ કહેવતને ભૂલી જઇ ને વડીલ એવા મેં ય તમારી સામે કેસ માંડયો છે. વડીલ તરીકેની મારી ફરજ અદા કરવામાં હું ભૂલ્યો છું. બહારથી અનેક પ્રકારની ધર્મ આરાધનાઓ કરવા છતાં અંદરથી હું પણ કષાયોની

ગુલામીને છોડી શકયો નથી પણ આજે કોઈ ધન્ય પળે પંચ પરમેષ્ઠી ભગવંતોની અચિંત્ય કૃપાથી અમને બંનેને અમારી ભૂલનું ભાન થયું છે અને અમે તમને ખમાવવા માટે આવવાની તૈયારી કરતા હતા, ત્યાં જ અણધાર્યા તમે બંને અહીં આવી પહોંચ્યા. ખેર, 'જાગ્યા ત્યાંથી સવાર અને ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણીએ' એ ઉક્તિ મુજબ ગઈ ગુજરી ભૂલી જઈને હળીમળીને રહેવાની શરૂઆત કરીએ. કહ્યું છે ને કે, 'સુબહકા ભૂલા અગર શામકો ઘર વાપિસ લૌટતા હૈ તો વહ ભૂલા નહીં કહા જાતા ! હવે આજનું ભોજન આપણે સાથે મળીને અહીં જ કરીએ.' અને બંને દેરાણી જેઠાણી સગી બેનની માફક હળીમળીને કંસાર બનાવવા લાગી . અમે બધાએ પ્રેમપૂર્વક એકબીજાને ખવડાવીને ખાધું.

ત્યાર બાદ નાના ભાઈએ કહ્યું, 'મોટા ભાઈ! આપે મારા પર અનેક ઉપકારો કર્યા છે, તેમ હજી પણ એક ઉપકાર કરવાનો છે.'

મેં કહ્યું, 'મેં કશો ઉપકાર નથી કર્યો, માત્ર મારી ફરજ અદા કરવા પ્રયત્ન કર્યો છે અને હવે પછી પણ મારા જેવું કાંઈ પણ કાર્ય હોય તો જરૂર જણાવજે.

નાના ભાઈએ કહ્યું, ' આપ જાણો છો કે મારો પુત્ર હવે ઉંમર લાયક થયો છે. ઘણી કોશિષ કરવા છતાં પણ તેના માટે કોઈ કન્યા આપવા રાજી નથી. માટે હવે આ કાર્ય આપેજ કરી આપવાનું છે.'

મેં કહ્યું, 'ભલે, હું પ્રયત્ન કરીશ' અને જણાવતા આનંદ થાય છે કે અમારા બંને વચ્ચે પૂનઃ સંપ થયાની વાત જોતજોતામાં ચોમેર પ્રસરતાં દશેક દિવસમાં જ સામેથી યોગ્ય કન્યાનું માગું આવ્યું અને મેં તેનો સ્વીકાર કર્યો. બંનેનો વેવિશાળ થવાની તૈયારી છે.

ખરેખર તમે મને ન મળ્યા હોત તો અચિંત્ય ચિંતામણી નવકાર મહામંત્ર પરની શ્રધ્ધાને હું ખોઈ બેસત અને કોણ જાણે વેરની અગન જવાળામાં હોમાઈને મારો આત્મા કઈ દુર્ગતિનો અધિકારી બની જાત! ખરેખર તમે મારા પરમ ઉપકારી ગુરૂ છો! મારે માટે તો સાક્ષાત્ ભગવાન છો.' કિરણભાઈએ જવાબમાં લખ્યું કે, આ બધો પ્રભાવ તમે ૩૬ વર્ષોથી દ્રવ્યથી પણ જે નવકાર જાપ કર્યો તેનો છે. તેના પ્રભાવે જ તમને સંમેલનના સમયે શંખેશ્વરજીમાં આવવાની ભાવના થઈ. હું તો નિમિત્તમાત્ર છું. બાકી ખરો પ્રભાવ તો પંચપરમેષ્ઠી ભગવંતોની અચિંત્ય કૃપાનો જ છે. માટે હવે યાવજ્જીવ શિવમસ્તુ સર્વજગતઃ ની પ્રાર્થનાપૂર્વક ઉત્તરોત્તર ચડતા પરિણામે

નવકારની સાધના ચાલુ રાખજો. એનાથી તમારો સર્વાંગીણ વિકાસ થશે.'

ચેતન! જોયું ને! ૩૬ વર્ષોથી નવકારની બાહ્ય અનેક પદ્ધતિઓથી સાધના કરવા છતાં પણ સગા ભાઈ પ્રત્યે બદલો લેવાની વૈરવૃત્તિ હતી. મૈત્રીભાવ રૂપી ફ્યુઝ ઊડી ગયો હતો તો અંતરમાં પ્રસન્નતા રૂપી પ્રકાશનો અનુભવ ન થયો. પરંતુ કિરણભાઈએ બતાવેલ પરમેષ્ઠીની પ્રાર્થના રૂપ પ્રયોગ દ્વારા મૈત્રીભાવનાનો ફ્યુઝ પુનઃ રીપેર થયો કે માત્ર ત્રણેક મહિનામાં જ કેવું ચમત્કારિક પરિણામ આવ્યું! માટે પ્રત્યેક સાધકે કોઈપણ ભોગે નિરપવાદપણે જીવમાત્ર સાથે મૈત્રી ભાવનાને આત્મસાત્ કરવી જ રહી. વિશેષ અગ્રે વર્તમાન, આજે બસ આટલું જ..

## (૧૮)

# પર્વાધિરાજ પર્યુષણની પવિત્ર પ્રસાદી

## પત્રાંક -૫

## 'શુભાશુભ ભાવોનો અજબ ગજબનો પ્રભાવ'!

પ્રિય ચેતન,

સપ્રેમ ધર્મલાભ. ગત બે પત્રોમાં વર્ણવેલ સત્ય ઘટનાની તારા ઉપર તેમજ અનેક મિત્રો ઉપર ખૂબજ સુંદર અસર થઈ છે અને તેં તથા તારા કેટલાક મિત્રોએ પરમેષ્ઠીને પ્રાર્થનાનો પ્રયોગ પણ શરુ કરી દીધો છે તે જાણીને ખૂબ જ આનંદ થયો છે. એ પ્રયોગમાં તમને સહુને શીઘ્ર સફળતા મળો એવી અંતરની શુભેચ્છા પાઠવું છું.

ચેતન! આપણને કોઈપણ વ્યક્તિ પ્રત્યે દ્વેષભાવ ન હોય છતાં પૂર્વ જન્મના તથા પ્રકારના ઋણાનુબંધને લીધે આપણા પ્રત્યે કોઈક જીવને એકપાક્ષિક દ્વેષભાવ હોય એવું પણ બની શકે છે. એવા પ્રસંગે આપણે જો આ રીતે પ્રાર્થનાનો પ્રયોગ કરીએ અને સામી વ્યકિતનો વાંક ન વિચારતાં પૂર્વભવમાં એના પ્રત્યેના આપણા જ પ્રતિકૂળ વર્તનને તે માટે જવાબદાર માનીને તે વ્યક્તિ પ્રત્યે અંતરમાંથી રોજ શુભ ભાવોનો પ્રવાહ વહેવડાવીએ તો એક દિવસ ચોક્કસ એવો આવે જ કે જ્યારે તે વ્યક્તિ આપણી શત્રુ મટીને જિગરજાન મિત્ર બની ગઈ હોય.

આપણી વાણી તથા વર્તનની અસર જેમ સામી વ્યક્તિ ઉપર થાય છે તેમ આપણા અંતરના માત્ર શુભાશુભ ભાવોની પણ કેવી અજબ ગજબની સામી વ્યક્તિ ઉપર અસર થાય છે તે જણાવવા માટે એક દૃષ્ટાંત રજુ કરું છું તે મનનપૂર્વક વાંચજે.

એક રાજા શિકારની પાછળ ઘોડો દોડાવતાં દોડાવતાં સાથીદારોથી વિખૂટો પડી ગયો. ભયંકર જંગલમાંથી પાછા નગરમાં જવાનો રસ્તો મળતો નથી. સખત ભૂખ તથા થાકને લીધે એક ઝાડ નીચે લમણે હાથ દઈને બેઠેલા ચિંતાતુર રાજાને જોઈને એના ભાગ્યયોગે આવી ચડેલા કઠિયારાએ રાજાને પોતાની સાથેના ભાથામાંથી ખાવા-પીવાનું આપ્યું અને નગરના રસ્તે ચડાવ્યો. આથી તે પરમ ઉપકારી કઠિયારાને કૃતજ્ઞ રાજાએ ચંદનનો બગીચો બક્ષિસમાં આપી દીધો. કઠિયારાનું ગુજરાન સહેલાઈથી ચાલવા લાગ્યું.

કેટલાક સમય બાદ એ રાજાનું આયુષ્ય પૂર્ણ થયું. રાજાના શરીરનો અગ્નિ

સંસ્કાર કરવા માટે પ્રધાને મોં માંગ્યા દામ આપીને એ કઠિયારા પાસેથી સારા એવા પ્રમાણમાં ચંદન ખરીદી લીધું. હોલસેલમાં પહેલીજ વાર આવો વેપાર થવાથી કઠિયારો ખુશ થયો. પાછળથી તેને ખબર પડી કે રાજાના શરીરનો અગ્નિસંસ્કાર કરવા માટે આટલા મોટા પ્રમાણમાં ચંદન ખરીદાયું હતું.

એ રાજાના સ્થાને નવા રાજાનો રાજ્યાભિષેક થયો. હવે કઠિયારાને મનમાં માનવ સુલભ સ્વાર્થવૃત્તિના કારણે દરરોજ રાત–દિવસ એવા વિચારો ઘોળાવા લાગ્યા કે ક્યારે આ નવો રાજા જલ્દી મૃત્યુ પામે તો ફરી પહેલાંની જેમ મારો હોલસેલમાં વેપાર થાય!

રાજ કચેરીની સામેજ રાજમાર્ગ હતો. પેલો કઠિયારો રોજ ત્યાંથી પસાર થતો. તે જોતો કે રાજાનું શરીર સૂકાયું છે કે નહીં!...

એક દિવસની વાત છે. રાજમાર્ગથી પસાર થતા કઠિયારાની દૃષ્ટિ અને રાજાની દૃષ્ટિ એકમેક થઈ અને તરતજ રાજાએ ગુસ્સામાં આવીને પ્રધાનને હુકમ કર્યો કે, 'હમણાં જ પેલા માણસને ફાંસીએ લટકાવી દ્યો.'

પ્રધાને તરત પેલા કઠિયારા પાસે જઇને પૂછપચ્છ કરતાં જાણવા મળ્યું કે કઠિયારાએ વાણી કે કાયાથી કાંઈ જ રાજા વિરૂધ્ધ આચરણ કર્યું નથી. પરંતુ મનમાં 'રાજાનું જલ્દી મૃત્યુ થાય તો સારું' એવા વિચારો ઘોળાતા હોવાને કારણે રાજા ઉપર તેની વિપરીત અસર થઈ હતી.

તેથી પ્રધાને તેને રાજાનો હુકમ સંભળાવીને છેવટે સાચી સલાહ આપી તે મુજબ કઠિયારો રાજાના મૃત્યુના વિચારોને તિલાંજલી આપીને હવે વિચારવા લાગ્યો કે - 'આ નગરનો રાજા દીર્ઘાયુષી થાઓ. રાજાના શત્રુઓનો ક્ષય થાઓ અને રાજાનો સર્વત્ર જય જયકાર થાઓ. રાજા સર્વ રીતે સુખી થાઓ'... ઈત્યાદિ...

ફરી કેટલાક દિવસો બાદ પેલાંની જેમ જ રાજાની દૃષ્ટિ કઠિયારા ઉપર પડી અને તરત રાજાએ પ્રધાનને હુકમ કર્યો કે – 'પ્રધાનજી, પેલા માણસને ૧ હજાર સોનામહોર ઈનામ આપી દ્યો!...

રાજાને ખુશમિજાજમાં જોઈને પ્રધાને પૂછ્યું – રાજન્! કૃપા કરીને આપ મને જણાવશો કે પેલા માણસે એવું શું સારું કાર્ય કર્યું છે કે જેના કારણે આપ એને આટલું ઈનામ અપાવવા તૈયાર થયા છો? રાજાએ કહ્યું – એ તો મને ખબર નથી પરંતુ એને જોતાં જ મને એમ થાય છે કે આ માણસ ભલો અને રાજ્યનો હિતેચ્છુ છે. તેથી તેને ઈનામ આપવાનું મન થયું છે.

ત્યારે પ્રધાને રાજા પાસેથી અભયવચન મેળવીને પછી ઘટસ્ફોટ કર્યો. ‘રાજન્! આ માણસ બીજો કોઈ નથી પરંતુ એજ છે કે જેને આપે થોડા દિવસ પહેલાં ફાંસીએ લટકાવવાનો હુકમ કર્યો હતો!’

આ સાંભળીને રાજાએ પોતાની આજ્ઞાનું પાલન નહિ કરવાનું કારણ પૂછતાં પ્રધાને બધો ખુલાસો કર્યો તે સાંભળીને પ્રધાનની બુધ્ધિમત્તા જોઈને રાજાએ ખુશ થઈને પ્રધાનને પણ સારો એવો શિરપાવ આપ્યો.

ચેતન ! જોયુંને ! આપણા શુભાશુભ ભાવોની કેવી અજબ ગજબની અસર સામી વ્યક્તિ ઉપર થતી હોય છે...!

અરે, મનુષ્ય ઉપર તો અસર થાય તેમાં કદાચ બહુ નવાઈ નહીં લાગે. પરંતુ પશુ–પક્ષિઓ તથા વનસ્પતિ ઉપર પણ શુભાશુભ ભાવોની ખૂબ ખૂબ અસર થાય છે. એમ આજના વૈજ્ઞાનિકોએ પણ પ્રયોગો દ્વારા સાબિત કર્યું છે.

હજારો ગાઉ દૂર રહેલી વ્યક્તિને થયેલા રોગને પણ ટેલીપથી પ્રયોપથી એટલે કે માત્ર એકાગ્ર ચિત્તે ‘તેને આરોગ્ય પ્રાપ્ત થાઓ’ એવા શુભ ભાવોનો પ્રવાહ એના પ્રત્યે વહેડાવવાથી મટાડી શકાય છે. એવા પ્રયોગો સફળ થયા છે – તો પછી આજ પદ્ધતિનો ઉપયોગ આપણે આપણા પ્રત્યે કોઈપણ વ્યક્તિના અંતરમાં રહેલા દુર્ભાવોને દૂર કરીને મૈત્રી સંબંધ સ્થાપવામાં કરીએ તો કેવું સારું થાય? શાંતિથી વિચારજે. વિશેષ અગ્રે વર્તમાન. સ્થળ સંકોચને લીધે આજે અહીં જ વિરમું છું. ૐ શાંતિઃ

।। शिवमस्तु सर्वजगतः । शुभं भवतु सर्वेषाम्।।

# (૧૯)
# પર્વાધિરાજ પર્યુષણની પવિત્ર પ્રસાદી
## પત્રાંક -૬
## 'ગુણથી ભરેલા ગુણી જન દેખી હૈયું મારું નૃત્ય કરે'

પ્રિય ચેતન,

સપ્રેમ ધર્મલાભ

પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વનો આજે છઠ્ઠો દિવસ છે. ગત પાંચ દિવસોમાં આપણે મૈત્રીભાવનાની મધુરતા અંગે કંઈક વિગતવાર વિચરણા કરી. હવે બાકી રહેલા ત્રણ દિવસોમાં આપણે પ્રમોદ, કરુણા તથા માધ્યસ્થ્ય ભાવના અંગે વિચારણા કરીશું.

ચેતન! બીજી ભાવનાનું નામ છે પ્રમોદ ભાવના અથવા મુદિતા ભાવના.

આપણા કરતાં વધારે સુખી કે સદ્‌ગુણી જીવોને જોઈને કે તેમની પ્રશંસા સાંભળીને, અહંકારથી પ્રેરાઈને ઈર્ષ્યા કે નિંદા ન કરતાં કે દોષદષ્ટિથી પ્રેરાઈને તેમનાં છિદ્રો જોવાનો પ્રયત્ન ન કરતાં અંતરમાં પ્રસન્નતા અનુભવવી, રાજી થવું અને અવસરોચિત તેમની વાણીથી ઉપબૃંહણા કરવી, પ્રશંસા કરવી તે પ્રમોદ ભાવનાનો વિષય છે.

ચેતન ! સામાન્યતઃ પોતાના કરતાં ચડિયાતા જીવોને જોઈને ઈર્ષ્યા કરવાની જીવની અનાદિ કાળની કુટેવ છે અને ઈર્ષ્યાના કારણે આ જીવ અંદરમાં બળ્યા કરે છે. પછી સામી વ્યક્તિના છિદ્રો જોઈને તેની ટીકા કરવા પ્રેરાય છે. પરિણામે સામા જીવ ઉપર પણ તેની વિપરીત અસર થવાથી વૈમનસ્ય ઊભું થાય છે અને કેટલીકવાર વૈરની પરંપરા સર્જાય છે. જીવ દુર્ગતિમાં ચાલ્યો જાય છે.

કુંતલા નામની રાણી જિનેશ્વર ભગવંતની ખૂબ ભક્ત હતી.પરિણામે તેની ભક્તિની ખૂબ પ્રશંસા થતી હતી. પરંતુ જ્યારે તેમની શોકયોની જિનભક્તિની એના કરતાંય વધુ પ્રશંસા થવા લાગી ત્યારે તેમના પ્રત્યે ઈર્ષ્યાથી પ્રેરાઈને તેમના છિદ્રો જોઈને તેમની નિંદા કરવાની એક પણ તક જતી કરતી ન હતી. પરિણામે મનુષ્ય જન્મને હારી જઈને એજ રાજમહેલમાં કુતરી તરીકે ઉત્પન્ન થઈ, શોક્યોને જોઈને ભસવા લાગતી અને કરડવા દોડતી.

જ્ઞાની ભગવંત પાસેથી એનું રહસ્ય જાણીને શોક્યોએ તેને પ્રેમથી પ્રતિબોધ પમાડવા કોશિષ કરી. આખરે તે જાતિસ્મરણ જ્ઞાન પામી અને પૂર્વજન્મમાં કરેલ ઈર્ષ્યા બદલ પશ્ચાત્તાપ કરવા લાગી. !!!

**નયશીલસૂરિજી**, પોતાના શાસન પ્રભાવક શિષ્યની ઉપબૃંહણા ન કરતાં ઈર્ષ્યા કરવા લાગ્યા તેથી તેઓ પણ કાળધર્મ પામીને સાપ બન્યા.

સિંહની ગુફા પાસે ચાર-ચાર મહિના સુધી મૈત્રીભાવપૂર્વક નિર્ભયતાથી કાઉસ્સગ્ગ મુદ્રામાં ઊભા રહેલા મુનિ પણ પોતાના ગુરુ ભાઈ સ્થૂલિભદ્ર મહામુનિ કે જેમણે રૂપકોશા નામની પૂર્વપરિચિત વેશ્યાને ત્યાં નિર્વિકારપણે ચાતુર્માસ ગાળી તેને પ્રતિબોધીને શ્રાવિકા બનાવેલ - તેમની, ગુરૂમુખેથી પોતાના કરતાં વધુ પ્રશંસા સાંભળીને ઈર્ષ્યા કરવા લાગ્યા અને બીજા વર્ષે ગુરૂઆજ્ઞાની ઉપરવટ જઈને સ્થૂલિભદ્ર મહામુનિથી પોતાની જાતને ચડિયાતી સાબિત કરવા ગયા તો રૂપકોશાને જોતાં જ ક્ષણવારમાં જ તેમનું માનસિક અને વાચિક પતન થયું અને જો રૂપકોશાએ તેમને યુક્તિપૂર્વક બોધ પમાડયો ન હોત તો પરિણામ શું આવત !!!

માટે જ આવા ખતરનાક ઈર્ષ્યા અને નિંદા રૂપ દોષોને કારણે આ લોકમાં અશાંતિ અને પરલોકમાં દુર્ગતિથી બચાવી લેવા માટે જ્ઞાની ભગવંતો, 'થોડલો પણ ગુણ પર તણો, દેખીને હર્ષ મન આણ રે.' ઈત્યાદિ શબ્દો દ્વારા આપણને પ્રમોદ ભાવનાથી આત્માને ખૂબ ખૂબ ભાવિત કરવાનું જણાવે છે.

ચેતન ! એક વાત સમજી લે કે ગુણવાન બનવું હજી કદાચ સહેલું છે પરંતુ ગુણાનુરાગી અને ગુણાનુવાદી બનવું બહુ જ કઠીન છે. બીજાના ગુણાનુવાદ કરવાનું ત્યારે જ શક્ય બને જયારે અહંકાર પાતળો પડયો હોય અને ગુણદ્રષ્ટિ વિકસિત થયેલી હોય.

હજારો રૂપિયાનું દાન આપનાર પણ ઘણીવાર બીજાના લાખો રૂપિયાના દાનની ભરપેટ અનુમોદના નથી કરી શકતો. પરંતુ સામી વ્યક્તિના અનીતિ આદિ દોષોને જ મોટું સ્વરૂપ આપી તેની ટીકા કરતો થઈ જાય છે.

માટે જ કહ્યું છે કે -

परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ?

બીજાના પરમાણુ જેટલા સદ્‌ગુણોને પર્વત સમાન માનીને પોતાના હૃદયમાં આનંદ અનુભવતા સંતો આ જગતમાં કેટલા હોય છે ? થોડા જ...

ચિત્તમાં કોઈપણ પ્રકારનો સંકલેશ હોય તે વખતે જો તેને પ્રમોદ ભાવનામાં

જોડી દેવામાં આવે, અરિહંત આદિ પંચપરમેષ્ઠિ ભગવંતોથી માંડીને ક્રમશઃ વ્રતધારી કે સમકિતી શ્રાવક-શ્રાવિકાઓ, સમ્યગ્દ્રષ્ટિ દેવ-દેવીઓ તથા તિર્યંચો તેમજ ભદ્રિક પરિણામી માર્ગાનુસારી મંદમિથ્યાત્વી મનુષ્યોની જિનાજ્ઞાનુસારી સર્વ શુભ પ્રવૃત્તિઓની અનુમોદના કરવામાં ચિત્તને રમતું કરાય તો સંકલેશ ક્યાંય અદશ્ય થઈ જાય અને ચિત્તમાં અદ્‌ભુત પ્રસન્નતા પથરાયા વિના રહે નહિ. માટે જ પંચસૂત્રકાર ચિરંતન આચાર્ય ભગવંત તો સંક્લેશનાં સમયમાં વારંવાર તથા તે સિવાય પણ ત્રિકાળ સર્વ જીવોના સુકૃતની અનુમોદના કરવાનું જણાવે છે.

બીજાના સદ્‌ગુણો તેમજ સત્કાર્યોની અનુમોદના કરવાથી સામી વ્યક્તિમાં સત્કાર્યો કરવાનો ઉત્સાહ વૃધ્ધિ પામે છે. આપણા પ્રત્યે સદ્‌ભાવ ઉત્પન્ન થાય છે તથા આપણામાં પણ સદ્‌ગુણો આવે છે, વૃધ્ધિ પામે છે તથા તે તે સત્કાર્ય કરવાનું આપણને પણ બળ મળે છે.

'કરણ કરાવણ ને અનુમોદન, સરિખા ફલ નીપજાયો' એ ઉકિત મુજબ દુનિયામાં જેટલા પણ સુકૃતો થયા છે, થઈ રહ્યા છે અને થશે તે સઘળાયની ભરપેટ સમ્યક્ અનુમોદના કરવાથી આપણને પણ તેટલો લાભ થઈ શકે છે.

મહાતપસ્વી બલભદ્રમુનિ તથા તેમને ભાવથી ભિક્ષા વહોરાવનાર કઠિયારો તથા બંનેની ભરપેટ અનુમોદના કરતું હરણ, એ ત્રણે જણ પાંચમા દેવલોકની એક સરખી સદ્‌ગતિ પામ્યા એ દષ્ટાંત સુપ્રસિધ્ધ છે.

ચેતન! આજે પણ પૂર્વના મહાપુરુષોની મીની આવૃત્તિ જેવા અનેક આરાધક-સાધક ગુણવાન આત્માઓ વિદ્યમાન છે. જેવા કે - (૧) સગપણ થયા પછી અને લગ્નની પૂર્વે સજોડે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારીને ૧૦ વર્ષ સુધીના લગ્નજીવનમાં પણ ભાઈ-બહેનની જેમ નિર્મળ જીવન જીવીને પછી સંયમી સાધુ-સાધ્વી બનનારા આત્માઓ આ કાળમાં વિદ્યમાન છે (૨) વર્ધમાન આયંબિલ તપની ૩૪૦ ઓળી કરનારા. (૩) ૫૧ વર્ષોથી વર્ષીતપ કરનારા (૪) જે દિવસે સામાયિક ન થાય તેના બીજા દિવસે ૧૦ હજાર રૂપિયા દેરાસરના ભંડારમાં નાખનારા (૫) રોજ ૩-૪ સાદા દ્રવ્યો સ્વયં રાંધીને ચોવિહાર અવઠ્ઠ એકાસણું યાવજ્જીવ કરનારા. આવા અનેક *આશ્ચર્ય અને આનંદ ઉપજાવે તેવા દષ્ટાંતોનું સંકલન કરીને 'બહુરત્ના વસુંધરા, ચાલો અનુમોદના કરીએ,'* પુસ્તક તું અચૂક નીચેના સરનામેથી પુસ્તક મેળવીને વાંચજે. તારું હૈયું પ્રમોદભાવથી પુલકિત થઈને આનંદ વિભોર બન્યા વિના રહેશે નહિં.

સરનામું : સોલીસીટર હરખચંદભાઈ કુંવરજી ગડા, ૧૦૨, લક્ષ્મી એપાર્ટમેન્ટ, એનીબેસન્ટ રોડ, વરલી નાકા, મુંબઈ – ૪૦૦ ૦૧૮.

બસ ચેતન, સ્થળ સંકોચને લીધે આજે અહીંજ વિરમું છું કાલે કરુણા ભાવના વિષે વિચારીશું.

ૐ શાતિ :

(તા.ક. : વિક્રમ સંવત ૨૦૫૧ માં વડોદરામાં ચાતુર્માસ દરમ્યાન વર્તમાન પત્રમાં છપાયેલ લેખ માળા માંથી કરુણા તથા માધ્યસ્થ્ય ભાવના વિશે લેખ હાલ અનુપલબ્ધ હોવાથી છાપેલ નથી.)

# (૨૦)
# પત્રાંક -૭

## ક્ષમાનો દિવ્ય સદ્ગુણ કેળવવાની અમોઘ ચાવી સ્વદોષ દર્શન - પર ગુણ દર્શન (Positive Thinking- સવળી વિચારણા)

પર્વાધિરાજ શ્રીપર્યુષણ મહાપર્વનું પ્રાણરૂપ કર્તવ્ય હોય તો તે છે 'ક્ષમાપના'. જો સમ્યક્ પ્રકારે ઉત્કૃષ્ટ ભાવથી ક્ષમા માગવામાં આપવામાં કે રાખવામાં આવે તો કેવલજ્ઞાન પ્રગટાવવાની અમોઘ તાકાત ધરાવે છે. પરંતુ એવી સાચી ક્ષમાપનાનું આદાન-પ્રદાન તો જ શક્ય બને કે જ્યારે પાયામાં સ્વદોષદર્શન અને પરગુણદર્શન જેવા બે મહાન સદ્ગુણો વિદ્યમાન હોય.

એક હાથે તાળી વાગતી નથી તેમ ઓછે વત્તે અંશે ઉભયપક્ષે ભૂલ થયા વિના ઉભય પાક્ષિક વેરબંધન થતું નથી. જો આપણે અહંકારને અળગો કરીને આપણી ભૂલનું દર્શન અને બીજાના ગુણોનું કે ઉપકારનું દર્શન કરીને તેનો સ્વીકાર કરતાં શીખીએ તો આવી સાચી ક્ષમાપના શક્ય અને સહજ બની શકે છે. ચાલો આપણે વિવિધ દૃષ્ટાંતોમાંથી પ્રેરણા મેળવીને સ્વદોષ દર્શન - પરગુણદર્શનની કળા દ્વારા ક્ષમાના દિવ્ય સદ્ગુણોને આત્મસાત કરીને કૈવલ્યદશા પ્રકટીકરણની દિશામાં આગળ વધીએ.

### (૧) ચંદનબાલા અને મૃગાવતીજીની ક્ષમાપના :

એક વખત જ્યોતિષી દેવોના ઇન્દ્ર, ચન્દ્ર અને સૂર્ય પોતાના મૂળ વિમાન દ્વારા ભગવાન શ્રી મહાવીરસ્વામીને વંદન કરવા આવ્યા (આ ઘટના ૧૦ અચ્છેરા (આશ્ચર્ય) પૈકીની એક છે.) તેમના પ્રકાશના કારણે સાંજે પણ મધ્યાહ્ન સમય જેવું અજવાળું રહ્યું. ચોથા પ્રહરની દેશના શ્રવણ કરીને તેઓ જ્યારે પાછા ગયા ત્યારે એકાએક અંધારું છવાઈ ગયું. દેશના સાંભળવા આવેલા સાધ્વીજી ચંદનબાલા અપ્રમત્ત અને સમયજ્ઞ હોવાથી સમયસર ઊઠીને ઉપાશ્રયે પહોંચી ગયા હતા. પરંતુ તેમના શિષ્યા મૃગાવતી સાધ્વીજીને ખ્યાલ ન રહેતાં ઉપાશ્રયે પહોંચતાં અંધારું થઈ ગયું હતું. તેથી ગુરૂણીજીએ ઠપકો આપ્યો કે, 'તમારા જેવા કુલીન સાધ્વીજીએ અંધારું થઈ જાય ત્યાં સુધી ઉપાશ્રયથી બહાર રહેવું ઉચિત ન ગણાય.' આ સાંભળીને

મૃગાવતી સાધ્વીજીએ પોતાનો બચાવ કરવા માટે પૂરતો અવકાશ હોવા છતાં જરાપણ દલીલ ન કરી. પરંતુ સ્વદોષદર્શન કર્યું કે– 'અહો! હું કેવી પ્રમાદી! ઉપકારી એવા ગુરૂણીજીને મેં કેટલી ચિંતા કરાવી.' ઇત્યાદિ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માંગતાં ઘાતી કર્મોના ક્ષય દ્વારા તેમને કેવલજ્ઞાન થઇ ગયું!

રાત્રે અંધારામાં આવી રહેલા સર્પને કેવલજ્ઞાન દ્વારા જાણીને, ગુરુણીજીને બચાવવા માટે તેમના હાથને સંથારા પર મૂકવા જતાં જાગી ગયેલા ચંદનબાલા સાધ્વીજીને ખબર પડી કે શિષ્યાને કેવલજ્ઞાન થઇ ગયું છે. એટલે તરત–'અહો! મેં કેવલજ્ઞાનીને ઠપકો આપીને આશાતના કરી'! ઇત્યાદિ સ્વદોષદર્શન પૂર્વક ક્ષમાપનાના ભાવમાં રમતા એવા તેમને પણ કેવલજ્ઞાન પ્રગટ થઇ ગયું! તેઓ બંને જણા ધારત તો પોતાની મામુલી ભૂલનો બચાવ જોરદાર રીતે કરી શકત. પરંતુ જો તેમ કર્યું હોત તો તેમને કેવલજ્ઞાન પ્રગટ થાત ? – હરગીજ નહિ.

(૨) ચંડરૂદ્રાચાર્ય અને તેમના શિષ્યની ક્ષમાપના :

'મહારાજ! આને દીક્ષા લેવી છે. આપી દ્યો દીક્ષા !' આવા પ્રકારની ચુવાનો દ્વારા કરાચેલી મશ્કરીથી ગુસ્સે થચેલા ચંડરૂદ્રાચાર્યશ્રીએ નવપરિણીત ચુવાનના મસ્તકનો લોચ કરી નાખ્યો. પરંતુ ભદ્રિક પરિણામી એ ચુવાને સવળું જ વિચાર્યું. પોતાનો સંસારના કીચડમાંથી બહાર કાઢનાર આચાર્ય ભગવંતને પરમોપકારી માન્યા અને પોતાના સ્વજનો દ્વારા સંભવિત કનડગતથી તેમને બચાવવા ખભા ઉપર બેસાડી, સંધ્યા સમચે બીજા ગામ તરફ જતાં અંધારામાં ખાડા ટેકરાવાળી જમીનને લીધે આચાર્યશ્રીને તકલીફ પડવા લાગી. તેથી ગુસ્સે થઇને તેઓ શિષ્યને કઠોર શબ્દો દ્વારા ઠપકો આપવા પૂર્વક મસ્તક પર દંડ પ્રહાર કરવા લાગ્યા. છતાં પણ હળુકર્મી એવા તે શિષ્યે આચાર્ય ભગવંતનો વાંક ન વિચારતાં પોતાના નિમિત્તે આચાર્ય ભગવંતને થઇ રહેલી અશાતાનો વિચાર કરી ક્ષમાપનાનો ભાવ હૃદયમાં ધારણ કરી પશ્ચાત્તાપ કર્યો તો તેમને કેવલજ્ઞાન થઇ ગયું! તેથી હવે તેઓ સમતલ રસ્તેથી ચાલવા લાગ્યા. આથી આચાર્ય ભગવંતને ખ્યાલ આવ્યો કે શિષ્યને કેવલજ્ઞાન પ્રગટ થઇ ગયું છે, ત્યારે શિષ્યના ખભા ઉપરથી નીચે ઉતરીને 'અહો! મેં કેવલજ્ઞાનીની આશાતના કરી' ઇત્યાદિ સ્વદોષદર્શન અને શિષ્યના ગુણદર્શન કરતાં ક્ષમાપનાના ભાવ દ્વારા ક્ષપકશ્રેણિ મંડાઇ જતાં ઘાતી કર્મોનો ક્ષય થતાં તેમને પણ કેવલજ્ઞાન પ્રગટ થઇ ગયું !...

(૩) શેલકાચાર્ય અને પંથકની ક્ષમાપના :

શેલક રાજાએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. અનુક્રમે ૫૦૦ શિષ્યોના ગુરુ એવા તેઓ શેલકાચાર્ય તરીકે વિખ્યાત થયા. પરંતુ કર્મ સંજોગે ઉત્પન્ન થયેલ વ્યાધિની ભક્તિભાવે કરાતી ચિકિત્સા દરમ્યાન રસકસવાળા આહારની લાલસા ઉત્પન્ન થઈ જતાં અત્યંત પ્રમાદી બની ગયા. રસકસવાળો આહાર ભરપેટ વાપરીને દિવસ–રાત કલાકો સુધી ઊંઘ્યા જ કરે. પ્રતિક્રમણ–પડિલેહણ આદિ આવશ્યક ધર્મ ક્રિયાઓમાં પણ શિથિલતા આવી ગઈ. પરિણામે તેમના ૪૯૯ શિષ્યો પોતાના સંયમ પરિણામોની રક્ષા ખાતર અન્યત્ર વિહાર કરી ગયા. પરંતુ પંથક મુનિ નામે તેમના મુખ્ય સુવિનીત શિષ્ય તેમની સાથે જ ચોમાસું રહે છે. અને ગુરુ મહારાજના ઉપકારને જ નજર સમક્ષ રાખીને તેમના પ્રત્યે જરાપણ દુર્ભાવ ન લાવતાં તેમની દરેક પ્રકારે સેવા કરતા રહ્યા. ચોમાસી પ્રતિક્રમણ કરવાને બદલે શેલકાચાર્ય સૂઈ ગયા તો પણ પંથક મુનિ તેમના પ્રત્યે અસદ્ભાવ ન લાવતાં સ્વયં ચોમાસી પ્રતિક્રમણ કરવા લાગ્યા. પ્રતિક્રમણની વિધિ મુજબ ગુરુ મહારાજને અબ્ભુટ્ઠિઓ ખમાવવા માટે, તેમના ચરણ પર ધીમેથી હાથ રાખતાં જાગી ગયેલા આચાર્યશ્રીએ કઠોર શબ્દોમાં શિષ્યને ઠપકો આપ્યો તો પણ સુવિનીત શિષ્યે ગુરુના દોષ ન વિચારતાં પોતાનો જ વાંક વિચારી નમ્ર શબ્દોથી ગુરુની ક્ષમા માંગી. આથી ગુરુને પણ પોતાના પ્રમાદ બદલ અત્યંત પશ્ચાત્તાપ થતાં કઠોર પ્રાયશ્ચિત્ત સ્વીકારી અપ્રમત્તપણે સંયમ પાળી આખરે સિધ્ધગિરિ પર અણશણ સ્વીકારી મોક્ષને પામ્યા.

(૪) શરીર રાખથી ખરડાવા છતાં ગુરુની સવળી વિચારણા :

બહુમાળી બિલ્ડીંગના ઉપરના માળેથી કોઈ બાઈએ પોતાને બિનજરૂરી એવી રાખ, જોયા વિના જ ઉતાવળથી નીચે ફેંકી. રસ્તા પરથી પસાર થઈ રહેલા ગુરુ શિષ્ય ઉપર રાખ પડતાંજ ધુઆંફુઆં થયેલો શિષ્ય બાઈને ઠપકો આપવા માટે ઉપર ચડવા લાગ્યો. ત્યારે ગુરુએ કહયું – 'વત્સ! પાડ માનીએ પ્રભુનો કે આપના ઉપર માત્ર ઠંડી રાખ જ નાખી છે. બાકી આપણું વર્તન તો એવું છે કે આપણી ઉપર ધગધગતા અંગારા જ વરસવા જોઈએ. આ તો શૂળીની સજા સોયથી જ પતી ગઈ. આટલી વાતમાં જો આપણે ક્રોધિત થઈ જઈએ તો પછી આપણામાં અને સંસારી જીવોમાં શો ફરક !' સ્વદોષ દર્શનમાંથી નીકળેલી ગુરુવાણી સાંભળીને શિષ્ય પોતાના ક્રોધ બદલ શરમિંદો બની ગયો અને ક્ષમા માંગી શાંત થયો. Positive Thinking (સવળી વિચારણા) નું કેવું સુખદ પરિણામ !!!

(૫) સંત એકનાથનો ક્ષમાભાવ :

ગંગા સ્નાન કરીને પાછા ફરી રહેલા સંત એકનાથ ઉપર કોઇ મુસલમાન જાણી જોઇને થુંકે છે. જરા પણ ગુસ્સે થયા વિના સંત પાછા ગંગાસ્નાન કરવા ગયા. બીજીવાર પણ એ મુસલમાન થુંકે છે, તો પણ ગુસ્સે થયા વિના સંત ફરી સ્નાનાર્થે પાછા ગયા. આમ ૨૧ વાર મુસલમાન થુંકે છે તો પણ સંત ગુસ્સે ન થયા ! ત્યારે મુસલમાન પગે પડીને માફી માંગે છે. સંત તેને ધન્યવાદ આપતાં કહે છે કે–' આમ તો હું એવો આળસુ છું કે રોજ ફક્ત એક જ વાર સ્નાનથી પતાવું છું. પણ તમે મને આજે ૨૧ વખત પવિત્ર ગંગાસ્નાન કરવાની તક આપી તે બદલ તમારો આભાર!' આથી મુસલમાનને પોતાની ભૂલ બદલ પારાવાર પશ્ચાતાપ થયો અને તે ખરેખર સજ્જન બની ગયો!...

(૬) સંત તુકારામની સવળી વિચારણા :

અત્યંત ક્રોધી સ્વભાવની પત્નીના હુકમથી શેરડીના સાંઠા ખરીદીને ઘરે પાછા ફરી રહેલા સંત તુકારામે રસ્તામાં બાળકો પ્રત્યેની પ્રેમલાગણીથી તેમને શેરડીના સાંઠા વહેંચી આપ્યા. બાકી રહેલ એક સાંઠો લઇને પત્નીને આપતાં ગુસ્સે થયેલ પત્નીએ તેમના બરડામાં જોરથી સાંઠો ફટકાર્યો! ત્યારે ભાંગીને નીચે પડેલા ટુકડાને ઉપાડીને હસતાં હસતાં તુકારામે કહ્યું કે – 'અહો! મારા પ્રત્યે તારી કેટલી ભલી લાગણી છે ! તું મારી અર્ધાંગની હોવાથી એકલા ખાવાનું તને પસંદ ન પડ્યું તો હવે તારી અપેક્ષા મુજબ એક ટુકડો હું ખાઉં છું, બીજો ટુકડો તું ખા'!... આ સાંભળતાં જ પત્નીના રોષનું બાષ્પીભવન થઇ ગયું! સંત તુકારામ પ્રાર્થના કરતાં કહેતા કે – 'ઓ દયાળુ ઇશ્વર! મારા ઉપર તારી કેટલી કૃપાદષ્ટિ છે કે તેં મને ઘરમાં જ એવું નિમિત્ત આપ્યું છે કે જેથી મને સંસારમાં આસક્તિ જ ન થાય અને હું તારું નિરંતર ભજન કર્યા કરું. કેવી સમ્યક્ વિચારણા !!!

આ ઉપરાંત પણ (૭) કૂરગડુ મુનિ (૮) ગજસુકુમાલ મુનિ (૯) મહેતારજ મુનિ (૧૦) ખંધક મુનિ વિગેરેના સુપ્રસિધ્ધ દષ્ટાંતો પણ આ વિષયના અનુસંધાનમાં સમ્યક્ પ્રકારે વિચારી તેમાંથી બોધપાઠ ગ્રહણ કરી સ્વદોષ દર્શન–પરગુણદર્શન રૂપ **Positive Thinking** (સવળી વિચારણા) ની કળા દ્વારા સાચી ક્ષમાના દિવ્ય સદ્ગુણને આત્મસાત્ કરી આ લોક તથા પરલોકમાં સુખી થઇ સહુ શીઘ્ર શાશ્વત સુખના ભોકતા બનો એજ મંગલ ભાવના. ૐ શાતિઃ

।। शिवमस्तु सर्वजगतः ।।

## (૨૧)

## "શું પ્રતિજ્ઞા એ બંધન છે ???"

## (" પ્રતિજ્ઞા (નિયમ) લઈએ અને તૂટી જાય એના કરતાં પ્રતિજ્ઞા ન લેવી સારી" ઈત્યાદિ બોલનારાઓ આટલું તો જરૂર વિચારે. )

આજે ઘણાં આત્માઓ "પ્રતિજ્ઞા (નિયમ) લેવાની શી જરૂર છે?"..." અમે તો પ્રતિજ્ઞા લીધા વિનાજ અમુક રીતે વર્તીશું, પરંતુ પ્રતિજ્ઞા તો નહિ લઈએ!"... " પ્રતિજ્ઞા એ તો બંધન છે!"..." પ્રતિજ્ઞા લઈએ અને પછી ભાંગી જાય એના કરતાં પ્રતિજ્ઞા ન લેવી સારી"... ઈત્યાદિ માનતા-બોલતા કે પ્રચારતા જેવા મળે છે.

તેઓએ આટલું જરૂર વિચારવું ઘટે કે – જેમ વ્યવહારમાં પણ રેડિઓ કે ટી.વી. વગેરે મનોરંજનના સાધનો ઘરમાં વસાવ્યા પછી કદાચ ૧૨ મહિના સુધી તેનો ઉપયોગ બિલકુલ ન થાય તો પણ જો લાયસન્સ રદ્દ ન કરાવ્યું હોય તો ૧૨ મહિનાને અંતે તેનો ટેક્સ ભરવો જ પડે છે. મકાન ભાડે લીધા પછી સંયોગવશાત્ તેનો ઉપયોગ ન કરી શકવા છતાં પણ મકાન વિધિપૂર્વક પાછું સુપ્રત ન કર્યું હોય તો તેનું ભાડું ભરવું જ પડે છે. તેવી જ રીતે દુનિયામાં થઈ રહેલાં અગણિત પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ ન કર્યો હોય ત્યાં સુધી ગમે તે પળે ગમે તે પાપ કરી નાખવાની શક્યતા ખુલ્લી રહેલી હોવાથી તે પાપ ન કરવા છતાં પણ તે નિમિત્તે કર્મબંધ ચાલુ જ રહે છે. માટે જ તો નિગોદ (અનંતકાય-અનંત જીવોનું એકજ સૂક્ષ્મ શરીર)નાં જીવો હિંસા, અસત્ય, ચોરી, મૈથુન જેવા કોઈ પણ પ્રકારનાં વ્યક્ત (સ્પષ્ટ) પાપો ન કરતા હોવા છતાં પણ પ્રતિજ્ઞાપૂર્વક પાપોનાં ત્યાગના અભાવ (અવિરતિ) થી થતા કર્મનાં આશ્રવથી તેઓને અનંતકાળ સુધી નરક કરતાં પણ અનંતઘણા દુઃખોવાળી નિગોદમાં જન્મ-મરણ કરવા પડે છે. વળી પૃથ્વીકાય આદિ એકેન્દ્રિય જીવો મુખ ન હોવાથી કવલાહાર (મુખ દ્વારા કોળિયા રૂપે આહાર ગ્રહણ કરવો તે ) કરી શકતા નથી. તેમ છતાં પણ પ્રતિજ્ઞા (વિરતિ)ના અભાવે ઉપવાસનું પુણ્ય પામી શકતા નથી અને અસંખ્ય વર્ષો સુધી તેમને એકન્દ્રિય યોનિઓમાં જ જન્મ-મરણ કરવા પડે છે. માટે અવિરતિ (પાપો ન કરવાની પ્રતિજ્ઞાનાં અભાવ) થી થતા નિરર્થક કર્મબંધથી બચવા માટે પ્રતિજ્ઞા એ ખૂબ જ જરૂરી છે.

વ્યવહારમાં પણ વેપારનાં અને સ્કુલ–કોલેજોનાં, હોટલો અને સિનેમા ટોકીઝોનાં, ક્લબો અને જીમખાનાઓનાં, રેલ્વે અને બસોનાં, ટપાલખાતા અને બેન્કોનાં, કોર્ટ કચેરીઓ અને મ્યુનિસિપાલીટીનાં, રેશનીંગ અને દૂધ કેન્દ્રોનાં, મંડળો અને સોસાયટીઓનાં અનેક નિયમોને ડગલે–પગલે આધીન રહી જીવન જીવનારો માનવી માત્ર ધાર્મિક નિયમોને જ બંધન રૂપ કહી તેની ઉપેક્ષા કરે તો એવા એ ભારેકર્મી માનવીની માત્ર ભાવ–દયા ચિંતવવા સિવાય બીજો ઉપાય પણ શું હોઈ શકે ???

વળી 'પ્રતિજ્ઞા લઈએ અને ભાંગી જાય તો ?' એમ કહેનારા મૂઆ પહેલાં જ મોકાણ માંડે છે. પ્રતિજ્ઞા લીધા પહેલાંજ ભાંગી જવાની વાત કરનારાઓ " રોતો જાય એ મૂઆની જ ખબર લાવે" એ લોકોક્તિને ચરિતાર્થ કરનારા છે. પરંતુ તેઓ સાંસારિક કાર્યોમાં આવુ કશુંજ વિચારતા નથી કે – " પ્લેનમાં બેસી ફોરેન (પરદેશ) જાઉં તો છું પણ અધવચ્ચેજ વિમાન સળગી જશે તો? હજારો રૂપિયા ખર્ચીને ડોક્ટર, વકીલ કે એન્જિનીયર આદિની ડિગ્રીઓ પ્રાપ્ત કરવા માટે ભણું છું તો ખરો પણ તે ડીગ્રીઓ મળ્યા પછી હું તરત જ મરી જાઉં તો મારા બધાજ પૈસા અને સઘળીયે મહેનત નકામી તો નહિ જાય ને ? મકાન તો બંધાવું છું પણ ધરતીકંપના આંચકાથી પડી જશે તો? દુકાન તો ખોલું છું પણ દેવાળું નીકળશે તો ? દીકરી પરણાવું તો છું પણ થોડા જ વખતમાં વૈધવ્ય આવશે તો ? સ્ત્રીને પરણું તો છું પણ થોડાજ વખતમાં મરી જાય અને બધો ખર્ચ નકામો જાય તો?

ઉપરોક્ત બધાજ પ્રસંગોમાં જો આવી રીતે ભવિષ્યના નુકશાનના વિકલ્પો કરવામાં આવે તો સંસારનું એક પણ કાર્ય બની શકે નહિ.

વેપારમાં નુકશાની આવશે તો ? એવી શંકાથી વેપારને જ નહિ કરનારો ધન પ્રાપ્તિના લાભને મેળવી શકતો નથી....મરી જવાના ભયથી જે ભણતો જ નથી તે જિંદગીભર અભણ રહી જાય છે, તેવી જ રીતે પ્રતિજ્ઞા લઉં અને ભાંગી જાય તો? એવી ખોટી આશંકાથી પ્રતિજ્ઞા નહિ લેનારો પ્રતિજ્ઞાથી (પાપોનો અટકાવરૂપ) થતા લાભથી સદાને માટે વંચિત રહી જાય છે, અને આ ચંચળ મનુષ્યભવનું ક્ષણભંગુર આયુષ્ય પૂર્ણ થતાં દુર્ગતિમાં ધકેલાઈ જાય છે. માટે પ્રત્યેક સુજ્ઞ પુરુષોએ ઉપરોક્ત પ્રકારનાં માનસિક કુવિકલ્પોને દૂર કરી, પ્રતિજ્ઞાથી થતા લાભોનો વિચાર કરી યથાશક્તિ પ્રતિજ્ઞા સ્વીકારી તેનું સુંદર રીતે પાલન કરવા માટે તત્પર રહેવું જોઈએ.

જેમ ઘરમાં ઉપરના માળે ચઢવા માટે રાખેલી નિસરણી ઉપરથી પગ લપસતાં કોઈ પડી જાય તો પણ નિસરણી કાઢી નંખાતી નથી પરંતુ પડવાથી થયેલ જખમને રૂઝાવવા માટે મલમપટ્ટી કરાવી બીજીવાર નિસરણી પર ચડતી વખતે વધારે સાવધાની રાખવામાં આવે છે.

તેવીજ રીતે સુંદર રીતે પાલન કરવાના શુભ ઈરાદાપૂર્વક લીધેલી કોઈપણ પ્રતિજ્ઞાનો કદાચ કયારેક કોઈક તીવ્રતમ અશુભ કર્મનાં ઉદયથી કે શરતચૂકથી ભંગ પણ થઈ જાય તો પણ તરત ગુરુમહારાજને નિખાલસતા પૂર્વક જણાવી પ્રાયશ્ચિત્ત સ્વીકારી શુદ્ધ બની ફરીથી વધારે સાવધાની પૂર્વક તે પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે પુરુષાર્થ કરવો જોઈએ.

પરંતુ ભાંગી જવાના ઈરાદાથી પ્રતિજ્ઞાને જ નહિ સ્વીકારનારો માણસ તો ખરેખર કબજીયાતના ભયથી ભોજન ત્યાગ કરનારાની પેઠે, કે જુ-લીખ પડવાના ભયથી કપડાને જ શરીર પર નહિ પહેરનારની પેઠે- હાસ્યાસ્પદ જ ગણાયને ???

વળી કેટલાક આત્માઓ કેવળ અધ્યાત્મની કોરી વાતો કરી, કહેવાતી ધ્યાન અને યોગની પ્રક્રિયાઓને કે કેવળ પ્રાર્થનાને જ વધારે પડતું મહત્ત્વ આપી વ્રત-પચ્ચક્ખાણ તરફ તદ્દન અરૂચિ દર્શાવે છે. કેટલાક તો-

"વ્રત નહિ, પચ્ચક્ખાણ નહિ, નહિ ત્યાગ કોઈ વસ્તુનો;
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણાંગ જોઈ લો."

ઈત્યાદિ કોઈક અપેક્ષાથી કહેવાયેલા ઉપરોક્ત પ્રકારનાં વાકયોને આગળ ધરી, શ્રેણિક આદિનાં દૃષ્ટાંત આપી કહે છે કે શ્રેણિક મહારાજાને કોઈપણ જાતનું વ્રત-પચ્ચક્ખાણ કે કોઈપણ વસ્તુનો ત્યાગ ન હોવા છતાં પણ તેઓ પરમાત્માશ્રી મહાવીરદેવ પ્રત્યેની અનન્ય શ્રધ્ધા-ભક્તિના પ્રતાપે આવતી ચોવીસીમાં પદ્મનાભ નામે તીર્થંકર થશે. ઠાણાંગ નામે ત્રીજું અંગસૂત્ર આ વાતની સાક્ષી પૂરે છે, માટે પચ્ચક્ખાણ લેવાની કોઈ જરૂર નથી."

તે આત્માઓએ પણ જરૂર વિચારવું ઘટે કે ઉપરોક્ત શ્લોક કેવળ ભક્તિયોગનું માહાત્મ્ય વર્ણવવા માટે જ કહેવાયું છે. નહિ કે વ્રતપચ્ચક્ખાણનો નિષેધ કરવા કે તેની ઉપેક્ષા કરવા. વળી શ્રેણિક મહારાજા તો પૂર્વે બાંધેલા તથા પ્રકારનાં નિકાચિત અપ્રત્યાખ્યાનીય કષાય મોહનીય કર્મના ઉદયથી વ્રત-

પચ્ચક્ખાણ લઈ શકતા નહોતા કે કોઈપણ વસ્તુનો ત્યાગ કરી શકતા ન હતા પરંતુ તેમના હૃદયમાં તો વિરતિ (પ્રતિજ્ઞા) ધર્મ અને વિરતિધરો પ્રત્યે ભારોભાર બહુમાન હતું, જરાપણ અરૂચિ કે ઉપેક્ષા ન હતી અને પોતે પ્રતિજ્ઞા ન લઈ શક્યા બદલ તેમના અંતરમાં ખૂબજ પશ્ચાત્તાપ રહ્યા કરતો હતો. તેથીજ તેઓ પ્રતિજ્ઞા પ્રત્યેના સાપેક્ષ *ભાવપૂર્વક પરમાત્મભક્તિનાં પ્રતાપે તીર્થંકર થવાના છે. નહિ કે વ્રત–પચ્ચક્ખાણ* પ્રત્યે ઉપેક્ષા હોવા છતાં પણ...

વળી તે જ ભવમાં અવશ્ય કેવલજ્ઞાન પામી, તીર્થંકર બની, મોક્ષે જનારા અને ગૃહસ્થ અવસ્થામાં પણ મોટે ભાગે સતત આત્મધ્યાનમાં લીન રહેનાર એવા ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાનશ્રી મહાવીરસ્વામીએ પણ જે જગત–પ્રસિદ્ધ મહા પ્રતિજ્ઞા લીધી હતી અને જેના પ્રભાવે પ મહિના અને ૨૫ દિવસના ઉપવાસના અંતે પ્રતિજ્ઞાની બધીજ શરતો પૂર્ણ થવાથી ચંદનબાળાના હાથે તેમનું પારણું થયું હતું એ વાત પણ ધ્યાન આદિની વાતો કરી વ્રત પચ્ચક્ખાણની ઉપેક્ષા કરનારા આત્માઓએ ખાસ વિચારવા જેવી છે. વળી દરેક તીર્થંકર ભગવંતોને દીક્ષા લેતી વખતે ''કરેમિ સામાઈયં'' ઈત્યાદિ યાવજ્જીવ સામાયિકની ભીષ્મ પ્રતિજ્ઞાનો ઉચ્ચાર કરતાંની સાથે જ પરમ વિશુદ્ધ અધ્યવસાયો થવાથી અત્યંત નિર્મળ એવું મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન ઉત્પન્ન થાય છે એ બાબત પણ પ્રતિજ્ઞાની મહત્તાને સમજવાને માટે પૂરતી નથી શું ?

માટે બહુ વિસ્તારથી સર્યું.

દરેક આત્માઓ આ લેખ મનન પૂર્વક વાંચી વિચારી, પ્રતિજ્ઞા કે નિયમ અંગેની શાસ્ત્રવિરુદ્ધ માન્યતાઓને મગજમાંથી દેશવટો આપી વિધેયાત્મક અને નિષેધાત્મક નિયમોમાંથી યથાશક્તિ નિયમોનો સ્વીકાર કરી તેનું સુંદર રીતે પાલન કરી દેવદુર્લભ માનવભવને સફળ બનાવે એ જ શુભેચ્છા.

## (૨૨)
## ગિરનાર મંડન શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન

(વિ.સં. ૨૦૫૦માં સર્વ પ્રથમવાર ગિરનારજી મહાતીર્થની ચતુર્વિધ સંઘ સાથે ૯૯ યાત્રાનું ૯૦ દિવસીય આયોજન પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલ ત્યારે આ સ્તવનની રચના થયેલ. – પ્રકાશક)

(રાગ : સુણો શાંતિ જિણંદ સોભાગી)

નિરખ્યા નેમિ જિણંદ ગિરનારી, મુજ મન ઉપન્યો હર્ષ બહુ ભારી;
ભવ ભ્રમણનો થાક નિવારી, થઈ યાત્રા અતિ સુખકારી. નિરખ્યા. (૧)
પ્રભુ નવ ભવ નેહ નિવારી, તજી રાજુલ રમણી સારી;
વર્યા શિવવધૂ બહુ લટકાળી, તો યે બાલ્ય થકી બ્રહ્મચારી. નિરખ્યા. (૨)
સુણી પશુડાના પોકારી, પ્રભુ કરુણા દિલમાં ધારી;
લીધો રથને પાછો વાળી, તજી રાજ્ય થયા અણગારી. નિરખ્યા. (૩)
પ્રભુ આવ્યા ગઢ ગિરનારી, સહસાવનમાં કાઉસ્સગ્ગ ધારી;
ચોપન દિન કીધી સાધના સારી, થઈ અપ્રમતને અવિકારી. નિરખ્યા. (૪)
મહા મોહ માયા મદ મારી, ઘન ઘાતિયા કર્મને ટાળી;
થયા કેવલજ્ઞાનના ધારી, ધર્મ તીર્થ પ્રવર્તનકારી. નિરખ્યા (૫)
રથનેમિને રાજુલ તારી, કીધા કૈ'કને સંયમધારી;
અષાઢ સુદિ આઠમ સારી, વર્યા મુક્તિ વધૂ મનોહારી. નિરખ્યા (૬)
કામ ક્રોધ દાવાનલ ઠારી, આપો સમતા સુખડી સારી;
જેથી થાઉં ભવોદધિ પારી, નહિ વિસરું કદી ઉપગારી. નિરખ્યા (૭)
ગુણસાગર ! પ્રભુ ! મનોહારી, આપો આશિષ એહવી સારી;
મહામોહ ઉદયને નિવારી, થાઉં આત્મ "મહોદય" કારી. નિરખ્યા (૮)


દિવ્ય કૃપા
આજ્ઞા - આશીર્વાદ
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી
ગુણસાગરસૂરીશ્વરજી
મહારાજા
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી
ગુણોદયસાગરસૂરીશ્વરજી
મહારાજા
શુભાશીર્વાદ
સંઘવત્સલ પ.પૂ.આ.ભ.શ્રી
કલાપ્રભસાગરસૂરીશ્વરજી
મ.સા.
અજોડ શાસનપ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રી
કવીન્દ્રસાગરસૂરીશ્વરજી
મ.સા.
જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી
વીરભદ્રસાગરસૂરીશ્વરજી
મ.સા.
રચયિતા
આગમાભ્યાસી પ.પૂ.આ.ભ. શ્રી
મહોદયસાગરસૂરીશ્વરજી
મ.સા.



# નૂતન જિનાલય





શ્રી. ક.વી.ઓ. જૈન સંઘ – અંબરનાથ